॥ શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ॥

જય શ્રી પુરુષોત્તમ

# મુક્તની શિક્ષાપત્રી
# તથા
# શ્રી ગુરુ જ્ઞાન ગીતા



**અક્ષરાતીત શ્રી પ્રગટ પુરુષોત્તમ**

**શ્રી પ્રગટ પુરુષોત્તમ મંદિર**
મુ.પો. બાકરોલ, તા.જી. આણંદ - ૩૮૮૩૧૫.
ફોન : (૦૨૬૯૨) ૨૩૮૧૭૩, ૯૪૨૭૦ ૬૩૨૭૧

સંપાદક : **શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળ (ભાદરણ - બાકરોલ સંસ્થાન)**

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન છે.

તૃતીય સંવર્ધિત આવૃત્તિ : **પ્રત - ૧૩૦૦ (કુલ પ્રત ૩૨૦૦)**

સંવત : **૨૦૬૮ તારીખ : ૩-૩-૨૦૧૨**

**જન્મ શતાબ્દી વર્ષ**

મૂલ્ય : **રૂા. ૧૦/-**

પ્રાપ્તિ સ્થાન : **શ્રી પુરુષોત્તમ મંદિર, બાકરોલ,**
**શ્રી પુરુષોત્તમ નારાયણ મંદિર, ભાદરણ**

મુદ્રક : **વિપુલ પ્રિન્ટર્સ,** ૧૪, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ, અમદાવાદ - ૪. ફોન : ૨૫૬૨૨૪૬૨



# નિવેદન

અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ અક્ષરધામના અધિપતિ સ્વયં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આ મૃત્યુલોક વિષે અક્ષરધામ, અક્ષરધામના મુક્તો તથા અન્ય ગૌલોકાદિક ધામના અનંતકોટિ મુક્તો સહિત અનંત જીવોના કલ્યાણને અર્થે તથા ભક્તોના લાડકોડ પુરા કરવા અત્રે પધાર્યા : પોતે ''સ્વામિનારાયણ સંપ્રદાય''ની સ્થાપના કરી. પોતાના આશ્રિત સર્વે સત્સંગીઓને વર્તવાના નિયમોરૂપે ''શિક્ષાપત્રી'' પ્રસિદ્ધ કરી. પોતે અંતર્ધ્યાન થયા પછી પોતાનું ''પુરુષોત્તમ પણું'' અક્ષરધામ - મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી (જુનાગઢ)ને સોપ્યું ત્યારબાદ શ્રી પ્રાગજી મહારાજ (મહુવા), શ્રી પુરુષોત્તમ મહારાજ (ભાદરણ), શ્રી નારાયણમુનિ મહારાજ (ભાદરણ) તથા વર્તમાનકાળે બાકરોલ નિવાસીશ્રી ડાહ્યાભાઈ મહારાજ દ્વારે (માં) પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ વિચર્યા. જે હાલ મૂર્તિ દ્વારે પણ એમ જ પ્રગટ અને પ્રત્યક્ષ દર્શન આપીને, ધ્યાન-ધારણા-સમાધિ કરાવીને ધર્મધૂરા વહન કરાવી રહ્યા છે.

ભાદરણ શ્રી પુરુષોત્તમ મહારાજે પૂર્ણ પ્રતાપ દેખાડ્યો ને મુક્ત-મુમુક્ષુઓને ભીડામાં રાખી મોક્ષનો સરળ માર્ગ ચિંધ્યો. સ્વ-હસ્ત લિખિત મુક્તની શિક્ષાપત્રી દ્વારા શિક્ષા આપી. અતિ ઉચ્ચ કોટિનું જ્ઞાન આપ્યું. જે જ્ઞાનામૃત, વિજ્ઞાનામૃત, લીલાસાગર, રસધારાજેવા પ્રસિદ્ધ શાસ્ત્રથી જાણી શકાય છે. અહીં ''મુક્તની શિક્ષાપત્રી'' ગદ્ય-પદ્યમાં તથા ગુરુજ્ઞાન ગીતા (ગોવિંદભાઈ માસ્તર લિખિત) તથા શિક્ષાપત્રીના નિયમો, શ્રી ડાહ્યાભાઈ મહારાજ લિખિત આધ્યાત્મિક જ્ઞાન તથા નિત્ય બોલાતાં પદો, ભજનોનો પણ સમાવેશ છે. જે શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળની તથા (યુવા) સેવા મંડળની માંગણીને ધ્યાનમાં લઈ પ્રસિદ્ધ કરવામાં આવી. જેને સાથે રાખી મુક્ત-મુમુક્ષુઓ નિત્ય વાંચન કરી જીવનમાં ઉતારશે. તેને જરૂર અક્ષરધામની પ્રાપ્તિ થાશે તથા જે કોઈ આનું પૂજન કરશે તેનું પણ જરૂર પરમ કલ્યાણ થાશે. એ જ વિનંતી સહ જયશ્રી પુરુષોત્તમ.

પ્રકાશક

– શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર ટ્રસ્ટ

– શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ



# અનુક્રમણિકા


૧. મંગલાચરણ ............................ ૮

૨. મુક્તની શિક્ષાપત્રી (પદ્યમાં) ................ ૧

૩. મુક્તની શિક્ષાપત્રી (ગદ્યમાં) ............... ૧૦

૪. શ્રી ગુરુજ્ઞાન ગીતા ....................... ૧૯

૫. ગુરુ ગોવિંદ જ્ઞાન ગીતા.................... ૪૯

૬. શ્રી ડાહ્યાભાઈ મહારાજનું આધ્યાત્મિક જ્ઞાન ... ૬૨

૭. સ્તુતિ .................................. ૭૮


## ભજનો


૧. વંદન કરીએ શ્રી હરિ તમને.................. ૮૭

૨. ધર્મકુંવર હરિકૃષ્ણજી તમે ભક્તપતિ ભગવાન ૮૮

૩. મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં... ૮૯

૪. મોહનનું (૨) મંગળ મુખ જોયું ............ ૯૦

૫. નટવરની (૨) મેં મુરતી નિરખી ........... ૯૧
૬. વાલો આવ્યો છે મારે ઘેર રે ................ ૯૧
૭. મોક્ષ માર્ગના શાસ્ત્ર છે જેહ ................ ૯૩
૮. હું તો શું કહું રે આ તો પ્રગટ પ્રભુજી ........ ૯૭
૯. ભલે આવ્યા પ્રગટ ભગવાન ............... ૯૮
૧૦. લાખો-કરોડો વાતોમાંથી સાર વાત .......... ૯૯
૧૧. જય જય સ્વામી, અંતરજામી (સ્તુતિ).... ૧૦૦
૧૨. શોભો છો શ્યામ તમે સારા રે ........... ૧૦૩
૧૩. અક્ષરધામના રાજાધિરાજ ............... ૧૦૪
૧૪. આજ મારે આનંદની હેલી રે ............ ૧૦૭
૧૫. કરજોડી કરું વાલા વિનંતી ............... ૧૦૯
૧૬. નથી બીજા કોઈ આવા રે................ ૧૧૧
૧૭. વચનામૃત વાલાનારે સુણવા (પ્રભાતિયું) . ૧૧૨



૧૮. હે મહારાજા મહેર કરીને આપો .......... ૧૧૩
૧૯. મારા વાલાની મનહર મૂરતી ............. ૧૧૪
૨૦. બાકરોલમાં મંદિર બાંધ્યું તમે ............ ૧૧૬
૨૧. સંતો પ્રીત કરીને મારા પ્રભુજી પધાર્યા .... ૧૧૮
૨૨. હું તો કહું છું સંતો તમારે કારણે ......... ૧૨૦
૨૩. જો જો સખી આજ લાભ છે બમણો ...... ૧૨૩
૨૪. આ પાટે બેઠા પુરુષોત્તમ................. ૧૨૬
૨૫. આવાને આવા ગિરધારી, મુજ આગે રહેજો.. ૧૨૭
૨૬. દયા કરીને દર્શન દો છો ................ ૧૨૮

## મંગલાચરણ
### દોહરા

ધામી અક્ષર ધામના રે, સહજાનંદ સુખરૂપ વાલા
સદા રહે સત્સંગમાં રે, પ્રગટ પ્રમાણ સ્વરૂપ વાલા
ગુણાતીતાનંદ નામના રે, સંત રૂપે ભગવાન વાલા
વિચરી રહ્યા સત્સંગમાં રે, દેવા દર્શન દાન વાલા
પ્રાગજી ભક્ત શિરોમણી રે, મહુઆ ગામની માંય વાલા
તે દ્વારે પ્રભુ વિચર્યા રે, ઓળખાયા નહિ કાંય, વાલા
પ્રેમે ત્યાંથી પરવાર્યા રે, પ્રભુ પુરુષોત્તમ પુર વાલા
અનંત જીવને ધામમાં રે, લઈ જવાને જરૂર વાલા

### શાર્દુલ વિક્રિડીત

માટે હે પ્રભુજી તમે કરી દયા, બુદ્ધિ મને આપજો,
શાંતિકારી સભા સઉ કરી કૃપા, કષ્ટો બધાં કાપજો,
જેથી હું ગુણ ગાન તો પ્રભુજીના, ગાઉં ઘણી પ્રીતથી,
લીલા પ્રાણપતિ પ્રભુ પ્રગટની, જે થાય બહુ રીતથી.

निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्ति कृष्णस्य सर्वदा ॥

### અનુષ્ટુપ

અક્ષરાત્મા પરબ્રહ્મ, પુરણ પુરુષોત્તમ,
વિનવું કર જોડીને, સહાય કરજો સદા.



# મુક્તની શિક્ષાપત્રી
## (પદ્ય)
## તરંગ - ૫૪
### દાંડી

સકળ જગત કરણ ધરણ ધારનારા,
અકળ વિકળ પ્રબળ શરણ રાખનારા,
અજબ ગજબ ગરવ સરવ ટાળનારા,
નમન નમન નમન નાથ હે અમારા ૧

### શાલિની

શિક્ષાપત્રી મુક્તની મોક્ષકારી, પુરુષોત્તમજી હસ્ત લેખી ઉતારી,
એકાંતિકી ભક્ત અર્થો બતાવે, ત્યારે તેનો ભાવ પૂરો જ આવે ૨

### રાગ (ગાથાનો)

નિરાહાર કહેતા વિષય સુખનો, ત્યાગ કરો એમ જાણજો રે,
માયિક સુખ ભોગવવું નહિ, એવું મને દ્રઢ આણજો રે. ૩
ભગવદ્ ગીતાનો અધ્યાય બીજો, ઓગણસાઠમો શ્લોક છે રે,
વાંચી જોતાં સર્વે સમજણ પડશે, માયિક સુખ ભોગ ફોક છે રે. ૪
ખાવાની વાત કરી છે વાલમજી, થોડું થોડું ખાવું વિચારી રે,
એક વખતનું બંને વખતમાં, ખાવું દ્રઢ ટેકને ધારી રે. ૫

પૂછેલા પ્રશ્નના ઉત્તર આપો, ભેદ તેનો કહું વર્ણવી રે,
ઉપયોગ જેટલો વહેવાર વાતે, વણ ખપનો ન કાઢો ચવી રે. ૬
જ્ઞાનની વાતે તો શાસ્ત્ર પ્રમાણે, હા પડે તેમ તે આવો રે,
પણ વધિકું બોલવું નહિ, વિચારીને બોલ કાઢવો રે. ૭
વધિકો શબ્દ સાંભળવો નહિ, વધિકું કરવું નહિ કાંઈ રે,
એવા ઘણા પરકારના ભેદો, શરત રાખવા સમજી રે. ૮
અખંડ મટકા રહીત રહેવું, સ્થિર રાખવી વરતી રે,
સદ્વિચાર કહેતા દેહ આત્મા, જુદા છે એમ જાણો નક્કી રે. ૯
મોઢે તથા મને ભજન કરવું. બહાર તથા આતમા માંહી રે,
એ બે પ્રકારે ધ્યાન જ કરવું, એ વિના પળ ન પાડવી રે. ૧૦
એ ચારમાંથી ગમે તે એક, અખંડ રાખવું વિચારી રે,
વહેવાર કરવો ત્યારે જાણવું, સો વર્ષ જીવવું છે વળી રે. ૧૧
એવું જાણીને ચોક્કસ રીતે, કરવો દ્રઢ વિચારીને રે,
ભક્તિ કરવી ત્યારે જાણવું, જાશે આ દેહ જ પડીને રે. ૧૨
છાણે લીંપીને ભોંય સુવાર્યો, હોય એવું મને માનવું રે,
સ્થિર મન થાય ત્યારે જ ભાઈ, જીવન મુક્તિમાં ભળવું રે. ૧૩
મુક્ત જેને થાવું હોય જ તેને, અટકી પડે જ એટલો રે,
દહાડે તથા રાતે વહેવાર કરવો, દેશ કાળે થાય જેટલો રે. ૧૪
બાકીની ઉપાધિ ત્યાગ જ કરવી, અવશ્ય વેઠ ઉતારવી રે,



સત્ત્વગુણ જ્યારે વરતે ત્યારે, હરિ મૂર્તિ ધ્યાન ધારવી રે. ૧૫
નાસ્તિકપણાના ઘાટ જ ભૂંડા, રજ તમ માંહી થાય છે રે,
ભગવાનનો છેડો નહિ આવે, જાણી મન અકળાય છે રે. ૧૬
રજ તમમાં તેથી બહાર ધારો, કાં કરો કથા કીરતન રે,
સત્વ ગુણ માંહી સુખ જ વરતે, કામાદિ, ઘાટ શમે મને રે. ૧૭
વાસના સર્વે દબાઈ જાય, આનંદ ઉર ઉભરાય છે રે,
ત્રણ દેહ થકી જુદો જ વરતે, શાસ્ત્ર વિધી વરતાય છે રે. ૧૮
રજ તમમાં ખોટા સંકલ્પ થાય, રોકે દેહ જવા દે નહિ રે,
પ્રથમ ચોસટના પરમાણે, પીંડ બ્રહ્માંડ છે મૂરતી રે. ૧૯
તેમાં જે આપણે દોષ પરઠીએ, એ દોષ પિંડમાં આવશે રે,
માટે સમગ્ર પિંડ બ્રહ્માંડ, નિર્દોષ છે એમ જાણજો રે. ૨૦
સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત એ છે, ભગવાન સત્ય જગત મિથ્યા રે,
વિષય ખોટા એ ત્રણ જાણી, દહાડો કાઢવા કરો કથા રે. ૨૧
તથા સામાને સારુ વાંચો, શાસ્ત્ર બધાં રચ્યાં તે સારું રે,
ભગવાનને વશ કરવા માટે, પ્રહ્લાદે યુદ્ધને આદર્યું રે. ૨૨
લડાઈ અનેક યુગજ ચાલી, વશ થયા નહિ વાલમો રે,
ભગવાન બોલ્યા મૂરતી મારી, ધાર સદા મને ધ્યાનમાં રે. ૨૩
આ લોકના તાળે પાર ના આવે, અવસ્થા પૈસા મનુષ્યની રે,
દિવસે દિવસે વધ ઘટ થાય, જ્ઞાન વળી દીન જામની રે. ૨૪

ત્યારે ફરી જાય મનડું ભાઈ, માટે આ લોકનું ઠેલવું રે,
જે સમે જેમ બને એમ સારું, આઘુ પાછુ ન વિચારવું રે. ૨૫
કારણ વિચારેલું નથી રહેતું, હરિ ઈચ્છા બળવાન છે રે,
અશુભ સંકલ્પ ધ્યાનમાં થાય, બંધ રાખે ગુણવાન છે રે. ૨૬
બંધ ન રહે તો ઉપાય બીજો, કથા વારતા કીરતન રે,
ઉત્તમ સંકલ્પ કહેવાય એ તો, વારે વારે વિચારો મને રે. ૨૭
ગાફલમાં છે ચોર ગુજારો, દેહ આતમ વહેવારમાં રે,
માટે નિરંતર શરત રાખો, અંતર બહાર વિચારમાં રે. ૨૮
ખબરદાર રહી દરવાજે, સાચવો શાસ્ત્ર વિધિ ધન રે,
છેલ્લાનું નવમું વિચારે રાખો, સવળી વાત સદા મન રે. ૨૯
સાધુ થાવું હોય ભગવાન સાધી, સામ દામ ભેદ રાખવો રે,
પીંડ બ્રહ્માંડ વહેવાર ચલવવો, દંડનો ત્યાગ જ કરવો રે. ૩૦
પોતાને ભણવું શીખવું ભાઈ, પોતાના કલ્યાણ કારણે રે,
સામો આવે જો સંગ જ કરવા, ભણાવવો શાસ્ત્ર પ્રમાણે રે. ૩૧
તે સમે ભગવાન ઉપાડે એવું, જ્ઞાન કરો સુખદા સદા રે,
આ લોક પરલોક કલ્યાણ કર્તા, ગોઠવી નવ રાખો કદારે ૩૨
જ્ઞાન કરવું ત્યારે એવું જ કરવું, દેહ ઈન્દ્રિ મનની પાર રે,
સામાના જીવમાં દઢ કરીને, ચોટે ન નીકળે તે બહાર રે. ૩૩



સાંભળવું ત્યારે તાકીને જોવું શું કહે છે ગુરુજી વેણરે,
છીપની મચ્છીના મોંઢાની પેઠે, અમૃત બિંદુ સમાં કહેણરે. ૩૪
મેઘની ગર્જના સમાન વાણી, કાટકા જેવી ન બોલવી રે,
સુણીને સામાને ફીટકાર લાગે, પાપ લાગે વાત તોળવી રે. ૩૫
ધન દારા અને માનને સારુ, નથી ધાર્યો દેહ જાણજો રે,
તપ કરી રાજી ભગવાન કરવા, ધાર્યો છે એમ જ માનજો રે. ૩૬
અન્ન મીઠા વિના સ્વાદ ન લેવા, જે દુઃખ પડે તે વેઠવું રે,
વિષય સુખનું દુઃખજ વેઠો, મુક્તનું તપ ભલુ હવું રે. ૩૭
પાણી પાઈને ગામ જ લેવું, બતકને નવ ફોડવી રે,
હીંમત ભેર રહે મુખ ઊંચું, ફોગટ ટેક ન ને તોડવી રે. ૩૮
સત્ય વચન કાઢો શાસ્ત્ર પ્રમાણે, હિત કહેતાં ખપના બોલરે,
પ્રિય વાણી હોય કામની તોયે, સુખ દુઃખદા કરો તોલરે. ૩૯
દુઃખદા બોલવું બંધ જ રાખો, સુખદા વાણી વદો સદારે,
કઠણ દુઃખદા વચન કહેવું, બહુ હેત હોય જો જદા રે. ૪૦
દેહાભિમાન કે લોભને અર્થે, નવ વદો વસમાં વેણ રે,
વિવેક એવો રાખીને વદવાં, સત્ય હિતને પ્રિય કહેણ રે. ૪૧
બીજા પુરુષ સામું નવ જોવું, ચિત્ત પાતળિયામાં પ્રોવું રે,
બનતા સુધી કુંવારી વૃત્તિ, રાખી અવશ્યનું જોવું રે. ૪૨

કુંવારી વૃત્તિને વહાલો વરે છે, શરત રાખવું સમજી રે,
ત્યારે યોગ સધાય જ ભાઈ, જીતે આસન આળસ તજી રે. ૪૩
પૂંઠ પડે વાંદરા જેવી કહેતાં, બેસણી ભાઠાં પડે લાલ રે,
ધર્મ જ્ઞાન વૈરાગ્યને ભક્તિ, એકાંતિક ભક્તિમાં માલ રે. ૪૪
દેહ હાલે નહિ તે ધર્મ જાણો, જ્ઞાન હું અક્ષર આતમા રે,
વૈરાગ સંકલ્પ થાય તે કાપો, ભક્તિ જોવા પરમાતમા રે. ૪૫
ઊંઘમાં જાય વિષયી કહેવાય, મુમુક્ષુ તો ભજને સુવે રે,
મુક્ત તો મોક્ષના મારગ માંહે, મૂરતીમાં સૂવે કહેતાં જુવે રે. ૪૬
કામ બાણથી કંપતાં બીકે, ગોપી હરિમાં રહે લીનરે,
મનેન્દ્રિ વિષયે જાય લોભાય, પાછુ વાળે ભજન કીન રે. ૪૭
મનને વિષયમાં જવા દેતાં, તીન તાપમાં તપે તે જ રે,
માટે ધ્યાન ભજનમાં રાખો, સદાય શાન્તિ કરે એ જ રે. ૪૮
દેહ રૂપી આ ગાડલું ભાઈ, ચીંદરડીથી ચલાવવું રે,
જર જોરૂ અર્થે કરવી મજુરી, અન્ન ખૂબ ખાવા આપવું રે. ૪૯
ત્યારે ઈન્દ્રિયો છૂટી જ થાય, કામ કરે જ આનંદમાં રે,
પણ જ્યારે બેસી રહેવાનું હોય, તપે વળે વ્રજ ચંદમાં રે. ૫૦
નિરવિકારાનંદને કહ્યું જે, જોડો તારે નવ પહેરવો રે,
સૂળો વાગી પગે ફોડલા પડ્યા, તો પણ પહેર્યો નહિ એવો રે. ૫૧



પહેરવાની આગના થઈ ત્યારે, પગ છોલાયા ન કાઢીયો રે,
એવું ન કરવું આપણે ભાઈ, વિવેક વણ વિચારીઓ રે. ૫૨
વિષય પીડા અતિશેજ થાય, દુઃખ મટે એમ વર્તવું રે,
પણ વધુ દેહને દુઃખકારી, વિષય ભોગમાં ન જવું રે. ૫૩
મનનું અતિશે દુઃખજ હોય, તે મટે એટલા ભોગવો રે,
વચનામૃતનાં વાક્ય પ્રમાણે, સરળ મારગ શોધવો રે. ૫૪
જીભે જેટલા સવાદ લઈએ, તેટલા સંકલ્પ ભોગનારે,
ટાળ્યા ટળે નહિ દુઃખ જ દે છે, સવાદ કારણ રોગના રે. ૫૫
ભોગવે દુઃખ મટી જાય તે તો, નહિ તો બે દિન વીતશે રે,
વીર્ય બળી જશે સર્વત્ર ત્યારે, દુઃખ એ ઘાટનું ટળશે રે. ૫૬
પ્રથમ પ્રકરણ અઢાર વાંચો, ભેગુ કરી ખાઓને અન્ન રે,
બનતા સુધી જુદુ ન ખાવું, ગુણ દબાવો દ્રઢ મન રે. ૫૭
ભર્તજી જેવી દયા ન કરવી, જન્મ મરણ લેવરાવવા રે,
દયા તો ડાકણ થઈને ખાય, શાસ્ત્રના શબ્દ વિચારવા રે. ૫૮
મોટું પેટ રાખવું કહેતાં, જગતની પેઠે ખમવું રે,
મોટા માણસ ખમે છે જેમ, સરવ વાતમાં શમવું રે. ૫૯
લક્ષ્મી ઉપર નજર ન રાખો, કારણ પતિવ્રતા નારી રે,
રાખીએ તો ભગવાન જ જાય, પૂંઠે ફરે લક્ષ્મી સારી રે. ૬૦

ભગવાન રાખીએ તો લક્ષ્મીજી, આપણી પૂંઠે ફરે ફેરારે,
માટે ભગવાન રાખવા ભાઈ, મૂળ સદા જે સુખ કેરારે. ૬૧
ચોવીસ કલાકમાં થોડું ઘણું, લાંબું થવું શબ આસને રે,
ભજન કરવા શીખવું સંતો, શબ આસન કરી મને રે. ૬૨
શરત રાખીને રાત દહાડાની, માનીનતા કાઢી નાખવી રે,
ભગવાન અર્થે લોભ ન રાખો, તેલ બત્તી રાતે બાળવી રે. ૬૩
યોગ થાય સુખ દુઃખ સંબંધી, મહારાજની મરજી થકી રે,
તેને તો સુખ જ માનવું મનમાં, સંભારવી હરિ મૂરતી રે. ૬૪
સુખ થયું કે આ દુઃખ થયું હવે, શુંય થશે ન વિચારવું રે,
નિરંતર પર્વતની પેઠે, મનને સ્થિર જ રાખવું રે. ૬૫
આઠ માસ જળ સૂરજ ચૂસે, ચતુર માસમાં વરસે રે,
તેમ સમૈયે જ્ઞાન વરસવું, બીજે હરિ ઉર ધારશે રે. ૬૬
કથા વાર્તા કીર્તન ધ્યાન, કરીને કાળને કાઢવો રે,
સુષુપ્તિમાં જાય પરલોક બગડે, ફરીથી નવો આદરવો રે. ૬૭
તે માટે નવ ચાલે તોજ ભાઈ, સુષુપ્તિને ભોગવવી રે,
બહુ વખત જે ખરીને ખોટી, વાણી મોટાએ ઉચ્ચારવી રે. ૬૮
બીજાના જીવમાં પેસીને તે તો, સાચી થઈ દીએ મનવી રે,
વરતવા લાગે વાણી પ્રમાણે, માટે સાચી વાણી બોલવી રે. ૬૯



હાંસી મશ્કરીમાં પણ જુઠું, ન બોલવું શરત રાખી રે,
દસુંદની તો વાત ન કરવી, સર્વસ્વ તન મન ધન પાખી રે. ૭૦
ત્રણ દીએ એવું જ્ઞાન જ કરવું, પ્રત્યક્ષનું જ્ઞાન તો એવું રે,
દસુંદ જ્ઞાન પરોક્ષવાળાને, વાડા બાંધી પરાણે લેવું રે. ૭૧
સિદ્ધિયો ગ્રહણ કરવી નહિ, ઠગીને મૂરતીથી પાડે રે,
માયામાં જન્મ મરણ લેવરાવે, સિદ્ધાંત સિદ્ધિયો તો તાડે રે. ૭૨
એક સુધારવું કરોડ ચૂકી, ભગવાનમાં વૃત્તિ જોડવી રે,
હરિમાં વૃત્તિ રહેતી હોય જ્યારે, કામ બગડે નવ તોડવી રે. ૭૩

વૈતાલીયમ્

મન ભૂખે ખાન ના કરો, ખાવું તન ભૂખે હદે ધરો,
જેવું જેને મળે વળી, ખાતાં ભૂખ પીડા જશે ટળી. ૭૪
ગુરુ મરજી સાચવો સદા, ગુરુ રાજીપે જાય આપદા,
ક્ષણ ભંગુર દેહ બેયનો, કથળે કામ પડે જ એકનો. ૭૫
ફરી આવો તાળ ના મળે, સદ્‌ગુરુ બીન ભવરોગના ટળે,
મળશે વિષય નવા નવા, દુર્લભ સદ્‌ગુરુ સંત પામવા. ૭૬
સંપૂરણ પ્યાર મેળવો, મરજી પાળી જીવ હેળવો,
વચનામૃત વાક્ય પાળવાં, શિક્ષાપત્રીનાં વિચારવાં. ૭૭
મન કર્મ વચને સદા રહી, ગુરુ પ્રસન્નતા તે જ જાણવી,
અક્ષરના ઈશ રીઝશે, સેવામાં નિજ પાસ રાખશે. ૭૮

# મુક્તની શિક્ષાપત્રી

## (ગદ્ય)

ટીપ : મુક્તની શિક્ષાપત્રીના અર્થ પરિપૂર્ણ એકાંતિકના મુખથી બરોબર સમજાશે.

(૧) નિરાહાર કહેતા વિષય સુખનો ત્યાગ કરવો, કહેતાં માયિક સુખ ન ભોગવવું. ગીતાનું વચન અધ્યાય બીજામાંને શ્લોક પ૯મો. (૨) થોડું થોડું બે વખત ખાવું. એક ફેરા જેટલું બે વખત ખાવું. તેમાં વિવેક રાખવો, કહેતાં કશું કામ ન હોય ને બેસી રહેવાનું હોય ને ભજન કરવાનું હોય, ત્યારે થોડું થોડું બે વખત ખાવું ને કામ હોય કહેતાં વ્યવહાર માટે પ્રવૃત્તિને કરવી પડે, ત્યારે તો પોતાની ખુશી પડે તેટલા ફેરા ખાવું. (૩) સામો પૂછે તો ઉત્તર આપવો. તેનો ભેદ જે, વ્યવહારની વાતે તો પોતાના ઉપયોગ જેટલો આપવો, ને જ્ઞાનની વાતે તો શાસ્ત્ર પ્રમાણે તેને હા પડે તેમ આપવો. પણ વધિકું ન બોલવું, સાંભળવું કે કરવું. એવો બહુ પ્રકારનો ભેદ છે તે શરત રાખવી. (૪) અખંડ મટકા રહીત રહેવું. કહેતા



સ્થિર વૃત્તિ રાખવી. (૫) સદ્‌વિચાર કહેતાં દેહ આત્મા જુદો છે તથા મોંઢે તથા મને ભજન કરવું, તથા બહાર તથા આત્મામાં એ બે પ્રકારે ધ્યાન કરવું, એ ચાર વગર પળ પડવા દેવી નહિ, કહેતાં ચારમાંથી એક અખંડ રાખવું. (૬) વ્યવહાર કરવો ત્યારે જાણવું જે સો વરસ જીવવું છે, એમ જાણીને ચોક્કસ રીતે કરવો. (૭) ભક્તિ કરવી ત્યારે જાણવું જે આ ઘડીએ દેહ પડવાનો છે. છાંણે લીંપીને ભોંયે સુવાડ્યો હોય, એમ જાણવું. તો જ સ્થિર વૃત્તિ થાય. તો જ જીવનમુક્ત કહેવાય. (૮) મુક્ત થાવું હોય તેને અટકી પડે એટલો, દહાડે તથા રાત્રે વ્યવહાર પોતાની મેળે ઉઠીને, દેશકાળ પ્રમાણે કરી લેવો. ને બાકીની ઉપાધિ ન કરવી. ને માથે આવી પડે તો વેઠની પેઠે ઉતારવી. (૯) સત્ત્વગુણ વર્તે ત્યારે ધ્યાન કરવું, રજોગુણમાં ના કરવું, કારણ કે રજોગુણ તમોગુણમાં ખોટા ઘાટ થાય નાસ્તિકપણાના જે, આપણાથી ભગવાનનો છેડો નહિ આવે એમ થાય. માટે રજતમમાં બહાર મૂર્તિ ધારવી. તથા કથા કીર્તન કરવું, સત્વગુણમાં સુખ વર્તે, કામ ક્રોધાદિક સર્વ સંકલ્પ દબાઈ

જાય. (૧૦) ત્રણ દેહ થકી જુદો વર્તે, કહેતાં રજતમમાં ખોટા સંકલ્પ થાય, તે પ્રમાણે દેહને ન જવા દે. રોકી રાખે. ને શાસ્ત્ર પ્રમાણે દેહને વર્તાવે. (૧૧) પિંડ બ્રહ્માંડે સહિત સમગ્ર આખી ભગવાનની મૂર્તિ છે. પ્રથમના ચોસઠના વચનામૃત પ્રમાણે. માટે કોઈ જીવને વિષે પિંડ બ્રહ્માંડમાં જે જે દોષ પરઠીએ, તો તે દોષ પોતાનામાં આવે. માટે સમગ્ર પીંડ બ્રહ્માંડ નિર્દોષ છે એમ સમજવું. (૧૨) સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત એ છે જે, ભગવાન સત્ય, જગત મિથ્યા, વિષય ખોટા તે સારું શાસ્ત્ર છે. એ ત્રણ જાણ્યા પછી દહાડો કાઢવા સારું શાસ્ત્ર વાંચવાં. તથા સામાને સારુ શાસ્ત્ર વાંચવા. (૧૩) પ્રહલાદજીએ ભગવાનને વશ કરવા કેટલાક યુગ પર્યંત લડાઈ કરી, તો પણ ભગવાન વશ ન થયા. પછે ભગવાને કહ્યું, ''મારી મૂર્તિ મન આદિક ઈન્દ્રિયોમાં રાખ.'' પછી એમ કર્યું, ત્યારે ભગવાન વશ થયા. (૧૪) આ લોકના તાલ કરે પાર ન આવે. કારણ કે દિવસે દિવસે પૈસા, અવસ્થા, માણસની વધઘટ તથા જ્ઞાન એ આદિક નિરંતર વધે કે ઘટે ત્યારે વળી મન ફરી જાય. માટે આ લોકનું તો જે



સમે જે બને તે ખરું, એમને એમ ઠેલવું. પણ આગળ પાછળના વિચાર કર કર ના કરવા. કારણ કે વિચાર્યું રહેતું નથી. (૧૫) ધ્યાન કરતાં અશુભ સંકલ્પ થાય, તો બંધ રાખવા ને ના બંધ રહે તો સત્ય સંકલ્પ કરવા. જે કથા, વાર્તા, કીર્તન તે શુભ સંકલ્પ કહેવાય. (૧૬) ગાફલમાં ચોરનો ગુજારો. દેહના વ્યવહારમાં ને આત્માના વ્યવહારમાં માટે નિરંતર શરત રાખવી. અંતરમાંને બહાર. કહેતાં દરવાજે રહેવું. છેલ્લાના નવમા વચનામૃત પ્રમાણે. ને બહારના ધનાદિક દેહના પદાર્થનું રક્ષણ કરવું. શાસ્ત્ર પ્રમાણે. (૧૭) સાધુ થાવું હોય કહેતાં, જેને ભગવાન સાધવા હોય તે સામ, દામ, ભેદ એ ત્રણ રાખીને પિંડ બ્રહ્માંડનો વ્યવહાર ચલાવવો, પણ દંડનો તો ત્યાગ જ કરવો. (૧૮) પોતે ભણવું, ને સામો સંગ કરવા આવે તેને ભણાવવો. તે સમે જે ભગવાન ઉપાડે એવું શાસ્ત્ર પ્રમાણે જ્ઞાન કરવું. પણ આગળથી ગોખી રાખવું નહિ (૧૯) જ્ઞાન કરવું ત્યારે સામાના દેહ, ઈન્દ્રિયોને મનને તેથી પાર જીવમાં ચોંટે તેવું જ્ઞાન કરવું. ને સાંભળવું ત્યારે શું કહે છે, એમ છીપની

ચકલીના મોંઢાની પેઠે કાન-મન ધરી રાખવું. કહેતાં ગુરુજી શું કહેશે તે જોયા કરવું. તાકીને. (૨૦) વરસાદ ગાજે એમ બોલવું. પણ કાટકો થાય તેમ ના બોલવું. સામાને ધ્રાસકો પડે, કહેતાં ફટકાર લાગે તો પાપ થાય. (૨૧) આ દેહ ધન, સ્ત્રીને માન સારું નથી ધાર્યો. તપ કરીને ભગવાન રાજી કરવા ધાર્યો છે. એમ માનવું. કહેતાં અન્ન ને મીઠા વગર બીજા સ્વાદ ના લેવા. ને તે સ્વાદ ના લેતાં જે દુઃખ પડે તે વેઠવું. તે મુક્તનું તપ છે. એવી રીતે પંચ વિષયનું દુઃખ વેઠવું. તે બતક ન ફોડી, ને પાણી પાઈને ગામ લીધું તે ઊંચું જોવાય. (૨૨) સત્ય, હિત ને પ્રિય વચન બોલવું. સત્ય કહેતાં શાસ્ત્ર પ્રમાણે બોલવું. હિત કહેતાં તેને ખપ લાગે તેમ બોલવું. પ્રિય કહેતાં તેને ખપ લાગે એવું હોય, પણ તે સમે તેનું મન દુઃખાય એવું ન કહેવું, પછે વધુ હેત હોય તો જે ''કઠણ વચન કહે પોતાના દાસને'' પણ દેહાભિમાનને લીધે ન કહેવું, કે લોભને અર્થે ન કહેવું. (૨૩) બનતા સુધી ''બીજા પુરુષ સામું નવ જોવું રે, સુણ બેની, ચિત્ત પાતળિયામાં પ્રોવું રે, સુણ બેની'' કહેતાં કુંવારી વૃત્તિ રહે તો તે વૃત્તિને ભગવાન વરે. માટે અવશ્ય કામ



પડે એટલું જોવું. શરત રાખવી. (૨૪) વાંદરાના જેવી પૂંઠ પડે, કહેતાં બેસણી થાય ત્યારે યોગ સધાય. (૨૫) એકાંતિક ભક્તિ કરવી. કહેતાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ. ધર્મ કહેતાં દેહ હાલે નહિ. ને જ્ઞાન કહેતાં હું અક્ષર છું. વૈરાગ્ય કહેતાં જે સંકલ્પ થાય તેને કાપવા. ને ભક્તિ કહેતા જોઈ રહેવું. મૂર્તિ ધારીને એ એકાંતિક ભક્તિ કહેવાય. (૨૬) સુષુપ્તિમાં જાય તેને વિષયી કહેવાય. ને ભજનમાં સુવે તે મુમુક્ષુ કહેવાય. ને મૂર્તિમાં સુવે તે મુક્ત કહેવાય. (૨૭) 'કામ બાણથી કંપતા ગોપી, રહે છે હરિમાં લીન' કહેતાં વિષયમાં મન ઈન્દ્રિયો જાય, ને તેમાં લોભાય તો ભજનમાં જવું. તો મન વિષયમાંથી પાછું વળે, ને શાન્તિ રહે ને વિષયમાં જવા દઈએ તો મન તપે. માટે ધ્યાન ભજનમાં લીન રહેવું. (૨૮) દેહરૂપી ગાડુ ચલાવવું હોય તો ચીંદરડીઓ ઘાલવી પડે. કહેતાં મજુરી ધન ને સ્ત્રીને અર્થે કરવી પડે. ત્યારે ખાય ત્યારે ઈન્દ્રિયો છૂટી થાય ત્યારે આનંદ રહે. ને બેસી રહેવાનું હોય ત્યારે તપ કરે ત્યારે ઈન્દ્રિયો પાછી વળે ત્યારે આનંદ રહે. (૨૯) નિર્વિકારાનંદને કહ્યું જે, જોડો

ના પહેરવો, ત્યારે ફોલ્લા પડ્યાને સૂળો વાગી, તો પણ ના પહેર્યો. ને વળી પહેરવાનું કહ્યું ત્યારે જોડો પગે ઘસાઈને લોહી નીકળ્યું, તો પણ ન કાઢ્યો. તેમ ન કરવું. કહેતાં વિષય બહુ પીડે, તો પીડા મટે એટલા વિષય, રીત પ્રમાણે ભોગવવા. પણ દેહને દુઃખ થાય તેમ ના ભોગવવા. મનનું અતિશય દુઃખ હોય તે મટે એટલા ભોગવવા, પણ વધુ ન ભોગવવા. વચનામૃત પ્રમાણે (૩૦) જીભે જેટલા ખાવાના સ્વાદ લઈએ, તેટલા સ્ત્રી ભોગવવાના ઘાટ થાય. તે બંધ રાખ્યા ના રહે. ભોગવે દુઃખ મટે કે બે દહાડે ભૂલે ત્યારે મટે. કહેતાં વીર્ય બળી જાય કે દેહમાં પચી જાય, ત્યારે મટે. માટે બનતા સુધી ભેગુ ખાવું. જુદુ ન ખાવું. પ્રથમના ૧૮મા વચનામૃત પ્રમાણે પછે દેહના ગુણ દબાવે, તો રહે ખરા. માટે બનતા સુધી જુદુ ન ખાવું. (૩૧) દયા ભરતજીની પેઠે ન કરવી. જન્મ લેવરાવે. માટે વિચારવું. (૩૨) મોટું પેટ રાખવું. કહેતાં જગતની પેઠે મોટો માણસ ખમે છે તેમ ખમવું. બધી વાતે. (૩૩) લક્ષ્મી ઉપર નજર ન રાખવી. કારણ કે લક્ષ્મી પતિવ્રતા છે. માટે ભગવાન રાખીએ તો લક્ષ્મી આપણી કેડે



ફેરા મારે, ને લક્ષ્મી ઉપર નજર રાખીએ તો ભગવાન જાય. ને ભગવાન કેડે લક્ષ્મી જાય. માટે ભગવાન રાખવા. આ લોકને પરલોક એ બે વાતે સુખ છે. ભગવાન સર્વે વાતે સુખનું મૂળ છે. (૩૪) ચોવીસ કલાકમાં થોડુ ઘણું લાંબું થવું, કહેતાં શબ આસને ભજન કરતાં શીખવું. (૩૫) રાત દહાડાની માનીનતા કાઢી નાંખવી. શરત રાખવી. (૩૬) ઘાસતેલનો લોભ રાખવો નહિ. ભગવાનને અર્થે (૩૭) ઈશ્વર ઈચ્છાએ સુખ તથા દુઃખ સંબંધી જે જે યોગ થાય, તે તો સુખ જ માનવું. તે ભગવાન સંભારવા. પણ સુખ થયું કે દુઃખ થયું, કે થશે એમ મન ચળાવવું નહિ. પર્વતની પેઠે મન સ્થિર રાખવું. (૩૮) આઠ માસ સૂર્ય જળ તાણીને, એટલે ચૂસીને ચાર માસ જળ મૂકે છે. તેમ સમૈયે જ્ઞાન વરસાવું. બાકીના વખતમાં અંતર્યામી ભગવાનથી તથા શાસ્ત્રથી ચૂસવું. (૩૯) સુષુપ્તિમાં ગયો કે પરલોકની વાત બગડી. સર્વે ફરીથી નવું આદરવાનું માટે ન ચાલે તો જ સુષુપ્તિમાં જવું. (૪૦) બહુ વખત મોટા પુરુષ, ખરા ખોટા જે જે બોલ બોલે, તે બીજાના જીવમાં પેસી જાય. ને સાચા થઈને તેમ

માનીને તેમ વરતવા લાગે. માટે મોટાને સાચું બોલવું. હાંશી મશ્કરીમાં પણ જૂઠું ન બોલવું. શરત રાખવી. (૪૧) દસુંદની વાત જ ન કરવી. દસુંદ તો પરોક્ષ મૂર્તિયોવાળા વાડા બાંધીને બેઠા, તેને પરાંણે લેવાની વાત છે. (૪૨) સિદ્ધિયો ગ્રહણ ન કરવી. ઠગીને મૂર્તિમાંથી પાડીને, માયામાં રાખી જન્મ લેવરાવે. તે માટે સિદ્ધિયો ગ્રહણ ન કરવી. એ સિદ્ધાંત વાત છે. (૪૩) કરોડ કામ મૂકીને એક કામ સુધારવું. કહેતાં ભગવાનમાં વૃત્તિ રહેતી હોય, ત્યારે કોઈ કામ બગડતું હોય, ત્યારે તે વખતે બગડવા દેવું. પણ વૃત્તિ તોડીને કામ સુધારવું નહિ. (૪૪) મનની ભૂખે ન ખાવું. તનની ભૂખે ખાવું. જે મળે તે. (૪૫) ગુરુની મરજી સંપૂર્ણ સાચવવી. કારણ કે આપણો દેહ, ને ગુરુનો દેહ ક્ષણભંગૂર છે. સંપૂર્ણ ગુરુને રાજી કર્યા વગર; જો બેના દેહમાંથી એકની હાંણ થઈ, તો વગર મોતે મર્યા જાણવા. કારણ કે આવો તાલ ફરીથી નહિ આવે. ને વિષય તો સારા કે નરસા જ્યાં જઈશું ત્યાં મળશે. પણ સંત મળવા દુર્લભ છે. માટે ઘણો વિચાર કરીને મરજી સાચવવી. તે મરજી શું, જે વચનામૃતને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું. મન,



કર્મ, વચને તેજ ગુરુની પ્રસન્નતા છે. (૪૬) દેહ ને દેહનાં સંબંધીનું પોષણ, જીવતાં સુધી નભે એટલી સંપત હોય, તો લાખ રૂપિયા મળે તો પણ પળવાર પ્રભુ મૂકવા નહિ.

❖ ❖ ❖

# શ્રી ગુરુ જ્ઞાન ગીતા

લેખક :- મુક્ત શ્રી ગોવિંદભાઈ માસ્તર.

પુરુષોત્તમને પ્રણમીને, કરું છું આ આરંભ,
શ્રી ગુરુ જ્ઞાન ગીતા તણો, સહાય થજો સુખકંદ. ૧

બ્રહ્મચર્ય (ચોપાઈ)

નિશ્ચયના છે ઘણા પ્રકાર, તેમાં બે મુખ્ય છે નિરધાર,
સવિકલ્પ નિશ્ચય એક જાણો, બીજો નિરવિકલ્પ પ્રમાણો. ૨
સવિકલ્પ નિશ્ચયવાળા જેહ, ભક્તો તેનું બ્રહ્મચર્ય તેહ,
લખું છું સાંભળો રાખી ચિત્ત, જ્ઞાન ઉદે થશે રે ખચિત. ૩
એક ભગવાં વસ્ત્રવાળા ભક્ત, જેને ઓળખે સઘળું જકત,
બીજા ધોળાંવાળા નિરધાર, તેમાં પડ્યા છે ત્રણ પ્રકાર. ૪
એક ભીખ માંગીને રે ખાય, બીજો ખાધા જેટલું કમાય,
ત્રીજો સંસારી સ્ત્રી પુત્રવાળો, દેખાય જંજાળી ને ધનાળો. ૫

સ્ત્રીનો ત્યાગ અષ્ટ પ્રકાર, ભગવો ભક્ત રાખે નિરધાર,
કરે સ્વપનના ઉપવાસ, રટે મન સદા અવિનાશ. ૬
ધોળો ભીખવાળો જે છે ભક્ત, રહે અંતરમાંથી વિરક્ત,
બનતો ત્યાગ ત્રિયા પરસંગ કદી ન કરે સ્ત્રી અંગ સંગ. ૭
નીમ રાખી કરે અલ્પ આહાર, સંભારે એક ચિત્તે મોરાર,
ભેગું કરી જમે દેહ દમે, જેમ તેમ દિન, નિરગમે. ૮
ધોળો કમાઈ ખાનારો જેહ, તેની વાત સૂણો કહું તેહ,
અવશ્યનું કામ પડે જ્યારે, સંગ કરે સાત પરકારે. ૯
રાખે આઠમો પ્રકાર ત્યાગ, ત્યારે તેનો સાચો વૈરાગ,
ભણાવવી કન્યાઓ નિશાળે, પાણી દયણું લીંપાવવા કાળે. ૧૦
આડે રહેવું પડે ડોબું દો'તે, દુકાને લેવા દેવામાં જો તે,
ઈત્યાદિ સંગ-સાત પ્રકાર, કરે સ્ત્રી સંગ દેહ વહેવાર. ૧૧
તેથી સ્વપ્ન સુષુપ્તિમાં જાય, તેને જરૂર વીર્ય પાત થાય,
હવે સ્ત્રી પુત્રવાળાની વાત, સાંભળો કહું છું સાક્ષાત. ૧૨
પર સ્ત્રી ત્યાગે સર્વ પ્રકાર, પોતાની વ્રતાદિ મોઝાર,
એકાદશી પૂનમ આદિ સર્વ, થાય માસમાં પાંચ છ પર્વ. ૧૩
રાખે પોતાની સ્ત્રીનો ત્યાગ, ત્યારે તેનો સાચો વૈરાગ,
આ તો ભક્ત ખરા પણ ભોગી, સઘળા સવિકલ્પવાળા જોગી. ૧૪



ઊંઘ આહાર તણો કરે ભોગ, માટે એ તો જેવો તેવો જોગ,
ખરા જોગી તે તો ન કહેવાય, સમજી રાખો સહુ મનમાંય. ૧૫
નિર્વિકલ્પ વર્ણવું જોગી, જે છે અંતર સદા અરોગી,
આઠો પહોર રાખે હરિ જોગ, ત્યાગે સઘળા વિષય વૈભોગ. ૧૬
સુષુપ્તિમાં કેદી નવ જાય, પરાંણે ન જવાઈ જવાય,
સ્વપ્ન અવસ્થા ન હોય તેને, લાગી લગની હરિ સંગ જેને ૧૭
ત્રણ અવસ્થા સાંભરે શામ, આઠ પહોર રટે હરિનામ,
મન નવ ઘડે બીજા ઘાટ, મટી જાય સરવ ઉચાટ. ૧૮
દેહ વહેવાર કરતાં તેહ, મૂરતી ધારવી ન મૂકે જેહ,
ખરો જોગી તે તો કહેવાય, હરિ કૃપાપાત્ર તે ગણાય ૧૯
આવો જોગી જો ગૃહસ્થ હોય, પોતાની સ્ત્રીનો સંગ કરે સોય,
તે પણ ઋતુ સમે એક વાર, સમજી રાખવું એ નિરધાર. ૨૦
પછે બીજે માસે માથે થાય, એક વાર તે સ્ત્રી પાસે જાય,
પણ ગર્ભ ધારણ કરે જ્યારે, રાખે બંધ સ્ત્રી સંગ ત્યારે. ૨૧
પ્રજા થયા પછી બીજી વાર, જ્યારે ઋતુ આવે નિરધાર,
ચોથે દિને નહાય જ્યારે તેહ, કરે સંગ ફરી સ્ત્રીનો તેહ. ૨૨
એમ શાસ્ત્રની છે મરજાદ, માટે પાળવી નિરવિવાદ,
રોજ ભોગ ઈચ્છા સ્ત્રીને હોય, નિરવિકલ્પ જોગીની જોય. ૨૩

બાથમાં લઈ સ્ત્રીને સૂઈ જાય, ભોગવે નહિ ભોગ જરાય,
ઝરી જાય વીર્ય ઝેર જ્યારે, કલેશ ઘરમાં ન થાય કોઈ વારે. ૨૪
આ તો સ્ત્રીવાળા ગૃહસ્થની વાત, સમજી રાખજો તે ભલી ભાત,
સ્ત્રી વિનાનો હવે ધોળો જોગી, જ્યાં સુધી નિંદરાનો છે ભોગી. ૨૫
સ્વપ્ન અવસ્થામાં આવે જાય, તેમાં સ્ત્રી તણો જોગ જો થાય,
વીર્યપાત જરૂર તેને થાય, તેનો શોક ન કરવો જરાય. ૨૬
સાત પ્રકારે રહ્યો છે સંગ, માટે બાધ નથી તેને અંગ,
સ્વપ્ન અપવાસનું લખ્યું જેહ, ભગવા જોગીનું જાણવું તેહ. ૨૭
શાસ્ત્રમાં નથી લોચો લગાર, મોટાઓએ રાખ્યો નિરધાર,
શાસ્ત્ર સાર સમજાય છે ત્યારે, સમજાવે સત્પુરુષ જ્યારે. ૨૮
વચનામૃત પ્રથમ ચોત્રીસ, બ્રહ્મચર્ય રીત લખી ઈશ,
ત્યાગી ગૃહસ્થની નિરધાર, તેનો અહીં લખ્યો છે જ સાર. ૨૯

(દોહરા)

શ્રવણ કરી આ વાતનું, મનન કરો મનમાંય,
થશે વાત સાક્ષાતનો, નિદિધ્યાસ કરતાંય. ૩૦

इति श्री गुरु ज्ञान गीतायां प्रथमोऽध्यायः अ. १।



# અન્નાદિક આહાર

## (ઉપેન્દ્રવજ્રા)

આહાર કેવો દરરોજ લેવો, બીજે કહ્યો છે હરિ એ જ એવો,
શાથી ખવાડે હરિ તો પરાણે, મીઠા પદાર્થો હરિ જોગ ટાણે. ૧

(દોહરા)

છપ્પન ભોગ રોગ જાણજો, દુઃખદાયક છે એહ,
ઘી ગોળ તીખાં તમ તમાં, ભોજન ખટરસ જેહ. ૨
વિઘનકારી જાણવાં, હરિ જોગ ટાણે નિરધાર,
માટે રસના જીતવી, એમ લખ્યું શાસ્ત્ર મોઝાર. ૩
જીતે રસના ઈન્દ્રિને તો, બીજી બાકીની જીતાય,
મોકળી મૂકે રસના તો, બીજી મોકળી થાય. ૪
માટે ખટરસ સઘળા ત્યાગવા, અન્ન પાણીથી રાખવો દેહ,
એક જ અન્નનું પ્રાશન કરવું, જોગ સાધવાવાળા જેહ. ૫
બ્રહ્માંડના ભગવાનના, નિશ્ચય વખતની વાત,
પિંડનો નિશ્ચય કરતાં, જુદી છે સાક્ષાત. ૬
ખટરસ ભોજન ભેગાં કરીને, પાણી નાંખી જે ખાય,
સવાદ જુદા જાણે નહિ પણ, ઈન્દ્રિયો સબળ થાય. ૭

જુદા જુદા જે પદાર્થો, તેના જુદા જુદા જે ગુણ,
જરૂર વ્યાપે દેહમાં; કહ્યું શાસ્ત્રે હરિ નિરગુણ. ૮
અનંતકાળનો મહાવરો, ભોગ છપ્પનનો હતો જેહ,
તેને લાવ્યા નેમમાં, એકઠા કરાવી તેહ. ૯
બ્રહ્માંડની એ વારતા, સમજી રાખો સંતો મનમાંય,
પિંડનાની સખત તપની, નહિ રાખે લોચો ક્યાંય. ૧૦
આધાર પ્રાણનો જ્યાં સુધી, નથી હરિ થયા નિરધાર,
અન્નપાણીનો રાખવો, ત્યાં સુધી પ્રાણાધાર. ૧૧
બંધાણ અનેક જનમનું, એકદમ પણ કેમ જાય,
બંધ કરે તો તરત જીવડો, અંતરથી અકળાય. ૧૨
દ્રોહ કરે હરિ સંતનો, નવ જાણે પોતાનો દોષ,
શસ્ત્રે કરે શિર અળગાં, એમ મોટાએ જોયો જોષ. ૧૩
નૈમિશારણ્ય ક્ષેત્રમાં, હરિ આપે છપ્પન ભોગ,
નિભાવવાને કારણે, નહિ તો નાસે મૂકી આવો જોગ. ૧૪
પણ અંતરજામી અંતરમાં, કહેશે છપ્પન ભોગ છે રોગ,
રોટલા પાણી વિના બીજા, સઘળા દુઃખ દેશે ભોગ. ૧૫
દ્રોહ નહિ થાય હરિ તણો, અંતરમાં થશે અભાવ,
રોટલા ખાઈને ભજન કરવા, મનડું કરશે ઠરાવ. ૧૬



મહારાજ બોલ્યા અમે પૂર્વે, ગોળા ખાવા દીધા સંતને,
મુક્તાનંદ આદિક પચીસ સાધુ, આવ્યા ઠપકો દેવા અમને. ૧૭
ત્યારે અમે કહ્યું જાશો નહિ, તમો ભીખ માંગવા હવે પછી,
રોજ તમને જમાડશું, જમો તમે ઘેર મોજથી. ૧૮
લાડવામાં ફુટારો ઘણો, તેથી શીરો કરે દરરોજ,
લોટ ઘી ખાંડ સરખાં, ખાઓ સંત કરોને મોજ. ૧૯
ગળ્યું નિત્ય ભાવ્યું નહિ, શીરો જોઈને ઉલટી થાય,
સંતો સૌ કંટાળીઆ, ઘણું મૂંઝાયા મનમાંય. ૨૦
પછે ભેગા થઈ સૌ બોલીઆ, આજ્ઞા આપો જાવું ફરવા,
ત્યારે મહારાજ કહે થાઓ વિમુખ તમો, અમારે નથી પરવા. ૨૧
ત્યારે સંતો બોલીઆ, ખપ સત્સંગનો હશે અમને,
શીરો ખાઈને રહેવું પડશે, ત્યાગ ન કરીએ તમને. ૨૨
એમ અભાવ કરાવશે, મીઠાં ભોજનનો ભગવાન,
ખુશીથી જો ત્યાગશો તો, રાજી થાશે ઘનશ્યામ. ૨૩
બંધાણ થતાં સુધી આપવા, જેવા ઘટે એવા ભોગ,
વળગે મન ભગવાનમાં, રાજી થઈને સાધે જોગ. ૨૪
ઉદાસી થઈ ભૂલે નાથને, ત્યાગી દેતાં જેવા ભોગ,
એવા ભોગનો ત્યાગ ન કરવો, હરિનો વધારવો જોગ. ૨૫

(ભૂજંગી)

આહારો લખ્યા આ, વિચારો હૃદામાં,
બને તેમ પાળો, થશે લાભ આમાં,
હરિએ કહેલા, નક્કી એમ જાણો,
વળી શાસ્ત્રમાંનાં મળે છે પ્રમાણો. ૨૬

॥ इति श्री गुरु ज्ञान गीतायां द्वितीयोऽध्याय अ. २ ॥

## ઊંઘ વિગેરે

### (ઉપજાતિ)

નિદ્રા સંબંધી હરિના કહેલા, શબ્દો લખ્યા છે ત્રીજે ભણેલા,
સામાન્ય જ્ઞાની તથા કહ્યા છે, બુદ્ધિ પ્રમાણે અહીં વર્ણવ્યા છે. ૧

### (રાગ-ચોપાઈ)

સવિકલ્પ નિશ્ચયમાં જાણો રે, ઊંઘનાં લખ્યાં છે જે પ્રમાણો રે,
પહોર રાત જાતાં સંતો સૂવું રે, પાછલી પહોર રાતે ઉઠવું રે. ૨
થયા બે પહોર ઊંઘના એમ રે, એ તો દેહાભિમાનના નેમ રે,
ઊંઘ મોટી માયા છે જરૂર રે, કામ ક્રોધ દોષે ભરપૂર રે. ૩
સર્વ દોષનાં બીજ છે એમાં રે, માટે માલ નથી ભાઈ તેમાં રે,
બહારના ભગવાનની વાત રે, દેહાભિમાની સારું સાક્ષાત રે. ૪



નિર્વિકલ્પ નિશ્ચય ટાણે રે, ઊંઘ ટાળવી એમ જે જાણે રે,
તે તો સંત ખરા બડભાગી રે, જેની લગની હરિસંગ લાગી રે. ૫
નવ થાવું સુષુપ્તિમાં લીન રે, એમ સંતો સમજે પ્રવિણ રે,
થાય નહિ લીન તેમાં કદા રે, તો તો ટળે બધી આપદા રે. ૬
આઠે પહોર રટે હરિ નામ રે, નાસે અંતરશત્રુ તમામ રે,
કથા કીરતન રાત દી કરે રે, કાળ માયાથી તે નવ ડરે રે. ૭
બ્રહ્મરૂપ માને, નહિ દેહ રે, હરિ મૂરતીમાં લોભાણા જેહ રે,
હરિ રાજી થાય તતકાળ રે, દેખે અક્ષર તેજ અંજાળ રે. ૮
તેને મધ્યે દેખે હરિ રૂપ રે, ખરો જાણો તે સંત સ્વરૂપ રે,
તે તો કલ્યાણકારી છે સંત રે, એને સંગે ઓધરે અનંત રે. ૯
એકદમ એવું ન થવાય રે, રસ્તે ધીમેથી જવાય રે,
નવ માનવું, દેહ આપણું રે, નિજ રૂપ, એમાં દુઃખ ઘણું રે. ૧૦
દેહ પંચભૂતનો વિકાર રે, માનો આત્મા છે અવિકાર રે,
રાખો હરિ મૂરતીનું બળ રે, પાળો આજ્ઞા એની સબળ રે. ૧૧
અંતર સુખ જેમ જેમ વધશે રે, ઊંઘ આહાર તેમ તેમ ઘટશે રે,
એમ કરતાં કરતાં બંને જાશે રે, હરિ મૂરતીમાં મન લોભાશે રે. ૧૨
પહેલાં જીતવાં નિદ્રા ને આહાર રે, પછે નાશ કરવો નિરધાર રે,
જેણે જીતી હોય નિદ્રા એમ રે, મને ભોગ ભોગવવા જેમ રે. ૧૩

જેવા ભોગથી હરિ સાંભરે રે, તેવા આપવા જરૂર નરે રે,
જેના ત્યાગથી થાય ઉદાસ રે, એવા ત્યાગ ન કરવા વિલાસ રે. ૧૪
નિત્ય ઉઠી નારદજી ગાવે રે, ગુણ હરિજીના ભાવે ભાવે રે,
માટે જીતી હશે નિદ્રા જાણો રે, નહિ ગયેલી એમ પ્રમાણો રે. ૧૫
ગયેલી વાળા જોગી જે હોય રે, આઠ પહોર ગાય ગુણ સોય રે,
વીતે કીરતન કથામાં દિન રાત રે, પછે દેખે જો આત્મા સાક્ષાત રે. ૧૬
સાંખ્ય પૂરો ભણી થયો જોગી રે, હરિરસનો પૂરો થયો ભોગી રે,
અંતર સુખ આવે નહિ જ્યારે રે, વિષય સારૂ વલખાં મારે ત્યારે રે. ૧૭
અંતર સુખે વિષય દબાય રે, સાંખ્ય પૂરો તેનો ન કહેવાય રે,
અંતર સુખ તેને જાણો યોગ રે, અંતર શાંતિ નહિ તે વિયોગ રે. ૧૮
બન્ને ટાણે વિષયમાં ન લોભાય રે, સાંખ્ય પૂરો તેનો તો ગણાય રે,
થયું લખેશરીને બંધાણ રે, પાપડ ઘી ગોળ ખાંડનું જાણ રે. ૧૯
જોઈએ શાક અથાણાં ને ચટણી રે, રાયતાં આદિક ચીજો ઘણી રે,
ભૂખે સુકાય પણ નવ ખાય રે, છાશ રોટલો જાણો મન માંય રે. ૨૦
ગરીબ છાશ રોટલો ખાય રે, તો પણ જાડો શરીરે તે થાય રે,
એ તો અભ્યાસની છે વાત રે, જાણી લેવી તે તો ભલી ભાત રે. ૨૧
અંતર શાંતિ પમાડતા ભોગ રે, તરત નવ ત્યાગવા જોગ રે,
ત્યાગે તો સુખ જરા ન થાય રે, મૂળગો ભગવાનને ભૂલી જાય રે. ૨૨



એમ ભોગ ભોગવાય જ્યારે રે, વીર્ય પાત જરૂર થાય ત્યારે રે,
ધોળાં લૂગડાંવાળાનું કહ્યું રે, બીજાનું તો અધૂરું રહ્યું રે. ૨૩
ધોળા ભગવા ભીખ વાળા જેહ રે, તેને તો મોટું વિઘન એહ રે,
સ્વપ્નમાં વીર્ય જાય તેને રે, અપવાસ જરૂર કરવો એને રે. ૨૪

## પુષ્પીતાગ્રા

કરીઓ આમ અપાર પદ વારતાઓ, હરિએ જાણ વિચાર પાર પાઓ,
મળશે સુખ અપાર લાભ થાશે, ટળશે તાપ તમામ રોગ જાશે. ૨૫

॥ इति श्री गुरु ज्ञान गीतायां तृतीयोऽध्याय ॥ (अ.३)

# અખંડ ચિંતવન

## (વલણ)

કરવું અખંડ ચિંતવન જ્યારે જી, કેમ વર્તન રાખવું ત્યારે જી,
લખ્યું ચોથા અધ્યાયની માંયજી, સાંભળો એક ચિત્તથી સોયજી. ૧

## (દોહરા)

એના ચાર ઉપાય છે, લખ્યા વચનામૃત મધ્ય છત્રીશ,
પાંચમો તો હરિ કૃપાનો, વાત કહેવાની નહિ લખ્યું ઈશ. ૨

કહીએ તો કોઈ માને નહિ, કહેનારાને ઠરાવે મૂરખો,
અનુભવે જે તે માને, બીજાને નવ પડે પરખો. ૩
માટે પુરુષ પ્રયત્ન કરવો, સ્મૃતિ અખંડ રાખવા કાજ,
રાજી થાશે પ્રભુ કૃપા કરશે, અખંડ સાંભળશે વૃજ રાજ. ૪
ભગત ને ભગવાન બન્ને, કહે છે વળી એમ,
થાય એટલું કરો તમે, પ્રભુ વળગે તમોને જેમ. ૫
નહિ તો અમો બંને કૃપા કરશું, વળગશે પ્રભુ નિરધાર,
વચન મોટાના કેમ ફરશે, કૃપા કરશે પ્રાણઆધાર. ૬
મૂર્તિ દ્વારે જેણે અનેક જન્મે, કર્યું હશે હરિ ભજન,
તન મન ધન દીધાં હશે, રાજી કરવા ભગવાન. ૭
સાચી ભક્તિ દેખી જયારે, રાજી થયા પ્રભુજી આપ,
સંતરૂપ ભગવાનનો, તેને થયો પ્રત્યક્ષ મેળાપ. ૮
સેવક થયો પછી એહનો, પાળે જે કહે તે વચન,
ધ્યાન ભજન કરે એમનું, સંપૂર્ણ દઈ તન મન ધન. ૯
બાયડી છોકરાં દેહ સંબંધી, તેને અર્થે જેમ થાય,
તેવું જ કરી શકે ભગવાન અર્થે, પાત્ર એ તો ગણાય. ૧૦
પછી પ્રગટના પ્રતાપથી, થાય અતિ મોટો તે સંત,
હરિકૃપાનું પાત્ર થઈને, તારે જીવ અનંત. ૧૧



તન દીધું કોને જાણવું, કરે સેવા તને કહે જેમ,
મન દીધું એને જાણવું, મન વળે આજ્ઞા હોય એમ. ૧૨
સંશય કેદી કરે નહિ, હરિ વચનમાં કોઈ કાળ,
તેણે જ પુરું મન દીધું, એ કહે છે મરાળ. ૧૩
મન સંપૂરણ દીધું તેને, ધનનો ન હોય હિસાબ,
જેમ કહે એમ વાપરે, પ્રગટના પરતાપ. ૧૪
પૂર્વે જેણે પ્રગટની, સેવા કરી હશે સાર,
તેને આજ પ્રગટમાં, ડગમગાટ ન થાય લગાર. ૧૫
છેલ્લો જનમ તેને જાણવો, કૃપાપાત્ર થયો જે નાથનો,
અખંડ થાય ચિંતવન એને, ટળે વિઘન આ લોક સાથેનો. ૧૬
મન સાથે જેણે વેર કરીને, સેવા કરી હશે પ્રગટની,
કહેતાં મનના ના કહેવા છતાં, જીવે સેવા કરી હરિ રૂપની. ૧૭
પૂર્વના એવા બીજબળ વડે, નવ કરવું પડ્યું આજ વેર,
સ્વામી જેમ કહે તેમ, સેવા કરે મન રૂડી પેર. ૧૮
સ્વામીને વશ છે સાયબો, કરે જે કહે તે કામ,
જેમ આપણો ચાકર, આપણું કહ્યું કરે તમામ. ૧૯
પ્રગટના શિષ્ય જે થયા, દઈ પુરું તન મન ધન,
પરાણે પ્રભુ વળગાડશે, સ્વામી થઈને પ્રસન્ન. ૨૦

મનોરથો પૂરા થાય છે, અને થશે બાકી હશે જેહ,
પ્રગટના પ્રતાપથી, નવ રાખવો મન સંદેહ. ૨૧
સાચા ભક્ત બનાવશે, પ્રથમ ઓગણપચાસ અનુસાર,
ભગવાન રાખવા સહેલા થશે, દુઃખદાયક થશે સંસાર. ૨૨
બીજ બળનો અરથ રૂડો, સાંભળો સંતજન,
લીંબ બીજનો લીમડો, થાય કડવો કરો જતન. ૨૩
પાણી પાઈએ સાકરનું, પણ કડવાટ તે નવ જાય,
શેરડી બીજને ખાતર પાણી, લીંબ પાન અપાય. ૨૪
તો પણ રસ શેરડી તણો, થાય ગળ્યો એ બીજ બળ,
એમ સંતો સમજજો, બીજબળ આપણે સબળ. ૨૫
વેર કર્યું હશે પૂર્વે, મન સાથે સ્વામી સેવા કાજ,
આ જન્મમાં એ જ બળથી, નવ કરવું પડ્યું ભાઈ આજ. ૨૬
જેમ કહે એમ કરવું, સ્વામી વચન પાળવા માટ,
સ્વામી તેથી કૃપા કરશે, ટળશે બધા ઉચાટ. ૨૭
સ્વામીને વશ ભગવાન છે, કહેશે તેને વળગશે આપ,
ગમતું કરશો સ્વામી તણું તો, મટશે સૌ સંતાપ. ૨૮
પણ પાત્ર થયા વિના, વળગશે તો સુખ ન થાય લગાર,
પાત્ર થાઓ તો સુખ પુરું, આવશે નિરધાર. ૨૯



જગત મિથ્યા વિષય ખોટા, ભગવાન સત્ય જણાય,
યથારથ એવું જ્ઞાન થાય તો તે જન પાત્ર ગણાય. ૩૦
ભગવાન એકલા સત્ય રહે, અને વળગે જો ભગવાન,
સંપૂર્ણ સુખ પામે તે જન, એમ સમજવું ગુણવાન. ૩૧
અક્ષર પુરુષના બુંદથી, બ્રહ્માંડ ઉપજે અપાર,
આત્યંતિક નાશ પામે, લખ્યું છે શાસ્ત્ર મોઝાર. ૩૨
પિંડ ને બ્રહ્માંડ સર્વે, નાશવંત જરૂર,
માટે જગત મિથ્યા છે, એમ સમજજો ઉર. ૩૩
વિષય ખોટાની વાત કહું, કેવળ પ્રજા માટે છે દોષ
બાળ વૃદ્ધમાં નથી જણાતા, તેનો નથી કાંઈ અફસોસ. ૩૪
બાળકને હોતા નથી, જુવાનીમાં એ જ જણાય,
ઘડપણમાં દેહમાં નથી, પણ પડ્યા રહે છે મન વાસના, ૩૫
જનમ મરણ દુઃખ ભોગવે, પામે દેહ ચોરાશી જાતના. ૩૬
અનુભવ કરાવી સત્ય સુખનો, સુખ મનાવ્યું ભગવાનમાં,
પ્રગટના પરતાપથી, સંતો સમજજો તમે સાનમાં. ૩૭
એ સુખના પડઘા વડે, તાણી લેશે હરિ નિરધાર,
હરખ શોક કોઈ વાતનો, નવ કરવો સમજી સાર. ૩૮
મધ્ય ચોથામાં હરિ કહ્યું, અખંડ ચિંતવન કેમ થાય,

પ્રગટને નિર્દોષ જાણે, જેવા અક્ષરમાં છે રાય ૩૯
સદા રહ્યા અક્ષરમાં, નથી આવ્યા ગયા એ કાંય,
શુભ અશુભ એનાં ચરિત્ર સર્વે, દેખાવા માત્ર મનાય. ૪૦
તરક મન કરે નહિ, કેમ થયું આ કેમ થાય,
મન કર્મ વચને કોઈ દી, નવ દોષ હરીમાં મનાય. ૪૧
બાજીગર કરે રૂપિયો, પણ કાંકરો મનાય મન,
નટ ચઢે પડે કકડા થઈ પણ, કપાયું નથી એનું તન. ૪૨
એમ હરિનાં સૌ ચરિત્રમાં, મન તર્ક ન કરે કોઈ કાળ,
અખંડ ચિંતવન હરિ તણું, ત્યારે થાશે ભાઈ તત્કાળ. ૪૩
નિસ્તર્ક બુદ્ધિ કરવી પડે, કરવું પડે ત્યાં સુધી ભજન,
થઈ છે એટલું થાય છે, સૌ વિચારી જુઓ મન. ૪૪

## પુષ્પીતાગ્રા

અકળ અપાર વાત હરિની જ કા'વે,
ભવ જળ રોગ તમામ, નાશ પાવે,
ફરી ફરી વાંચી વિચારી સાર શોધી,
રટ રસના હરિ નામ સુખ બોધી. ૪૫

॥ इति श्री गुरु ज्ञान गीतायां चतुर्थोऽध्याय ॥ (अ.४)



## સંકલ્પ કેમ ટાળવા - વિગેરે

### (વલણ)

સંકલ્પો કેમ ટાળવા, તથા બીજી બહુ વાત રે,
લખી પાંચમે જાણજો, બોલ્યા હરિ સાક્ષાત રે. ૧

### (ચોપાઈ)

વચનામૃત પ્રથમ ત્રીસ,ઘાટ સંકલ્પનું લખ્યું ઈશ,
વાંચવું મનવૃત્તિએ એહ, ભગવાન સમજાવશે તેહ. ૨
નવી નવી વિદ્યા નિરધાર, પિંડના હરિ પ્રાણ આધાર,
લીલા પ્રગટની જે જે થાય, રહે દિવ્ય ભાવ ત્યાં સદાય. ૩
રાખવો નવ પડે એ જ્યારે, થાય દિવ્ય પોતે તે જ વારે,
જેવો જાણે એવો પોતે થાય, એમ લખ્યું છે શાસ્ત્રની માંય. ૪
આખા બ્રહ્માંડમાં જે જે બને, દેખે સાંભળે ઉપાડે તને,
પામે સિદ્ધ દશા તતકાળ, જેના બેલી થયા છે મરાળ. ૫
ધ્યાન વચન બે છે ઉપાય, ઘાટ સંકલ્પો તો ટળી જાય,
નિંદો નહિ જોઈ વૃત્તાંત, થઈ જાય જગત મન શાંત. ૬
એમ વરતવું આપણે ભાઈ, થાય સર્વેને જે સુખદાઈ,
વિષય માગે મન જ્યારે જોરે, પાછું વાળવું એ થોડે થોડે. ૭

તોય વળે નહિ જ્યારે તેહ, આપવા ભોગ શાસ્ત્રે લખ્યા જેહ,
પછે ધક્કો ખાઈ પાછું વળશે, ત્યારે સર્વ આપદાઓ ટળશે. ૮
ધક્કો એટલે નહિ મળે સુખ, જ્યાં જ્યાં જાશે ત્યાં દેખશે દુઃખ,
માટે છાશ રોટલો તો સારો, પણ મનનો ટળે જો કૂટારો. ૯
વિષય સુખ કેવળ દુઃખરૂપ, શાસ્ત્રમાં લખ્યું એનું સ્વરૂપ,
પ્રથમ આડત્રીશ, પ્રમાણ, મન નવરું ન રાખવું જાણ. ૧૦
ઘાટ સંકલ્પ હરિના કરવા, મનને નવ જાવા દેવું ફરવા,
એક ટાળે બીજો રજૂ કરવો, બીજો ટળે ત્રીજાને સાંધવો. ૧૧
પરમહંસે સહિત મહારાજ, આંહી ગયા આંહી આવ્યા આજ,
પૂજાયા આવી કરી વાત, સૂણી મેં જાતે સાક્ષાત. ૧૨
ચરિત્ર રૂપી જાળા મોઝાર, મન ગૂંચવવું નિરધાર,
નવરું રહેવા દેવું નહિ મન, એમ કહ્યું છે શ્રી ભગવાન ૧૩

**(વલણ)**

કેવા પ્રગટને સમજવા, યથા શાસ્ત્ર નિરધાર રે,
વિકલ્પવાળા બોલને, નિર્વિકલ્પનો સાર રે. ૧૪

**(ચોપાઈ)**

આવ્યા પ્રકૃતિમાં ભગવાન, તોયે જાણવા પ્રતાપવાન,
માયા કરી શકે નહિ બાધ, મર કરે કોટિ અપરાધ. ૧૫



કરતા અકરતા જાણવા એને, સમજે જે હરિ નિરબાધ તેને,
નિશ્ચય સવિકલ્પ કહેવાય, નિરવિકલ્પ નવ ગણાય ૧૬
નિર્વિકલ્પે ઘાટ ન થાય, કર્યું સાચું ખોટું હરિરાય,
પાંચ સાત વરસ સુધી જેમ, બાળક સૂવે માતા પાસે તેમ. ૧૭
સગાં વહાલાં ઘડે નહિ ઘાટ, નથી મનમાં કરતાં ઉચ્ચાટ,
ભોગ બુદ્ધિ તણો નિરધાર, ઘાટ ઘડે નહિ કોઈવાર. ૧૮
તેમ હરિ ચરિત્રમાં થાય, સારો ભૂંડો ન ઘાટ ઘડાય,
એ તો અક્ષરપતિ અવિનાશી, વિરાજે છે સદા ચિદાકાશ. ૧૯
એવી અખંડ સમજણ થાય, નિરવિકલ્પ જ્ઞાન ગણાય,
બાજીગર રૂપી ભગવાન, દેખાડે કાંકરો રૂપવાન. ૨૦
સ્નેહ કરાવવાની એ લીલા, જાણી લેજો હો સંતો રસીલા,
એ તો જન્મ્યા નથી નિરધાર, નથી કરતા અકરતા મોરાર. ૨૧
નથી આવ્યા ગયા એમ જાણો, સદા અજનમા છે પ્રમાણો,
નટ ચઢતો દેખાય આકાશે, પડે કકડા થઈ નૃપ પાસે. ૨૨
બળે નટ સ્ત્રી કકડા સાથ, એ તો નટ વિદ્યાની છે ગાથ,
નથી ચઢ્યો પડ્યો નથી બળ્યો, નટ ખેલ નવ જાય કળ્યો. ૨૩
તેમ પ્રભુ કળા છે અનંત, કેમ પાર પમાય હો સંત,
એમ નિસ્તર્ક બુદ્ધિ રહે જ્યારે, પાઠ નિર્વિકલ્પ ચાલ્યા ત્યારે. ૨૪

(મંજુ ભાષિણી)

નવ આવિયા, નવ ગયા હરિ કદા,
કરતા નથી 'અકરતા નથી સદા,
ભવરોગનાશ કરવા જણાય છે,
ધરતાં જ ધ્યાન ભવરોગ જાય છે. ૨૫

॥ इति श्री गुरु ज्ञान गीतायां पंचमोऽध्याय ॥ (अ.५)

## ભગવાનના સાચા સ્નેહી

(દોહા)

શ્રી પ્રગટ સ્વરૂપને, પ્રણમી વાર હજાર,
જ્ઞાન વાર્તા હરિ કરી, તેનો લખું છું સાર. ૧
સાચા સ્નેહી હરિ તણા, કોણ કહ્યા મહારાજ
સંતો સુણજો સ્નેહથી, સુધરશે સહુ કાજ. ૨

(ચોપાઈ)

મૂર્તિ દ્વારે ભજ્યા ભગવંત, સોંપી સર્વસ્વ તનમનધન,
અનંત જન્મ એમ સેવ્યા રાજ, રાજી થયા નહિ મહારાજ. ૩
અર્પ્યું લીધું નહિ એમ નાથ, બોલ્યા નહિ ન થયા સાક્ષાત,
રાખ્યો આધાર વિષયનો એણે, નવ લીધું નવ બોલીઓ તેણે. ૪
પર કાલાવાલાઓ અપાર, કર્યા મૂર્તિ દ્વારે નિરધાર,



તેથી રાજી થઈ બોલ્યા આજ, લીધાં તન મન સુધાર્યાં કાજ. ૫
કાલા ઘેલા લાગે અતિ વહાલા, કાલા બાળક બોલ રસાળા,
થઈ પ્રગટ માગીયું સર્વ, જેણે આપીયું મૂકીને ગર્વ. ૬
તેજ સાચા સ્નેહી એના જાણો, જેના લખીઆં શાસ્ત્રે પ્રમાણો,
એ જ જાણો હરિની કૃપાય, એ જ સાચો મિત્ર ગણાય. ૭

(દોહા)

સાચા મિત્ર શ્રી હરિ તણા, વર્ણવીયા નિરધાર,
દિવ્ય ચરિત્રો નાથનાં, નીચે લખીઆં સાર. ૮

## શ્રી હરિનાં દિવ્ય ચરિત્રો

(ચોપાઈ)

જીવ ઈશ્વર તણો મેળાપ, કહો કેટલા શેરની વાત,
કીડી કુંજર મેળાપ એ જાણો, મોટું દિવ્ય ચરિત્ર પ્રમાણો. ૯
જીવ મોઢે પૂછે કાગળે જેહ, આપે ઉત્તર રાજી થઈ તેહ,
થયા મનુષ્ય જેવા નિરધાર, એ જ મોટું દિવ્ય ચરિત્ર સાર. ૧૦
વળી બીજું જે દિવ્ય ચરિત્ર, કીયું કહેવાય પરમ પવિત્ર,
વિષય સુખ કેવળ દુઃખ રૂપ, પ્રથમ સારંગપૂરે લખ્યું અનૂપ. ૧૧
જીવ અર્થે કેવળ દુઃખમય, નરનાટક ભજવીયું ત્યાંય,

એજ દિવ્ય ચરિત્ર કહેવાય, સૂણતાં જીવ પવિત્ર જ થાય. ૧૨
વિષય કેવળ દુઃખ રૂપ નહિ, વિષય સુખ કેવળ દુઃખ સહી,
વિષય દુઃખરૂપ છે સાર, પણ કેવળ નહિ નિરધાર. ૧૩
કહેતાં કાંઈ સુખ એમાં ખરું, પછી અપાર દુઃખ આકરું,
વિષય સુખ કેવળ દુઃખરૂપ, સુખ લેશ નહિ એ સ્વરૂપ. ૧૪
લખી ઈંદ્રની શાસ્ત્રમાં વાત, સૌ સૂણજો તે સાક્ષાત,
હતી ઈંદ્રાણી ઘરમાં અનૂપ, ભોગવતો દુઃખો સોતું કંઈ સુખ. ૧૫
એનું નામ વિષય કહેવાય, કહું વિષય સુખ મહીમાય,
પેઠો ગૌતમ ઘરમાં તેહ, કેવળ દુઃખ રૂપ જાણો એહ. ૧૬
ભોગવ્યું એમાં દુઃખ અપાર, સુખ દીઠું નહિ રે લગાર,
એવું વિષય સુખનું દુઃખ, સમજી રાખવું તેનું સ્વરૂપ ૧૭
પરણી પંચે આપી જે નાર, વિષય દુઃખ સારું નિરધાર,
કામ પીડાથી દુઃખ જે થાય, તે દુઃખ સ્ત્રી થકી મટી જાય ૧૮
પણ સ્ત્રીમાં નથી કાંઈ સુખ, કામ પીડાનું થએલું દુઃખ,
તે દુઃખ સ્ત્રીથી ગયેલું જણાયું, એમાં સુખ છે એમ કહેવાયું. ૧૯
આત્મામાં સુખ રહ્યું છે સાર, દુઃખે સુખ ન નીકળ્યું બહાર,
દુઃખ ગયુ ને જણાયું સુખ, એ તો આત્માનું સુખ અનૂપ. ૨૦



ગુમડાદી પીડા જે જે થાય, એ તો સુખ આત્માનું કહેવાય. ૨૧
દુઃખે સુખ દાટ્યું હતું જેહ, દુઃખ ગયું નીકળીયું તેહ,
પણ સુખ નથી નારી માંય, દ્રઢ સમજજો મનમાંય. ૨૨
પરણેલીમાં છે કેટલું પાપ, ભોગવે ઘણાં દુઃખ સંતાપ,
કામ દુઃખ નિવારણ થાય, દુઃખ સંસારે ન વર્ણવાય. ૨૩
દુઃખ સ્થાનક સંસાર કહ્યો, શાસ્ત્રમાંથી એનો મર્મ લહ્યો,
બીજે દુઃખ આવે ને રે જાય, સ્થાન એનું છે સંસારમાંય. ૨૪
ભેખ આદિ જે સ્ત્રીથી વિરક્ત, માગી ખાનાર સંસાર મુક્ત,
તેની પાસે આવે દુઃખ જાય, દુઃખ સ્થાનક સંસાર માંય. ૨૫
જીવે ત્યાં સુધી ત્રિવિધિ તાપ, ભોગવે પોતાની સ્ત્રીનું એ પાપ,
સ્ત્રીને સ્ત્રીથી થઈ જે પ્રજાય, તેનું પોષણ દુઃખ સમુદાય. ૨૬
દેશ પરદેશ આથડે જીવ, થાય હેરાન રાત દી અતીવ,
અનેક વસ્તુઓ કમાવા કાજ, ધન પ્રાપ્તિના જુદા જુદા સાજ. ૨૭
એવાં દુઃખ સહે છે અપાર, એજ પાપ ભોગવે સંસાર,
મૂઆ પછીના પાપની વાત, સૌ સાંભળજો સાક્ષાત. ૨૮
એક સ્થાને ઘણું રહેવાય, જીવ વાસના ત્યાં બંધાય,
કહ્યું મહારાજે શાસ્ત્રની માંય, એક સ્થાન ગોદોહન રહેવાય. ૨૯

ઝાઝું રહે તો બંધન થાય, જીવ વાસના ત્યાં બંધાય,
ગાળી ઉમ્મર પરણી સાથ, બંધાઈ વાસના એની સંગાથ. ૩૦
જન્મમરણ ભોગવવો એહ, મૂઆ પછીનું પાપ છે તેહ,
સમજી રાખવો પરમ સિદ્ધાંત, સાક્ષાત શ્રીમુખે કહ્યું છે વૃત્તાંત. ૩૧

**(મંજુ ભાષિણી)**

હરિ મૂર્તિમાં મન સદા ઠરાવજે, વચનો વિચારી હરનિશ પાળજે,
નવ ધારતાં જ વચનો વિસારતાં, દુઃખડાં વધે તને મને દિને દિને. ૩૨

॥ इति श्री गुरु ज्ञान गीतायां षष्ठोऽध्याय ॥ (अ.६)

**(દોહા)**

સાતમે પ્રગટ ને પ્રમાણના, અર્થે જે હરિ કર્યા જ વર્ણવ્યા,
શિષ્ય પાપ ઘર ભંગ તે તણા, દિવ્ય કામ ભગવાનનાં કહ્યાં. ૧
પ્રગટને પ્રમાણ જેવા, સ્નેહીની કહું વાત,
પ્રગટ કહેતાં જ્ઞાની અજ્ઞાની, દેખે તેને સાક્ષાત. ૨
ભગવાન રૂપ સંતને, તથા ભગત રૂપ જે સંત,
બંનેને સાક્ષાત દેખે, બધા પ્રગટ જાણે ગુણવંત. ૩
પરોક્ષને બધા દેખે નહિ, દેખે જ્ઞાની એકલા જન,
પ્રગટ ભાદરણ ગામના, જ્ઞાની અજ્ઞાની દેખે જન. ૪



નારદ દુર્વાસા હનુમાન આદિ, સંતરૂપ ભગવાન,
અજ્ઞાની નથી દેખતા, દેખે જ્ઞાની અને ગુણવાન. ૫
પરોક્ષ એને જાણવા, નવ પ્રગટ કહેવાય તેહ,
પ્રમાણ શબ્દનો અર્થ હવે, સાંભળજો કહું જેહ. ૬
શાસ્ત્ર પ્રમાણે લક્ષણ એનાં, મળતાં આવે નિરધાર,
પ્રમાણ એને જાણવા, સમજો અર્થ અનુપમ સાર. ૭

**વસંતતિલકા**

જાણી દયા હરિ તણી, અતિશે જ આજે,
જીવો તણા વિષયને હણવા જ કાજે,
રૂડા પ્રકાર સુખના હરિએ બતાવ્યા,
શિરે ચઢાવી સુજનો, સુખીઆ જ થાજો. ૮

॥ इति श्री गुरु ज्ञान गीतायां सप्तमोऽध्याय ॥ (अ.७)

**રથોદ્ધતા**

આઠમે હરિ તણાં કહેલ જે, લક્ષણો વરત પંચનાં જ તે,
પાળવાં નિરવિકલ્પ નિશ્ચયે, વર્ણવ્યાં મન વિષે ઉતારવાં. ૧

## (ચોપાઈ)

નિર્વિકલ્પે પાંચ વર્તમાન, નિષ્કામ નિર્લોભ નિર્માન,
નિરસ્વાદ ને નિરસ્નેહ જાણો, લક્ષણ વિગત વાર ઉર આણો. ૨
પારકીને પોતાની જે નાર, કાપે તન જેમ તલવાર,
નવ ભોગવવી જાણો એહ, ભોગવે તો લોપ્યું વર્ત તેહ. ૩
નિરલોભની સાંભળો વાત, કરી શ્રી હરિએ જે સાક્ષાત,
દેહ નિર્વાહ કરવા કાજ, કરવો ઉદ્યમ ન રાખવી લાજ. ૪
જીવ પર્યંત પોષણ થાય, એટલો જ ઉદ્યમ કરાય,
વધુ કરે લોપાય વર્તમાન, સૌ સાંભળજો ગુણવાન. ૫
સૂણો નિરસ્વાદની હવે રીત, વર્ણવી છે જે પરમ પૂનિતઃ
એક જમણે બે વસ્તુ હોય, ભેગું કરીને ખાવી સોય ૬
હોય ઝાઝા છપ્પન ભોગ જ્યારે, બધુ ભેગું કરી ખાવું ત્યારે,
જુદું જુદું મુખમાં મુકાય, તો તો નિરસ્વાદી વર્ત લોપાય. ૭
હવે નિરસ્નેહી વર્તમાન, વર્ણવું તે રાખજો ધ્યાન,
વગર ખપનો કરવો સહવાસ, માણસ પદારથ જોડે ખાસ. ૮
મન કર્મ વચને નિરધાર, તો તો લોપાયું વર્ત જાણે સાર,
હવે પાંચમાનો પરકાર, નિરમાની વરતનો સાર. ૯
સૌ સાંભળજો રાખી ચિત્ત, પાળ્યે લાભ થશે રે ખચિત,



હું માસ્તરને પાટીદાર, લાગું મહીનો મોટો અમલદાર. ૧૦
મોટા કુળનો કીર્તિમાન, હું તો આ લોકમાં ગુણવાન,
એવું રાખી મન અભિમાન, કરે ગરીબનું અપમાન. ૧૧
નીચ કુળનો ભગવાન ભક્ત, પ્રગટ પ્રભુનો જગથી વિરક્ત,
એના આગળ કેફ જણાવી. કરે અપમાન હું પદ લાવી. ૧૨
તેણે લોપિયું એ વર્તમાન, માટે મોહે ન ભૂલવું ભાન,
પ્રગટનો મિત્ર આપે કદિ માન, નવ રાખવું તેણે ગુણવાન. ૧૩
એની આગળ છોડવું માન, તો તો પળાયું વર્ત નિરમાન,
જગત જીવ પ્રતિમાના ભક્ત, બીજા આશરાવાળા જે જક્ત. ૧૪
તેની આગળ રાખવું માન, નવ રાખે તો બગડે કામ,
ઘટે એટલું રાખવું સાર, તો તો રાજી થાય કિરતાર. ૧૫
પંચ વર્તમાન પૂરાં થયાં, લખ્યાં જેવાં હરિએ કહ્યાં,
સવિકલ્પ વર્તમાન ચાર, દારુ માટી ચોરી ને છીંનાળ. ૧૬
પાળે તો મરીને મુક્ત થાય, સૌ સમજજો મન માંય,
નિરવિકલ્પે પાળે નવ (વર્તમાન) જ્યારે,
થાય જીવન મુક્ત એ ત્યારે. ૧૭
પાળે નહિ તેને તેટલી ખોટ, નવ પામે તે જીવતાં મોટ,
જીવ બળને પામતો જાય, વધારે વર્તમાન પળાય. ૧૮

સંત સમાગમ દુર્લભ ભાઈ, સુખ રહ્યું હરિ ચરણમાંહી,
કાં સંતમાં રહ્યું નિરધાર, સમજી રાખોને આ સૌ સાર. ૧૯
કરો આદર ભજનનો ભાઈ, વાધે પ્રભુ સંગે સગાઈ,
એ જ સુખનો ઉપાય જાણો, લખ્યાં શાસ્ત્રમાં એનાં પ્રમાણો. ૨૦

## (વૈતાલ્યમ્)

લખિયાં વચનો હરિ તણાં, સમજીને જીવમાં ઉતારજો,
સુખિયા કરશે જરૂર એ, પળતાં દુઃખ તમામ વામશે. ૨૧

॥ इति श्री गुरु ज्ञान गीतायामष्टोऽध्याय ॥ (अ.८)

## (વૈતાલ્યમ્)

જગના કરતા હરિ દયાળા, પ્રગટ્યા છો અમ કાજ આજવા'લા,
કરવા તમને પ્રસન્ન સ્વામી, મનમાં છે અભિલાષ આજ નામી. ૧
ટળજો વિઘનો થતાં જ તેમાં, ફરમાનો પળજો તમે કહેલાં,
જપજો જીવ જાપ રાતદા'ડો, બની ભક્તિ ભજનો તણો અખાડો. ૨

## (દોહા)

પ્રથમ ચૌદમાં હરિ લખ્યાં, દાસ લક્ષણો સાર,
વર્ણન કરવું તેહનું, સૂણજો રાખી પ્યાર



## (ચોપાઈ - રામાયણની)

જાણે આત્મા સત્ય હરિ દાસ, મિથ્યા દેહ જગતથી ઉદાસ,
કરે અર્પણ તન મન ધન, કરવા શ્રી હરિજીને પ્રસન્ન ૪
દાસ ત્રણ પ્રકારના હોય, ઉત્તમ મધ્યમ કનિષ્ટ જોય,
લખુ લક્ષણ જૂજવાં જાણો, સ્થિર ચિત્તે મનમાંહી આણો. ૫
વિષય ખોટા જાણ્યા નિરધાર, સત્ય પ્રભુજી મન મોઝાર,
તેથી વાપરે તન મન ધન, કેવળ રાજી કરવા જીવન. ૬
પણ ભૂંડા દેશ કાળે કરી, કાં તો કુસંગથી બુદ્ધિ ફરી,
અવળું વરતાઈ જો જવાય, મનમાં સારું કર્યું નવ થાય. ૭
કે'તાં સર્વે ઈચ્છા જેની ગઈ, એક પ્રભુ પ્રસન્નતાની રહી,
તે તો ઉત્તમ દાસની, રીત પરમ સત્ય આ વાત ખચિત. ૮
રાખે પુત્ર કલત્રમાં પ્યાર, અરધો રાખે હરિ મોઝાર,
તે તો મધ્યમ હરિનો દાસ, અરધો રહે જગથી ઉદાસ. ૯
દાસ કનિષ્ટ લક્ષણ જેહ, સાંભળજો સૌ હવે તેહ,
પુત્ર પોષણ પ્રેમથી કરે, સ્ત્રીની સેવામાંહી મન ફરે. ૧૦
એમ કરતાં ખૂટે નહિ કાળ, ત્યારે સંભારે મન મરાળ,
કરે સેવા તન મન ધન, દાસ કનિષ્ટ એવો જન. ૧૧
સવિકલ્પ નિશ્ચયમાં જાણો, દાસ ભાવ રહ્યા પરમાણો,
નિરવિકલ્પમાં નિરધાર, રહે આત્મભાવની જાણો સાર. ૧૨

ચોસઠ પ્રથમના અનુસાર, કરે સમજણ પાકી નિરધાર,
આત્મા અક્ષર હરિનું શરીર, શરીર જાણો હરિ બળવીર. ૧૩
લખ્યું શિક્ષાપત્રી માંહી એમ, દેહમાં જીવ રહ્યો જેમ,
તેમ જીવમાં રહ્યા ભગવાન, માટે જીવ હરિ દેહ માન. ૧૪
જીયાં સુધી રહે દેહ જીવ, દેહ બગડે નહિ જરાય,
જીવ જતાં દેહ સડી જાય, પડે કીડા પછે ધૂળ થાય. ૧૫
માટે જીવથી દેહ રહે સારું જીવ ગયાથી દેહ નઠારૂં,
તેમ ભગવાનથી જીવ સારો, ભૂલે ભગવાન જીવ નઠારો. ૧૬
વિષય સુખની ઈચ્છા થાય, તે તો બગડ્યો જીવ કે'વાય,
તે તો (ઈચ્છા) જ્ઞાન પ્રલયથી બાળો, અખંડ ભગવાનને સંભારો. ૧૭
જીવ જીવન છે ભગવાન, જીવન જાતાં દુઃખી જીવ મન,
જીવ વિષય સુખમાં જાય, પ્રભુજી મનમાં કચવાય. ૧૮
આવેલું સુખ નાશી જાય, ફરી આવે નહિ જરાય,
જીવ આકુળ વ્યાકુળ થાય, આવ્યું મોત જાણ્યું મનમાંય. ૧૯
વિષય સુખની ઈચ્છા બાળો, મોટો રોગ એ મનનો ટાળો,
રહે સુખ શાંતિ સદાય, સદા હરિ ભજન મનમાંય. ૨૦
હેતુ દેહમાં જીવન ધન, આત્મ જીવન છે ભગવાન,
જાય જીવન તે દુઃખ થાય, રાખો જતન કરી સદાય. ૨૧



આત્મા શરીરમાં નહિ ભેદ, બોલ્યા હરિ જાણો તે વેદ,
દેહ ભાવમાં શાંતિ અન્ન ધન, આત્માભાવમાં શાંતિ જીવન. ૨૨
અન્નધનની શાંતિ કરતાં, થઈ વધારે હરિ સમરતાં,
તેથી દેહભાવ ગયો જાણો, આવ્યો આત્મ ભાવ પરમાણો. ૨૩

**(દોહા)**

ભાવ કરી આ જ્ઞાનને, ઉતારો મન માંય,
સિદ્ધ કરો જો એહને, જીવન મુક્ત થવાય. ૨૪

इति श्री गुरु ज्ञान गीतायां नवमोऽध्याय । (अ.९) संपूर्णम्

## શ્રી પૂર્ણ પુરુષોત્તમ નમો નમઃ

# શ્રી ગુરુ ગોવિંદ જ્ઞાન ગીતા

લેખક : મુક્ત શ્રી ગોવિંદભાઈ માસ્તર

### હરિ ગીત

હે નાથ જગતના તાત પ્રભુ વિખ્યાત, અક્ષરના પતિ,
શ્રી ગુરુ ગોવિંદ જ્ઞાન ગીતા, સમારંભ આજથી,
કરવો જ ધાર્યો ઉરથી, ઈચ્છા તમારી સાંભળી,
તો સહાય કરજો નાથજી, એ વિનંતી છે માહરી. ૧

## ચોપાઈ

ખેડા જિલ્લામાં ઉમરેઠ ગામ, રહે ભગત ગોવિંદ નામ,
કરે નોકરી રહી અમરેલી, કરે ભગતી બની આવે એવી. ૨
તેના ગુરુ રહે ભાદરણ ગામ, પેટલાદ મહાલે રૂડું ઠામ,
પુરુષોત્તમ છે જેમનું નામ, નીરખી લાજે કોટિક કામ. ૩
સંવત ઓગણી ચોસટ સાલ, લખીઓ કાગળ એક વિશાળ,
શિષ્યે ગુરુને મોકલ્યો જેહ, તેનો ઉત્તર દીધો છે તેહ. ૪
કરુ વર્ણન વિગતવાર, ગુઢ વાત છે એ નિરધાર,
જ્ઞાન ત્રણ પ્રકારનું કા'વે ઉત્તમ મધ્યમ કનિષ્ટ જે આવે. ૫
તેમાં કહેવાય ને જે થાય, એમ ભેદ કેમ સમજાય,
એવા પ્રશ્નને સાંભળ્યો જ્યારે, ઉત્તર લખે છે ગુરુજી ત્યારે. ૬
કનિષ્ટ જ્ઞાન કોણ કહેવાય, તેની વિગતવાર કથાય,
લખું છું તે વાંચી એક ચિત્તે, સમજ્યો કે નહિ તેહ રીતે. ૭
તેનો ઉત્તર લખવા કાજ, દીધી આજ્ઞા મને ગુરુરાજ,
કનિષ્ટ જ્ઞાન ભક્ત સમોહ, પંચ ભૂતમાં ન પામે મોહ. ૮
મોહ કોને કહેવો તેની રીત, વાંચ સારી ઠરાવજે ચિત્ત,
દશ હજારની નોટ હોય, સાચવી રાખી મૂકીએ સોય. ૯



નકલ લખેલી એના રે જેવી, નથી સાચવતા બુદ્ધિ એવી,
વહેવાર તણો એ છે વિવેક, મોહ તે ન કહેવો રતી એક. ૧૦
મોહ તો જુઓ આનું રે નામ, ઈન્દ્રિયોને જ્યારે વ્યાપે કામ,
રૂડી રૂપાળી શણગાર વાળી, કૂડી કુબડીને વર્ણે કાળી. ૧૧
અધિક ન્યૂન નથી તલભાર, કામ સમાવે બેઉ એક હાર,
સારા ખોટા પણાની જે ભ્રાંતિ, એવો મોહ કરે છે અશાંતિ. ૧૨
કૂડી ભોગવી શાંતિ નવ થઈ, તેથી વૃત્તિ રૂપાળીમાં ગઈ,
જાણે એમાં તો સુખ છે ઘણું, આવી મુરખાઈ લક્ષણ મોહતણું, ૧૩
એવો મોહ જેને નવ થાય, તે તો કનિષ્ટ જ્ઞાની કહેવાય,
અંગ્રેજી આઠ જે ભણ્યો, હલકી નોકરી લાયક બન્યો. ૧૪
પણ નથી ભણ્યો જે જરાય, તેને લાયક નવ ગણાય,
કોઠી થાંભલા ઘરમાંના જેહ, દેખ્યા નથી અનુમાન્યા તેહ ૧૫
એ તો અનુમાન્યા કહેવાય, પણ તેને દેખ્યા ન ગણાય,
આવી સમજણ જેને ઉર થાય, દીવા જેવા જ્ઞાની કહેવાય. ૧૬
કનિષ્ટ દીવા જેવા તે એક, એમ સમજવું તે વિવેક,
કહેવાયાની લખી છે આ રીત, થયાની લખું સાંભળ ચિત્ત. ૧૭
જ્યારે હૃદયમાં થાય ઉજાસ, દીવા જેવો જણાય પ્રકાશ,
માલ દેહ ઘરનો જણાય, માટે મોહ તેને નવ થાય. ૧૮

પંચભૂતનું બનેલું દેહ, સાક્ષાત દેખાઈ ગયું છે તેહ,
માટે રૂપ કુરૂપનો એને, મોહ નવ થાય રતી તેને. ૧૯
જેમ આઠ ચોપડી ભણેલો, કહેવાય નોકર તે પે'લો,
પણ જ્યારે નોકરીએ જાય, ત્યારે નોકર થયો કહેવાય. ૨૦
પંચ ભૂતે બનેલી આ કાય, માની મને દેખી ન જરાય,
માટે માને તે તો કહેવાય, દેખે અજવાળે થયો મનાય. ૨૧

**દોહરો**

દીવા જેવા કનિષ્ટની, કહેવાય થયાની રીત,
લખી છે જે વિગતે કરી ઠીક ઠરાવજે ચિત્ત. ૨૨

॥ इति श्री गुरु ज्ञान गीतायां प्रथमोऽध्याय ॥ (अ.१)

**ઉપજાતિ**

પરલોકનો લોભ થોડો જ તેથી, કનિષ્ટ દીવા જેવા ભગતને,
ઈચ્છા થઈ જે થાઉ જેમ હું છું, દીવો હૃદયમાં પ્રગટ્યો જ તેને
વધે નહિ તે પછી તો જરાય, નોકર થયો તે દસબાર કેરો,
સો વર્ષ જીવે પછી જ જોએ, વધે ઘટે નહિ તલ એક ભાર. ૨
આ લોક પરલોક બંને જગાએ, કનિષ્ટ સુખીઓ તે તો જ થાય,
નંબર ત્રીજો અક્ષરધામે, કનિષ્ટ દીવા જેવો જ પામે. ૩



મશાલ જેવા મધ્યમ ભગતનું, બન્ને પ્રકારે વર્ણન કરેલું,
કહેવાય થયા તણુંજ જે છે, હવે લખું છું સુણ રાખી ચિત્ત. ૪
મધ્યમ થયાના અધિકાર કોને, કહેવાય દીવા જેવો જ તેને,
દીવો થએલો ન વધે જરાય, મર્મ લખ્યો છે ધર ચિત્ત માંય. ૫

**દોહરો**

કહેવાય દીવા જેવો તેણે, અનુમાન બાંધ્યું એમ,
પંચભૂત જેમ મારા શરીરમાં, બધાંના શરીરમાં તેમ. ૬
આખા બ્રહ્માંડમાં આકાર જેટલા, દીઠેલ સાંભળેલ હોય,
અનુમાનથી પંચ ભૂતના, સઘળા બનેલા સોય. ૭
જીવો અને ઈશ્વર તણા, બન્યા જૂજવા જૂજવા દેહ,
નાશવંત એ માયા સઘળી, મનમાં સમજે તેહ. ૮
પઠન કર્યું સદ્દશાસ્ત્રનું તેમાં સાંભળી વાંચી પાંચ ભેદ,
જીવ ઈશ્વર અને માયા, બ્રહ્મ પરબ્રહ્મ વદે વેદ. ૯
અનુમાને દઢ ચિત્ત બેસાડી, સમજી રાખ્યા સાર.
મોહ તેને કેમ ઉપજશે, જેના ઉરમાં ઉંડો વિચાર. ૧૦
રૂપ જોવાં ને ઘાટ જોવા, જોવા દેશ વિદેશ,
અનેક ઉરમી શમે તેને, જેને આવ્યો પરમ વિવેક. ૧૧
બ્રહ્માના એક દિવસમાં, થાય ચૌદ લોકનો નાશ,

મોહ ન પામે ભોગ સુખમાં, સદા રહે છે ઉદાસ. ૧૨
એવી પાકી સમજણ વાળો, મધ્યમ મશાલ કહેવાય,
જેમ ભણેલો ગુજરાતનો, મધ્યમ નોકર ગણાય. ૧૩
પારકાં મોઢાં જોઈ સુખ લેવું, એવું નહિ લક્ષણ મશાલ તણું.
એકબીજા પાસે સુખ ખોળે, એવું નહિ લક્ષણ મશાલ તણું. ૧૪
જેમ ભણતર ગુજરાતનું, જે જન ભણેલો હોય,
મધ્યમ જ્ઞાની મધ્યમ નોકર, સૌ કોઈ ગણે સોય. ૧૫
પણ નોકરી કરતો નથી, માટે જ્ઞાન થવાથી કહેવાય,
મધ્યમ જ્ઞાન જેને ઉર થયું, તે મધ્યમ જ્ઞાની ગણાય. ૧૬
એક બ્રહ્માંડમાં પદાર્થ જેટલાં, દેખે સાંભળે જેહ,
પાંચ ભેદમાં ભાગ પાડી, મોહ ન પામે તેહ. ૧૭
આવું જ્ઞાન જેને થયું યથારથ, મધ્યમ ભક્ત કહેવાય,
હવે કહેવાય એવો મધ્યમ જ્ઞાની, ક્યારે થયો ગણાય. ૧૮
ગુજરાતની વિદ્યા ભણેલો, નોકરી લઈ કરે મોજ,
ત્યારે તે તો નોકર થયો, ભણવાની મેલી રમુજ. ૧૯
ઉત્તમ જ્ઞાન સમજ્યા વિના, ધરાઈ ગયો જેહ મન,
ઓછા સુખના લોભથી, પાંચ ભેદ જોવા ઈચ્છયું મન. ૨૦
કાંતો ઉત્તમ ગુરુ મળ્યા નહિ, અગર શ્રદ્ધા પડી ગઈ મંદ,



ભેદ જોવાની ઈચ્છા થઈ, તેથી સમરિયા સુખ કંદ. ૨૧
જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ જે કહેવાય,
સાક્ષાત નજરે દેખીયા. રાજી થયો મન માંય. ૨૨
ભણવાનું અધૂરું રહ્યું, અટકીઓ એ ત્યાંય,
મશાલ જેવો તેતો થયો, મધ્યમ જ્ઞાની માંય. ૨૩
પછી જીવે સો વરસ પણ, વધે નહિ તલ ભાર,
મરે ત્યારે અક્ષરધામે, મધ્યમ સુખ મળનાર. ૨૪
મધ્યમ સુખ આ લોકમાં, અક્ષરમાં પણ તેમ,
મધ્યમ ભગત પામશે, સમજવું મન એમ. ૨૫

**શૈલ**

કહેવાય જેને થયલા ગણાય,
મશાલો તણી ઉપમા તો અપાય,
કહી વાત જેની લખી જેમ નાથ,
સુણો જ્ઞાન, આતો કહ્યું છે અમાપ. ૨૬

इति श्री गोविंद गुरु ज्ञान गीतायां द्वितोयोऽध्यायः (अ.२)

**ઉપજાતિ**

કહેવાય ઉત્તમ વિજળી સમાના,
થયેલ એવા ભગતો કહ્યા છે,
વિસ્તાર તેનો કરવો હવે જે,
તપાસી રાખો મનમાં તમે તે. ૧

## ચોપાઈ

મશાલ જેવા જેહ કહેવાયા, પંચ ભેદ જેને દૃઢ જણાયા,
તેને અરથે છે આ ઉપદેશ, થયા મધ્યમ જે નહિ લેશ. ૨
ગુજરાતની વિદ્યાવાળો જ્યારે, ભણવું છોડી નોકર થયો ત્યારે,
વિલાયતનું ભણવાનું તેનું ગયું, તેનું પ્રારબ્ધ બંધાઈ રહ્યું. ૩
માટે મધ્યમ જેહ કહેવાય, તેને આગળ જવાનો ઉપાય,
લખું સાંભળી રાખજો ચિત્ત, ઠીકાઠીક કરીને ખચિત. ૪
પંચ ભેદ જે શાસ્ત્ર પ્રમાણ, તેને બેમાં સમજવા જાણ,
આવી શાસ્ત્ર વચનની ઘાંટી, તેની કેમ છૂટીજાય આંટી. ૫
દાખલો દઈ સમજાવું તેહ, દૃઢ સમજજો તેમ તેહ,
ઘરમાં પાંચ મનુષ્ય જે હોય, તેને બેજ સમજવાં સોય. ૬
મરદ મેરીમાં પાંચ સમાવે, બીજા ભેદ નજરમાં ન આવે,
માને પોતાને એક અક્ષર, ધણી એક પુરુષોત્તમ વર. ૭
બીજા ભેદ નજરમાં ન આવે, થયા હલકા કેમ મન ભાવે,
કોઈ જન બજારમાં જાય, બનુસ રાખવું મનમાંય. ૮
ચાદરો તે નજરમાં ન લાવે, રાખી બનુસને ઘેર આવે.
તેમ શાલ ખરીદવા જાય, તેનું મન બનુસે ન ધાય. ૯
એતો એની નજરમાં ન બેસે, રાખી શાલને ઘરમાં પેસે,



એમ હલકા ગણી ત્રણ ભેદ, માને બેજ ભેદ જે અભેદ. ૧૦
માયા નાશવંત એમ જાણે, દેહાભિમાની જીવ પ્રમાણો,
ઈશ્વરને છે બ્રહ્માંડાભિમાન, એમ ત્રણ તજે એ ધીમાન. ૧૧
માને અક્ષર પોતાનું રૂપ, ભજે પુરુષોત્તમનું સ્વરૂપ,
બીજા ભેદ નજરમાં ન આવે, ઉત્તમ વિજળી જેવા તે જ કા'વે. ૧૨
સાંખ્ય જ્ઞાન દૃષ્ટિએ જે પુરો, કા'વે ઉત્તમ વિજળી તે શુરો,
હવે ક્યારે તે ઉત્તમ થાય, સાંભળો તેની કહું કથાય. ૧૩
ઉત્તમ થએલા વિજળી જેવા, તેનો સંગ કરે વળી સેવા,
સમાગમ રૂપ ધ્યાને તેનું, કરે કહેવાયલો જ્યારે એનું. ૧૪
બ્રહ્મપણાના ગુણને પામે, બ્રહ્મતેજ ચિદાકાશ જામે,
શુકજી જેવો તે તો થાય, અનંત બ્રહ્માંડોમાં સમાય. ૧૫
મૂળ અક્ષર જે ચિદાકાશ, તેમાં સઘળે વ્યાપી રહે પ્રકાશ,
પ્રથમ છેતાલીસ પ્રમાણ, થાય પુરો જ્યારે નિરવાણ. ૧૬
પુરો બ્રહ્મ થયો તે કહેવાય, પુરો સાંખ્ય થયેલો ગણાય,
બ્રહ્મ થયો તેને નિરધાર, હરિ મૂરતી ધ્યાન અધિકાર. ૧૭
એમ ઉત્તમ સમાગમે જ્યારે, થાય ઉત્તમ પોતે ત્યારે,
બન્ને સરખા થયા નિરધાર, શાસ્ત્ર વચનામૃત અનુસાર. ૧૮
સમાગમ કરવો તે છોડે, બરોબરીઆ થયા આવ્યા જોડે,
એમ જેટલા ઉત્તમ થાય, પ્રભુ મૂરતી શોધવા ચા'ય. ૧૯

પરબ્રહ્મ મૂરતીનું ધ્યાન, કરવા શોધે અક્ષરમાં નિદાન,
તેને માટે જો હોય અવતાર, પ્રભુ પ્રગટનો નિરધાર. ૨૦
તેની મૂરતીને બ્રહ્મમાં ધારે, અખંડ એ મૂરતી સંભારે,
પણ જ્યારે અવતાર ન હોય, જેને ભગવાન વળગ્યા હોય. ૨૧
એની મૂરતીનું ધ્યાન ધરે, એમ કાજ પોતાનું એ કરે,
એમ કરતાં સાક્ષાત થાય, પુરુષોત્તમ અક્ષરમાંય. ૨૨

## હરિગીત

કહેવાયલા વિજળી સમાના, ભક્ત ઉત્તમ વર્ણવ્યા,
વળી થયા એવાજ કેરાં, લક્ષણો જે આ કહ્યાં
વાંચી વિચારી રાખજો, દિલમાંહી બહુ સુખ આપશે,
આલોકને પરલોકમાં, તે વિઘન સઘળાં કાપશે. ૨૩

इति श्री गोविंद गुरु ज्ञान गीतायां तृतीयोऽध्यायः (अ.३)

## દોહા

પ્રગટ ન હોય અવતાર તો, ધરવું કેનું ધ્યાન,
વર્ણન તેનું આ લખ્યું, સાંભળજો દઈ કાન. ૧
અનેક જે મોટા થયા, વિજળી સરીખા ભક્ત,
તેમાંના એક મુક્તમાં, ઉધારવા જન ભક્ત. ૨



વળગે તેને શ્રી હરિ, જ્યારે દેહ તજીને જાય,
રીત પ્રમાણે જુગની, ગાળી આવરદાય. ૩
અનેક જન તેથી તરે, શરણે તેને જાય,
કેમ વળગે એ શ્રી હરિ, તેની કહું છું કથાય. ૪
વળગે ભૂત જેમ મનુષ્યને, તેમ વળગે અવિનાશ,
પ્રગટ રહી એમ મુમુક્ષુનાં, કલ્યાણ કરે કરી દાસ. ૫
ભૂત વળગે બે પ્રકારે, મનુષ્યને નિરધાર,
તેમજ પોતે શ્રી હરિ, વળગે છે બેય પ્રકાર. ૬
સાધ્યા વગરનું વળગે, દાબે જનનું જ્ઞાન,
સાધેલું જો વળગે તો, રહે બંનેનું ભાન. ૭
તેમ ઈચ્છા પ્રમાણે અવિનાશનો, કામ અમુક કરવા કાજ,
પ્રવેશ થાય સાધ્યા વિના, સ્વતંત્ર ચલાવે રાજ. ૮
સાધેલાની રીત બીજી, વાસ કરે અવિનાશ,
હરિને હરિભક્ત બન્ને, જુદા જણાવે ભાસ. ૯
પરસ્પર છે પ્રીતડી, કરે એક મેકનું કાજ,
એવા પ્રભુને ઓળખી, સમરવા વૃજરાજ. ૧૦
વડવાનળ એ તો થયા, એમાં આવ્યા શ્રી અવિનાશ,
બે ભેદ એમાં નથી, કહેવાય ને થાય. ૧૧
વડવાનળ મોટા પુરુષનું, ધરે અનંત ભગતો ધ્યાન,
કહેવાય તે ભગવાન ઉત્તમ, ઉત્તમ પમાડે જ્ઞાન. ૧૨

પ્રગટના પરતાપથી, જેને ભજને આવે સુખ,
અજ્ઞાન હોય મર અનંતભેદનું, ભજને ભાગે ભુખ. ૧૩
અનંતભેદમાં મોહ ન પામે, રાખે અખંડ વરતી જયાહરે,
મધ્યમ તે ભગવાન કહેવાય, સમજવું મન માંહ રે. ૧૪
તે મધ્યમ જે ચેલા કરે, ભગત પણ કહેવાય,
કારણ વૃત્તિ તે ભગતની, અખંડ ભગવાન માંય. ૧૫
પૃથ્વી ભેદ અનંત વાળે, ચેલો કરેલો જે હોય,
બંને જણાની વૃત્તિ ત્યારે, ભગવાન સન્મુખ જોય. ૧૬
જેમ સૂર્ય કાચને કોઈ પદાર્થ, એ ત્રણ તણો એક તાર,
બાળે છે તે પદાર્થ ને, એમ સમજવું નિરધાર. ૧૭
સુરજ તે ભગવાન પોતે, કાચ મધ્યમ ભગવાન,
પદાર્થને ભગત સમજો, ચેલો મધ્યમનો નિરવાણ. ૧૮
એ પ્રમાણે એનું પણ, કલ્યાણ જરૂર થાય,
હવે કનિષ્ટ છેલ્લો ભેદ વર્ણવું, સમજજો મન માંય. ૧૯
દીવા જેવા, મશાલ જેવા, વળી જેને પૃથ્વી ભેદ અનંત,
સમર્થ ગુરુ પ્રતાપથી, રાખે વૃત્તિ જે અખંડ. ૨૦
અને અષ્ટ પ્રકારની મૂરતી, જેની શાસ્ત્રમાં લખી રીત,
કનિષ્ટ ચાર ભગવાન એ તો, કરે ચેલાનું રૂડું ખચિત. ૨૧
અનેક જન્મે કલ્યાણ કરે છે, આ ત્રીજો જે પરકાર,
શાસ્ત્રના વચનથી, એમ સમજવું નિરધાર. ૨૨



### ઈન્દ્રવજ્રા

છે માનવું ના, અરથો લખ્યા જે,
વિચારી ધ્યાને સમજો ખરા તે,
પડે નહિ છે, મન માનવું તે,
ખરું કહ્યું છે, ચિત્ત રાખજો એ. ૨૩

### સવૈયા

વિજળીને વડવાનળ જેવા, સંત તેહમાં જે છે ફેર,
લખીઓ છે તે મનમાં રાખી, સમજો તેને રૂડી પેર,
જ્ઞાન સાંભળવા જેવા ગુરુ તો વિજળી જેવા જે જે હોય,
વડવાનળ તો જ્ઞાન ધ્યાનમાં, બેય કામમાં આવે સોય. ૨૪
ભાગ્ય આપણાં ઉદય થયાં છે, મળીને અક્ષરધામીને,
જ્ઞાનધ્યાનમાં મગન રહીને, સમરો શ્રી અવિનાશીને,
અખંડ સુખી થાઓ તમો તો, વળી પરમ પદગામીને.

**इति श्री गोविंद गुरु ज्ञान गीतायां चतुर्थोऽध्यायः (अ.४)**

**સમાપ્ત**

# પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજ લિખિત
## આધ્યાત્મિક જ્ઞાન

અક્ષર રૂપ થઈ અખંડ પુરુષોત્તમને જોઈ રહે. ॥ ૧ ॥ પુરુષોત્તમ ભગવાનની દૃષ્ટિએ જોઈએ ત્યારે પુરુષોત્તમ સિવાય કાંઈ ભાસતું નથી. ॥ ૨ ॥ બહાર કે અંદર ભગવાનની મૂર્તિ સામું અખંડ જોજો કરવું તે જ સાધન કરવાનું છે. ॥ ૩ ॥ વૃત્તિ રાખતાં રાખતાં સ્વરૂપમાં લીન થઈ જવું તેજ યોગીને નિંદ્રા ॥ ૪ ॥ મારા દ્વારે મહારાજ જમે છે. જુએ છે, બોલે છે, વિચરે છે. એમ અખંડ મનન કરવું ને પોતાને અકર્તા માનવું તે મૂરતીમાં રહી નખશિખ મૂરતી જોવી. એકતાર કરી દેવી, એવું ના થાય ત્યાં સુધી ધાર ધાર કરવાના ॥ ૬ ॥ બે વૃત્તિ રાખવી. એક વૃત્તિ દેહક્રિયામાં ને બીજી ભગવાનમાં ને જાણપણામાં ભગવાન રાખવા તો અખંડ વૃત્તિ રહે ॥ ૭ ॥ વૃત્તિ બદ્ધ થઈ જાય છે. માટે ક્રિયા આકારે ના થવું. ક્રિયાથી જુદા પડવું. ॥ ૮ ॥ મન સ્થિર રાખી ભગવાન સંભારે તેટલો પ્રસંગ બાકીનો કુસંગ. ॥ ૯ ॥ સત્ત્વગુણમાં તો કાયમ અંતર વૃત્તિ કરવી, જે હૈયામાં મનને બેસાડી રાખવું. મન ઝાઝી વાર



બેસી રહે તો ઝબકારો થાય. ॥ ૧૦ ॥ જાણપણે દરવાજે રહેવું જે જ્યાંથી શ્વાસ ઊઠે છે, જીવ રહ્યો છે, ત્યાં ભગવાન ધારવા, ત્યાંજ ભજન કરવું, તે કારણ શરીર બાળે છે ને ત્યાંથી ખપ વગરનો સંકલ્પ ઉપડે તે કાપી નાખવો તે જાણ પણે વરત્યા કહેવાય. પોતાને ત્રણ દેહથી પૃથક અક્ષરરૂપ થઈને અતિશય પ્રકાશમાનને અલૌકિક ઐશ્વર્યને મહિમા સોતા ભગવાનને સંભારવા જોયા કરવું, જેથી બહુ જ સુખ આવે. ॥ ૧૧ ॥ અંતરવૃત્તિમાં ઘાટ સામું જોઈ રહેવું. જેથી મનને અંતઃકરણ સ્થિર થાય, એટલે શૂન્યનું સુખ આવે. ॥ ૧૨ ॥ બધી ઈંદ્રિયોની વૃત્તિ તે પાછી વાળી ભગવાનના સ્વરૂપમાં હોમવી. તે હોમતાં હોમતાં કેવળ એક ભગવાનનું ચિંતવન રહે ત્યારે શૂન્ય ભાવને પામી જાય છે. તે શૂન્યમાં લીન થાય ત્યારે દેહનું ભાન જે હું ક્યાં છું, કોણ છું, તે રહે નહિ. તેવા છ કલાક શૂન્યમાં મૂરતી ધારતાં ધારતાં પ્રકાશ થઈ આવે છે. ॥ ૧૩ ॥ બહાર દૃષ્ટિએ મટકા રહિત મૂરતી સામે વૃત્તિ રહે તો મનને અંતઃકરણ સ્થિર થાય તે બ્રહ્મની સ્થિતિ છે. તેમાં પ્રકાશ છે. ॥ ૧૪ ॥ બધુ ધૂળમાંથી થાય છે. એવો વિચાર દૃઢ થાય તો ભગવાન વગર બીજો આકાર

હૃદયમાં બંધાય નહિ. ॥ ૧૫ ॥ અંતરમાં જોઈ રહેતાં સારું ના લાગે તો બહાર મૂરતી સામું જોઈ રહેવું તો સુખ આવે. ॥ ૧૬ ॥ કંઈ કામ ના હોય તો અંતરવૃત્તિમાં ઉતરી જવું. ॥ ૧૭ ॥ ભગવાનને જોવાનો એક આગ્રહ તેજ એકાગ્રહ ભજન તેમ કરતાં મૂરતી દેખાવામાં પૂરતીને પૂરતી થશે. ॥ ૧૮ ॥ શૂન્યમાં રહેવાય તો કથા કિર્તન કરવા નહિ. સંકલ્પ વિકલ્પનું દુઃખ સ્થિર થયે મટે ॥ ૧૯ ॥ મનની વૃત્તિએ જોવું જે કયો ગુણ વર્તે છે. ॥ ૨૦ ॥ ભગવાન સામું જોઈ રહેવું ને ભગવાનને સર્વ કર્તા સમજવા. એથી અંતર ટાઢું રહે. ॥ ૨૧ ॥ પોતાને સદા આત્મારૂપ અક્ષરરૂપ માનવું એટલે પોતાનું સ્વરૂપ એક શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે તેને જ સત્ય જાણે એવો વિચાર કરે ત્યારે સર્વે વૃત્તિ બ્રહ્માંડમાંથી પાછી વળી ટૂંકી થતાં પોતાના આત્મામાં બ્રહ્મ સંગાથે એક કરે ને ભગવાનની ઉપાસના કરનારો જે જીવાત્મા તેને વિષે અક્ષરની ભાવના દૃઢ કરે, તે મનન દ્વારા સંગ થયો. તેથી સુષુપ્તિરૂપી માયા ટળી જાય છે. મટકાયે રહિત જોવામાં ગજ ભોંય જ જોવી. નાસિકાગ્રે વૃત્તિ રાખવી નેત્રમાં મૂરતી ધારવી. આળસ નિદ્રામાં બહાર મટકા રહિત જોઈ રહેવું ॥ ૨૨ ॥ વાત



સાંભળી તે આકારે ના થઈ જવું ને જાણપણું રાખી બોલવું ઘટે તો બોલવું નહિતર ના બોલવું તે પ્રતિલોમ છે. ॥ ૨૩ ॥ ઈંદ્રિયો અંતઃકરણથી ખપ વગરનો સંકલ્પ ઉપડે જ નહિ ત્યારે ઈંદ્રિયો જીતી કહેવાય અંતરમાં વૃત્તિ ઉતરી ને ચોંટે ॥ ૨૪ ॥ પિંડમાં પાચ પરૂ છે. તે ભગવાનના તેજમાં લીન થઈ જાય છે. અને ભગવાન એકલા જ દેખાય છે. તેમજ બ્રહ્માંડમાં ભગવાનના તેજમાં બ્રહ્માંડ લીન થઈ જાય છે. એટલે સર્વવ્યાપક પ્રભુ જયાં જુઓ ત્યાં દેખાય. જેની દૃષ્ટિ પુરુષોત્તમ આકારે થઈ તેને બધું પિંડની માફક લીન થઈ જાય છે. ન ખપની વૃત્તિઓ બંધ થઈ જાય એટલે આગળ સૂઝશે. અંતરમાં વૃત્તિ કેટલી ટકે છે, કે નહિ તેનો હિસાબ રાખવો. ॥ ૨૫ ॥ ભગવાન ભજતાં સ્થૂળ દેહ નડે છે તે જ્ઞાન કરીને વિસારવો ॥ ૨૬ ॥ સંકલ્પનું ઘણું જોર હોય ત્યારે નામ બોલી ભજન કરવું. સંકલ્પ ઓછા હોય ત્યારે કુંવારી વૃત્તિ કેતાં જોઈ રહેવું. સંકલ્પ બંધ થાય ત્યારે ધ્યાન કરવું, તેમાં ધ્યાન તે ઉત્તમ, જોઈ રહેવું તે મધ્યમ, અને ભજન કરવું તે કનિષ્ઠ ॥ ૨૭ ॥ ધરાયા ઉપર જે વધારે, સુખને અર્થે વિષય ભોગવે તે કેવળ દુઃખ છે. ॥ ૨૮ ॥ ભજનમાં બહુ તરસ

પીડે તો બહાર નીકળી વાયુ ભક્ષણ કરવું. તરસ ન લાગી હોય તો પાણી ના પીવું ॥ ૨૯ ॥ અક્ષરને પુરુષોત્તમ બે જ રહે ત્યારે બ્રહ્મ દશા ॥ ૩૦ ॥ કામનું મૂળ ઊઠી ગયું હોય તો પણ સ્ત્રીને ન જોવાનો નિયમ રાખવો તો સંકલ્પ તો થાય જ નહિ ॥ ૩૧ ॥ સર્વત્ર ભગવાન છે. એટલે હું જે શુભ અશુભ સંકલ્પ કરું છું. તે મારા આત્માને વિષે ભગવાન રહ્યા છે. તે જોઈ રહ્યા છે. ને તેથી ધડકતો બીતો રહે ॥ ૩૨ ॥ સ્થિર થતાં થતાં પ્રકાશ થતાં થતાં ભગવાન દેખાય ત્યાં સુધી કુંવારી વૃત્તિ રાખવી ॥ ૩૩ ॥ આત્મામાં પરમાત્મા ધારી ભજન કરવું કાં તો સ્થિર થઈ રહેવું ॥ ૩૪ ॥ કામ કરવું તેનો છેડો, પણ જોઈ રહેવું તેનો છેડો નહિ ॥ ૩૫ ॥ ગુણપારને સત્ત્વને સાંધે, સાક્ષીમાંથી ઉપડેને ગુણપાર થાય તો કેડ દુઃખે નહિ, આળસ આવે નહિ, ને સુખ વર્તે, વિચાર કર્યાનું મન થાય તો દુઃખ થાય ॥ ૩૬ ॥ આ બ્રહ્મ છે તે જ હું છું. તેવી રીતે વિચાર કરો જે આ સત્તા છે. તે મારી છે. તો સત્તાપણ આવે, મનન દ્વારે બ્રહ્મનો સંગ કરો તો બ્રહ્મના ગુણ આવે ॥ ૩૭ ॥ ગુણ ટળી જાય તેને આંખો બળે જ નહિ નિર્ગુણ થયો ॥ ૩૮ ॥ ખાંડ ઘીનો ખોરાક ગુણ વ્યાપે



નહિ ને ઊંઘ આવે નહિ. તેને જમાડવોને તેનું ફળ મળે ॥ ૩૯ ॥ જીવની વૃત્તિ આત્મારૂપે અક્ષરરૂપે કરવી તેને સર્વત્ર ભગવાન દેખાય ॥ ૪૦ ॥ ભગવાનમાં તો બધા ગુણ હોય ને ભક્તમાં તો જેવી ભક્તિ તેવા ગુણ આવે ॥ ૪૧ ॥ બધા સાધન પુરા ક્યારે ? તો મૂર્તિ આપણી સાથે રહે ને વશ રહે ને, ફાવે, તેમ કહીએ તેમ કરે, દેખાયાની ઈચ્છા રાખવી નહિ. પણ ભજનમાં એકતાર વૃત્તિ પ્રભુમાં રાખવી ॥ ૪૨ ॥ હું અક્ષર છું. બ્રહ્મ છું. એમ થાય ત્યારે પરબ્રહ્મ દેખાય ॥ ૪૩ ॥ ધ્યાન કરતાં કરતાં ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય ત્યારે ભગવાન વશ થયા કહેવાય ॥ ૪૪ ॥ ભગવાનના સુખમાં વૃત્તિઓ લોભાશે ત્યારે છેલ્લાના નવ પ્રમાણે દરવાજે રહેવાશે. નવરાશ વેળાએ મન સામે જોઈ રહેવું તો સંકલ્પ જણાય ॥ ૪૫ ॥ અક્ષરરૂપ પોતાને માને એટલે સર્વ જગ્યાએ ભગવાન છે. સારંગપુર દશ પ્રમાણે ॥ ૪૬ ॥ મનનો ઠરાવ તોડવો એજ મુક્તિ જાણવી, દેહ આત્મા જુદા સમજે ત્યાંથી પાત્ર થયો તેવી સમજણ ઈન્દ્રિયો અંતઃકરણને જીવમાં સાક્ષાત્કાર થાય. બ્રહ્માંડમાં આપણું કર્યું થાય ॥ ૪૭ ॥ કેવળ ભગવાનનું ચિંતવન કરતાં કરતાં શૂન્યભાવ થાય છે.

ને તેમાં મૂર્તિ ધારતાં ધારતાં પ્રકાશ થઈ આવે છે. તે પ્રકાશમાં મૂર્તિ જોવી ॥ ૪૮ ॥ પુરુષોત્તમ ભગવાનની દૃષ્ટિએ જોઈએ ત્યારે પુરુષોત્તમ ભગવાન સિવાય કાંઈ ભાસતું નથી ॥ ૪૯ ॥ મારા ચૈતન્યને વિષે સદાય આ પ્રગટ ભગવાન બિરાજમાન છે એમ જે અખંડ સમજે તેનાથી ભગવાન જરાય છેટા નથી ॥ ૫૦ ॥ જ્યારે અંતરદૃષ્ટિ કરીને પોતાના આત્મા સામુ જોઈએ ત્યારે સર્વે વૃત્તિઓ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય છે ॥ ૫૧ ॥ બહાર નખશિખ મૂર્તિને ચિંતવન કરે તેમજ બીજી વૃત્તિને હૃદયમાં ભગવાન રહ્યાં છે. તેમ ચિંતવન કરે પછી બહાર અંદર મૂર્તિ એક કરી એકલા ચૈતન્યને વિશે મૂર્તિ ધારે ॥ ૫૨ ॥ ભગવાનમાં વૃત્તિ રહે તેનું સાધન તો બહાર અગર અંદર ભગવાનની સામું જો જો કરવું ॥ ૫૩ ॥ આંખો મીંચેને ડોલું આવે તો નાસિકાગ્રે વૃત્તિ રાખવી, બહાર મટકા રહિત જોવું ॥ ૫૪ ॥ આળસ આવે તો વાંચવું, મોઢે બોલીને ભજન કરવું. ઊંઘ આવે તો મટકા રહિત સ્થિર જોઈ રહેવું ॥ ૫૫ ॥ જ્યાં જુએ ત્યાં પુરુષોત્તમ દેખાય તેવું ના થાય ત્યાં સુધી ધાર ધાર કરવાના ॥ ૫૬ ॥ ખરો મંડે તો ચાર દિવસમાં કામ થઈ જાય. જે



મૂર્તિ ધરાઈ જાય છે. મૂર્તિ ધાર ધાર કરે, મંડ મંડ કરે તો મૂર્તિનો ઘાટ બદલાય ને દિવ્ય મૂર્તિ દેખાય ॥ ૫૭ ॥ દરવાજે રહેવું તે શું ! તો વારે વારે સંકલ્પ બંધ કરવાનું છે. ખપ વગરનો સંકલ્પ થવા દેવો નહિ. ને સંકલ્પ ઊભો રાખવાનો છે ॥ ૫૮ ॥ ભગવાન વગર હૃદયમાં કોઈ આકાર બંધાવા દેવો નહિ. કેતાં જોવો નહિ. એટલે વૃત્તિ કુંવારી રહે. બધુ ધૂળમાંથી થાય છે એવો સાક્ષાત્કાર કરવો તો ભગવાન વગર બીજો આકાર હૃદયમાં બંધાય નહિ ॥ ૫૯ ॥ જેની વૃત્તિ પુરુષોત્તમ આકારે થઈ તેને દેખવામાં ખરુ ને, સમજવામાં ખરુ નિવૃત્તિમાં દેખવામાં ને પ્રવૃત્તિમાં સમજવામાં ખરું જ્યાં જુએ ત્યાં પ્રભુ રહ્યા છે ॥ ૬૦ ॥ બે વૃત્તિ રાખવી એક દેહક્રિયામાં બીજી વૃત્તિ ભગવાનમાં ને જાણપણામાં ભગવાન રાખવા, તો અખંડ વૃત્તિ રહે ॥ ૬૧ ॥ અનિમેષ દૃષ્ટિ રાખી મનને સ્થિર કરવું સંકલ્પ બંધ કરી વૃત્તિઓ પાછી વાળી અંતરમાં ઉતરે એટલે આત્મા દેખાય પ્રકાશ દેખાય ॥ ૬૨ ॥ સંકલ્પ બંધ થાય તો મન અંતઃકરણ સ્થિર થાય, મન સ્થિર રાખી ભગવાન સાંભરે એટલો પ્રસંગ, બાકીનો કુસંગ ॥ ૬૩ ॥ પોતાને સદા આત્મા અક્ષરરૂપ માનવું ને

ગુણ દેહથી પૃથક રૂપે વર્તવું એટલે પોતે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે. નિર્વિકાર છે. નિરાકાર છે. તેથી ઈન્દ્રિયો અંતઃકરણનો સંબંધ મારે નથી. દેહથી નોખો હું ચૈતન્ય છું ને ઈન્દ્રિયો અંતઃકરણ દેહ માયિક છે અને પોતે અમાયિક દિવ્ય અને નિરાકાર બ્રહ્મ છે. તે બ્રહ્મમાં પરબ્રહ્મ છે. અક્ષરરૂપ થઈ અખંડ પુરુષોત્તમ ભગવાન સિવાય કાંઈ ભાસતું નથી ॥ ૬૪ ॥ પોતાના અંગમાં ભગવાનના અંગ ધારવાના ભગવાન આકારે વૃત્તિ કરી દેવી તેવું ના થાય ત્યાં સુધી અધુરુ સત્તા આવી નથી ॥ ૬૫ ॥ શૂન્યમાં રહેવાય તો કથા કીર્તન કરવા નહિ. સંકલ્પ વિકલ્પનું દુઃખ સ્થિર થયે મટે. મનની વૃત્તિએ તપાસવું જે કયો ગુણ વર્તે છે. આ લોકનું આ લોકમાં રહેને ભજન કરવા બેઠાં આંખો મીંચીએ ત્યારે પરલોકમાં એક ભગવાન જ છે તે જ જોવા. સંકલ્પ આ લોકના કાઢી નાખવા કારણ કે પરલોકમાં બીજું છે જ નહિ. માટે બીજો આકાર ભગવાન વગર પરલોકમાં જોવો નહિ ॥ ૬૬ ॥ ઉપશમ દશા કોને કહીએ ? જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિઓ પાછી વળીને હૃદયાકાશમાં રહે છે. ને બાળક જેમ માતાને ધાવે છે. તેમ ભગવાનની મૂરતીના ચસકારા લે તે ઉપશમ દશા



કહેવાય ॥ ૬૭ ॥ આ રસ્તો, આ સંગ, આ વાત, વિચાર વગેરે ખોટું છે. એમ મન તથા બીજા કહે તે ના કરવું તે ઉત્તમ છે. એમાં સર્વ શાસ્ત્ર આવી ગયા. દેહ હાલે નહિ. તો સૂક્ષ્મ જીત્યો, દેહ ભાન ભૂલેને ઊંઘ આવે નહિ ને વૃત્તિ રાખે તો કારણ દેહ જીત્યો. ઈન્દ્રિયો અંતઃકરણ જીતીને અંતરમાં ઉતરશો ત્યારે પિંડના ભગવાનનો મેળાપ થાશે ને વાતો કરાશે ત્યારે સર્વ સંતાપ મટશે. પોતાના અંગે અંગ ભગવાનના આકારે સ્મૃતિવાળા સંત જગતના આધાર રૂપ છે. પ્રભુ આકારે વૃત્તિ-ઈન્દ્રિયોની વૃત્તિઓ સદા અંતરમાં રહે તેને અંતરઘાટ શમી જાય ને આત્માનો અનુભવ થાય સવિકલ્પ જે જગત શબ્દથી મન તપે નહિ – ને નિર્વિકલ્પ જે ભગવાન ભૂલે તો મન તપે તે જ્યારે બંને પુરા થાય ત્યારે સર્વવ્યાપક પ્રભુ સર્વ સ્થળેથી પૂરતી કરે ને દિવ્ય દેહ થાય ને સર્વજ્ઞ થાય. સર્વ સ્થળે દેખે જાણે સદા ભગવાન હજુર રહે. પોતાને બ્રહ્મ માને. બ્રહ્મને પાંચ ભૂત નથી. એટલે પાંચ તત્વનો દેહ નથી તો પાંચ ભૂતરૂપી દેહમાં મોહ થાય નહિ. કાનનો શબ્દ સાંભળીને વૃત્તિ હૈયામાં રાખવી. તેમજ આંખની વૃત્તિ હૈયામાં રાખવી. અંતરમાં મૂરતી ચઢ ઉતર કરવી. બોલે

છે કોણ ? તેને જોવા તે જ પુરુષોત્તમ જાણવા. સાક્ષીના સંકલ્પ ઉપર સુરતા રાખવી. મૂરતી ના ધરાય તો ભગવાનની લીલા સંભારવી. આત્મા, દેહ, ઈંદ્રિયો અને અંતઃકરણથી અસંગી છે. આત્મારૂપવાળાને ઈન્દ્રિયો અંતઃકરણ નથી એમ જાણવું. વાછરુંને ગાયના એક આંચળમાંથી દૂધ આવે છે. પણ બીજા અંગમાંથી ના આવે તેમ પ્રભુ મૂરતી છે. સારંગપુર-૧ ॥ ૬૮ ॥ ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું અનંતકોટિ બ્રહ્માંડના વિષય સુખ ભેળા કરીએ તો તેના કોટિમા ભાગનું ના થાય. નવરાશમાં બેઠા એટલે દેહથી પર કહેવાય. આંખો મીંચીને બેઠા એટલે ઈન્દ્રિયોથી પર કહેવાય. ન ખપના સંકલ્પ બંધ થયા એટલે અંતઃકરણથી પર આત્માથી ઢૂંકડી વૃત્તિ કહેવાય ને આત્મામાં પરમાત્માનું સુખ વધારે છે તે અનુભવ લેવાય તેમ મહિમા વધે ને વૃત્તિ ઊંડી ઉતરે. ભગવાનના સ્વરૂપ વગર બીજે વૃત્તિ ના કરે. નવરાશ વેળાએ મન સામું જોઈ રહેવું. આત્મામાં ભગવાન જોવા છે. સાથે વાતો કરવી છે. એમ નિશ્ચય કરવો. ભગવાન ધરાય કે ના ધરાય પણ વૃત્તિ રાખવી ને સંકલ્પ થવા દેવો નહિ. તે કુંવારી વૃત્તિ કહેવાય ॥ ૬૯ ॥ "માંગે તેને ત્યાગે



અને ત્યાગે તેને સો આગે" આ કહેવત છે. સ્ત્રીમાં સુખ મૂકવાનું છે ને પ્રભુમાં સુખ લેવાનું છે ॥ ૭૦ ॥ સંકલ્પ થાય ત્યાં સુધી માનસી પૂજા કરવી. પછીથી ધ્યાન કરવું. માનસી પૂજા પડતી મૂકવી ને નિર્ગુણપણે રહ્યા થકી ધ્યાન કરવું. દેહ ભાન ભૂલતાં વૃત્તિ સ્થિર થશે. તેમાં પ્રકાશ દેખાશે. ભજન કરતાં સ્વપ્નમાં જતું રહેવાતું હોય તેને બહાર દૃષ્ટિ કરી મટકા રહિત જોઈ રહેવું. માંહી ઝીણા ઝીણા ઘાટ થતા હોય તો બહાર દૃષ્ટિએ મટકા રહિત પા કલાક જોઈ રહેવું. ફેલાયેલી વૃત્તિ સંકેલી બ્રહ્મમાં લીન કરવી ત્યારે સંકલ્પ કરે તે સિદ્ધ થાય. વૃત્તિઓ ટૂંકી થતી થતી દેહમાં આવે ત્યારે દેહ સ્થિર રહે પણ બોલે તે સંભળાય ખરું ને અંતઃકરણ સન્મુખ થાય ત્યારે બોલે તે સંભળાય નહિ પણ સંકલ્પ થાય તો સામું જોઈ રહેવું તો સંકલ્પ બંધ થવાથી ઊંઘનો બદલો મળે છે ॥ ૭૧ ॥ બહાર દૃષ્ટિએ નેત્ર સ્થિર કરે તો ગજ ભોંય જ જોવી તેમાં ભગવાન સામું એકાગ્ર થઈ જોઈ રહેવું. સ્થિર મન થાય કે તરત જ દેહ ભાન ભુલાય ને દેહભાન ભુલાય કે તરત બ્રહ્મનો પ્રકાશ થાય. જે પુરુષ દરવાજે ઊભો હોય તેને ગમે તેવા સંકલ્પ થાય પણ તેને

બાધ કરી શકે નહિ. કારણ કે તેને એક સંકલ્પ રાગનો થાય તો હજારો સંકલ્પ નિષેધના થાય. વળી એમ કહે જે કરોડ જન્મ ધરીને પણ તારું ગમતું કરવું નથી. એમ પંચ વિષયનો નિષેધ થાય. સંકલ્પનું કહ્યું ના માને તો ફરીથી સંકલ્પ ના થાય ॥ ૭૨ ॥ શ્રીજી મહારાજે એક વખત વાત કરી જે ધ્યાન કરવા યોગ્ય સ્થાનક કયું સારું છે તો બંગલામાં ધ્યાન કરવા મરજી કરી. પછી પર્વત ગુફામાં ધ્યાન કરવા મરજી કરી. પણ તે સ્થાનક નાશવંત જણાયા પછી અંતરદષ્ટિ કરી જોયું તો પ્રકાશ જણાયો ને તે અક્ષરબ્રહ્મને વિષે ભગવાનની મૂરતી દેખાણી ત્યારે જાણ્યું, જે આ સ્થાનક સારું છે. ધ્યાન કરવા યોગ્ય છે. માટે અક્ષરબ્રહ્મ થઈને અમારું ધ્યાન કરજો એમ તેમની આજ્ઞા છે ॥ ૭૩ ॥ દેહ હાલે નહિ, સંકલ્પ થાય નહિ ને ડોલું આવે નહિ તો ત્રણે દેહથી પર થયો. બ્રહ્મરૂપનો અર્થ મન, વચન, કર્મે ખપ જેટલું જ કરે. દેહ ભાન ભૂલી અખંડ વૃત્તિ રાખવાથી તેજ દેખાય છે ॥ ૭૪ ॥ બધી વાત વૃત્તિ જોડવામાં અને મનુષ્ય ભાવ ફરી ન વળે તેમાં રહી છે. વૃત્તિ રાખવી તે સંકલ્પ સિદ્ધ થયા ઉપર ન રાખવી. નહિ તો પુણ્ય હણાઈ જાય. સ્થૂળ અને સુક્ષ્મ સંકલ્પ બંધ



થાય તો બ્રહ્મનો પ્રકાશ થાય. અગાધ મહિમા અંતરમાં ઉતારી મહિમાએ સહિત પ્રગટ મૂરતીમાં જોડાવું હું અક્ષર છું ને મારે વિષે પુરુષોત્તમ રહ્યા છે ને દશ ઈન્દ્રિયો તે જીવને છે એમ સમજવું આ દેહ તે હું નહિ હું તો અક્ષરરૂપ, તેજોમય, સત્તારૂપ છું ને મારામાં પુરુષોત્તમ રહ્યા છે ॥ ૭૫ ॥ સમૈયે નહિ આવે તેને દુઃખ આવશે. તે દુઃખ પળાશે એટલે છેટે રહેશે ને સંત સમાગમે ઓછું થાય. ભગવાન ભુલાય તેટલા ભગવાન જાણ્યામાં ફેર ને ત્યાં સુધી કાળકર્મ પણ તેટલા નડે પ્રથમ નિત્યપ્રલયનો વિચાર કરીને પોતાના આત્માને અક્ષરરૂપ માનીને માંહી પુરુષોત્તમને જોઈ રહે. પોતાને ચિદાકાશ માની હૈયામાં વૃત્તિ રાખવી ને માંહી પુરુષોત્તમને જોઈ રહે. મૂર્તિ એક બાજુથી સંભારવા માંડે એટલે નખશિખ જોવી. આંખો મીંચી અંતરમાં મૂરતી સંભારતા દેહભાન ભૂલી, જતાં ચારેબાજુ પોલમપોલને ઝાંખુ ઝાંખુ તેજ દેખાય-પરમેશ્વરમાં દઢ પ્રીતિ તો સત્તારૂપે રહીને ભજન કરે ત્યારે થાય તે સત્તારૂપમાં ગમે તેવો પદાર્થ આડો આવે તો તેનો ત્યાગ કરે તે જ પ્રીતિ છે. હાલવું ચાલવું નહિ તેમજ ખંજોળવું નહિ ને તેમાં ભગવાન રક્ષા કરે ॥ ૭૬ ॥ દેહરૂપી

નગરમાં અંતઃકરણ ઈન્દ્રિયોને જુદુ માનવાનું તે કેવળ જીવ પોતાને માનવો ને શુદ્ધ માનવો તે માનવાની પ્રથમ રીત જે બનતા સુધી માયિક સુખ ભોગવવામાં અટકવું કહેતાં ભોગવવું જ નહિ, ને બીજુ જે, જેમ બને તેમ હૈયામાં જ રહેવું, ને બનતા સુધી ભગવાન સંબંધી સુખની જે નિર્ગુણ વૃત્તિ હોય ત્યારે નવ પ્રકારની ભક્તિમાં સુખ વર્તે, ને સગુણ વૃત્તિ એ તો જે ભક્તિ એ આનંદ વર્તે તે વખતે તે ભક્તિ કરવી. જે ભક્તિથી શાંતિ વર્તે તે ભક્તિ કરવી ને જેને ગુણ ન ઓળખાય તેને તેમ કરવું તે સહેલો ઉપાય છે - હવે દશ મિનિટ ધ્યાનને પછી સંકલ્પ થાય તો રજોગુણ થયો, તે વખતે પુરુષોત્તમ પુરુષોત્તમ ભજન કરવું અથવા દરવાજે રહેવું. જે ઘાટ સંકલ્પને ટાળી નાખવા એમ બનતા સુધી હૈયામાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો. હવે જે નામ બોલીને ભજન કરવું તે મનમાં અખંડ નામનું ભજન થાય તો ઠીક, નહિ તો જેમ મોઢે બોલીને કવિતા મનમાં ઘાલે છે. કિર્તન બોલીને શીખીને મનમાં ઘાલે છે. જેમ સ્ત્રીના બોલ કામી પુરુષને મીઠા લાગે છે. તેમ પ્રભુનું નામ બોલતાં સ્વાદ આવશે ને રજોગુણમાં મનમાં ભજન કરવું, નહિ તો બહાર કે



મનમાં ધ્યાન કરવું. આ મનને ભગવાનની વાસનાએ વાસવું. પ્ર. ૩૮ પ્રમાણે ॥ ૭૭ ॥ પોતાને દેહ ઈન્દ્રિયો અંતઃકરણથી જુદુ માની પુરુષોત્તમ પુરુષોત્તમ ભજન કરવું તો જુવો કેવું સુખ વર્તે છે ? ને સંકલ્પનો બીજો ઘાટ થાય જ નહિ. પલાંઠી વાળીને આંખો મીંચીને કે દૃષ્ટિ સ્થિર કરી જેમ પોતાને સુખ પડે તેમ બેસીને ભજન ધ્યાન કે સ્થિર મન કે આત્મારૂપે રહેવું પછી કોઈ વાતનો કોઈ વિષેનો ઘાટ જ થાય નહિ. કારણ કે સુખ આવશે. ને તે ભજન કરતાં બે આની દુઃખ વેઠવું.

## સ્તુતિ (પ્રાર્થના)

ભગવાન હે પ્રગટચા તમે, કરતા મનુષ્ય ચરિત્રને.
પરદેશથી આવેલ ભક્તો ભેટતા ભરી બાથને,
ખાધાપીધાની ખબર પૂછી, ભાવથી બોલાવતા.
થાકેલ-માંદા વૃદ્ધનાં, ચરણો વળી ચંપાવતા,
ક્યારેક છાતી મધ્ય ચાંપી, ચરણ શાંતિ આપતા.
ક્યારેક મસ્તક ઉપરે, બે હસ્તકમળો સ્થાપતા,
એવા અનાદિ કૃષ્ણ પૂરણ, બ્રહ્મ જે પરમાત્મા.
નમું ધર્મને ભક્તિ તણા સુત, હે પ્રભુ પુરુષોત્તમ,
દર્શન તમારા ઈચ્છતા, આવે નવા જ હરિજનો.
જાણે નહિ ઘર પારકું વર્તન પ્રભુ તે રીતનું,
રાખો તમે તેથી કરી, મનમાં ઘણું હરખાય રે.
જાણે અનાદિ પ્રીત, આ ભગવાન સાથે માહરે,
તે ભક્તભજન અર્પણ કરે, જે પુષ્પ ચંદન ભાવથી.
સ્વીકારતા કરી પ્યાર, વારંવાર સહજ સ્વભાવથી,
આ પ્રફુલ્લ એવું હૃદય પંકજ, કર્ણિકાનું પુષ્પ છે.
છે મોગરો ફુલેલ જાણે, પૂર્ણ શશિ સમ મુખ છે,
આ વિશ્વની ઉત્પતિ સ્થિતિ, પ્રલય લીલા આપની.



એવા તમો કીશોર મૂર્તિ, ભક્તિ ઉત્તમ જાતની.
છો જગ નિવાસા ચર્ણ કમળો, મુક્ત જેના પૂજતા.... નમું.
ને નિષ્પ્રયોજન દયા સ્થાનક, ધર્મ સર્ગો પ્રેરતા,
છો કાળ સર્ગ અધર્મના ને, ભક્ત જન સુખ આપતા.
કરને વિષે સુંદર ગ્રહીને, માળિકા તુલસી તણી,
સંભારતા નિજ ભક્ત જનને, પ્રીતડી લાવી ઘણી.
આ સબીજ રૂડો યોગ તેના, અર્થને સમજાવતા.... નમું.
આ પૃથ્વી ઉપર પાપ વધતાં, દિવ્ય દેહ તમે ધરી
સંસાર સાગર જીવ તાર્યા, ભક્તની રક્ષા કરી,
કરુણાળુ કોમળ નયન દૃષ્ટિ, ભક્ત દળ નિહાળતા.
ભ્રાકુટી વિલાસે ત્રાસ પ્રેરી, કાળને કંપાવતા,
મુખચંદ પૂરણ ચિત્ત હરતા, આતમના તમે આતમા.... નમું.
આ અધર્મીને અસુર ખોટા, ખ્યાલના કરનાર જે
પોતા પ્રતાપે નાશ કરતા, કાળના પણ કાળ હે.
પોષણ કરો છો સર્વ રીતે, ભાગવત્ ધર્મો તણું,
ને પરમ આનંદ મૂરતી, મુનિવૃંદ સેવે છે ઘણું.
પ્રગટચા તમે અવની વિશે, નિજ પ્રેમી ભક્તો કારણે,
લાડો લડાવો નવાં નવાં, ને બીક કાઢી બારણે.

એ, ભક્તજનની અલ્પવસ્તુ, શ્રેષ્ઠ કરીને માનતા,
વળી એમને ઈચ્છિત વરોને, હેત કરીને આપતા.
કો'નું ધરો છો ધ્યાન, મીંચી, આંખને ઓ બાપલા,
બેઠા થકા ઊભા રહી, કોના જપો છો જાપલા.
મુક્તો ઘણા ઉદ્ધવ સુદામા, વિદુર ધ્રુવ પ્રહ્લાદ રે,
વળી લક્ષ્મી રાધા ગોપીઓ, જોઈ રહ્યા મુખ આદરે.
રાખી ઉઘાડાં નેત્ર દર્શન, દાનને તો દીજીએ,
ઝાઝુ ઘટે નહિ બોલવું, પણ બાળ બુદ્ધિ કીજીએ.
મોટા પ્રભુ હે ભક્ત વત્સલ, પ્રસન્ન થાજો બાપલા,
વાણી ગુણાનુવાદ કરજો, જીભ જપજો જાપલા.
કીર્તન કથાદિ શ્રવણ કરવા, કરણ શ્રદ્ધા આપજો,
આ આંખડી દર્શન તમારાં, દાસના વળી રાખજો.
સેવા તમારી હાથ કરજો, પાય તીરથ ચાલજો,
મસ્તક નમો તમને સદાયે, મન ચરણમાં મહાલજો.
હે, પ્રગટ પુરુષોત્તમ તમે જે છો, અનાદિ મૂર્તિ,
માગુ તમારી પાસ વર એ, આપજો કરી સૂરતી.



**(વસંતતિલકા - છંદ)**

આ મૂર્તિ પૂરવનાં પુણ્યે મળે છે.
આ મૂર્તિ સમરતાં દુખડાં ટળે છે.
આ મૂર્તિ મન ગમે સુખ શાંતિ થાય,
આ મૂર્તિ ઉર ધરે ભવ રોગ જાય.
આ મૂર્તિ પરમ પાવન કામધેનું,
આ મૂર્તિ પ્રગટ છે ધર ધ્યાન તેનું.
આ મૂર્તિ સરવ શાસ્ત્ર તણો જ સાર,
આ મૂર્તિ અકળ કેમ પમાય પાર
આ પ્રાણનાથ નીરખી નયણાં ઠરે છે
આ હીંચકો હૃદયમાં મુજને ગમે છે
આ મૂર્તિ મનનથી ઉરમાં ઉતારો,
આ ધામ ઠામ વસવા અવતાર મારો.
આ ગામ વાસ મળિયો અવતાર જેનો,
આ ઓળખ્યા જગપતિ ધન્ય જન્મ તેનો.
આ જોગ રોજ જગમાં સુખદા સદાય,
આ સંત સંગ મળીયો ગરવો ગણાય.

હે તાત આજ અવની તળમાં પધારી
ભેગા કર્યા નિજ જનો મમતા વધારી
કાઢ્યા કલેશ સહુના અજ્ઞાન કાપી
ધારો અખંડ સુખીયા કરવા તથાપિ
દાતા સદા સુખ તણા જગમાં તમે છો
ભૂલા પડેલ અમને ભવમાં ગમો છો
ભૂલો સુધારી સુખડાં કરતાં જ સ્વામી
વંદુ સદા વિનયથી અગણિત નામી
જો આઠુ જામ હરિમાં મનડું રખાય
એકાદશી નિયમથી થયેલી ગણાય
ઈન્દ્રિય આહાર સઘળાં તજતાં વિચારી
રાજી થઈ મલપતા મળશે મોરારી
જોગી તણું જીવનતો વનવાસ માગે
ભોગી ભલે ભવનમાં ભટકાય રાગે
જોગી વસે નગરમાં જર જોરું ચ્હાય
રાગી થતાં વિષયનો નરકે જ જાય.
પાપો અનેક જનમે જીવના કરેલા
કાયિક વાચિક મને ભવમાં થયેલાં



શબ્દે તથા સ્પરશથી રસ રૂપ ગંધે
તે તે પ્રકારે બળશે હરિને સંબંધે
માટે સંબંધ હરિનો સરવે પ્રકારે
કલ્યાણકારી સમજો ભવ પાપ બાળે
ચિંતામણી સુખ કરી, હરિ મૂર્તિ આજ
સંભારતાં સુધરશે સઘળા જ કાજ
આઠો પહોર સુરતી, કરનાર સંત
જ્ઞાની બની જગતનો બનશે મહંત
સત્તા અનેક મળશે હરિને પ્રતાપે
માયા જ કાળ કરમો નહિ દુ:ખ આપે
બોલ્યા હરિ કરી, કૃપા સૂણજો તમે સૌ,
નિશ્ચે થયો જ સૌને અરધો અમારો
બાકી રહ્યા નિરવિકલ્પ હવે પછીના
પૂરા થયે સુખ થશે દઢતા જ રાખો.

મુદ્દા જ ચાર સમજી ઉરમાં ઉતારો
જાણે ઉપાય સુખનો દુ:ખ ટાળનારો
બીજે નથી જગતમાં સુખ લેશ માત્ર
જો જે વિચારી જીવડા દુખદાય ગાત્ર
જીવો મરો સુખી રહો દુ:ખથી પીડાઓ

કલ્યાણ થાવ અથવા નવ તે જ થાઓ
સ્વર્ગે જવાય નર્કે કદિ વાસ થાય
ઈચ્છા ન કોઈ ભગતે મનમાં રખાય
વાસો સદા સુખ તણો ચરણે હરિને
કાં સંતમાં સુખ રહ્યું ભજને કરીને
રાખો અખંડ સુરતી હરિ મૂર્તિમાં
શાબાશ જન્મ જગમાં શુભ કિરતીમાં
સારાં પુરુષ યતનો કરવા વિચારી
ઈચ્છા પ્રભુ પ્રસન્નતા દઢ ટેક ધારી
મૂર્તિ સદા નિરખવી હરિ હેત કાજે
ગોવિંદ ગાય ગુણલા હરિના સમાજે.

પ્યારા મારા નમન કરીને, હેતથી વિનવું છું
શાંતિ દાતા સકળ જગને આપને એ કહું છું
રાખી પાસે વિનય શીખવી, વાસના છેક ટાળો
જેવો તેવો તરણ સરખો, દાસ હું છું તમારો
સ્વામી મારા નમન તમને હાથ જોડી કરું છું
મારા સામી નજર કરજો ધ્યાન એવું ધરું છું
માયા મારી મદન રિપુને ક્રોધ આદિ વિદારો
ત્યારે થાશે મમ જનમ તો સુખનો આપનારો



## (શાર્દુલવિક્રિડિત)

પાટીદાર કુળે તમે પ્રગટિયા, પ્યારા પ્રભુ પ્યારથી
લક્ષ્મીવાન થયા ગરીબ ઘરના, કીર્તિ વધી ત્યારથી
બાંધી ભવ્ય મકાન રાજ કરતા, ભેળા કરી ભક્તને
જાદુ કામ વડે ઠગાઈ કરતા લાગો બધા જકતને

આ શાળા અભિયાસ પાર કરવો, ધાર્યો અમે આ સમે
બીજી તો નથી માંડવી પ્રથમથી બોલ્યા હરિ પ્યારમેં
મંડાશે પછી તો અન્ય નવનવે દ્વારે ફરી વારની
આ લોકે રહીશું અમે કરી દયા, ઈચ્છા પ્રમાણે પછી
આ લોકે ભગવાનના સ્વરૂપ જે
ધારે મનુષ્યા કૃતિ
ક્રિયા જોબન બાળ વૃદ્ધ સરખી
સારી નઠારી અતિ
ડાહીને વળી ઘેલડી અવનવી
અજ્ઞાન જ્ઞાને કરી
ગુણોથી ભરપૂર દિવ્ય સરખી
જાણો ન ભાગો ડરી

❖ ❖ ❖

પૃથ્વી પતિ હરિ તમે જગમાં પધારી
કાર્યો કર્યા જીવ તણાં ભવ દુઃખ હારી
રાખી દયા ઘણી તમે અપરાધ સાંખી
એવા દયાળુ તમને પ્રણમુ પ્રતાપી

❖ ❖ ❖

શ્યામ શિર પાઘ લાલ, લાલ ચંદ ભાલ છે
નયન મધ્ય ટસર લાલ, લાલ ઉભય ગાલ છે
લાલ ચંદ ગાલ લાલ, જીભ અધર લાલ છે
કર્ણ કડી નંગ લાલ, નાક ચિબૂક લાલ છે
લાલ કંઠ લાલ પુષ્પ, હાર લાલ શાલ છે
હસ્તની હથેળી લાલ, નખમણી જ લાલ છે

❖ ❖ ❖

ચરણ રજ તમારી મુક્તિદાતા સદા છે
અધિક સુખદકારી શાંતિકારી જ આ છે
નમી નમી નમી તાત માથે ચઢાવે
ફરી ફરી ફરી તે તો માત પેટે ન આવે
સદા નમી શ્રી પુરુષોત્તમ રાય
સૌ સંતદળને પ્રણમી સદાય
શરૂ કરું હું આ પુણ્યકારી
કથા હરિની અધિક સુખદકારી



## ભજન - ૧ (પ્રાર્થના)

વંદન કરીએ શ્રી હરિ તમને,
પહેલું વંદન પુરુષોત્તમને, બીજુ વંદન હરિજન સૌને. ૧
વંદન કરીએ શ્રી હરિ તમને
વંદન કરીને માગું આજે,
દયા કરીને દેજો આજે.... વંદન. ૨
પહેલું માગું દેજો ભક્તિ,
ભજવા આપજો અમને શક્તિ.... વંદન. ૩
બીજું માગું ઝાલો હાથ,
રહેજો સદાય મારી સાથ.... વંદન. ૪
ત્રીજું માગું ચરણમાં વાસ,
હું છું તમારો સદાયનો દાસ.... વંદન. ૫
ચોથું માગું જો જો સામું,
કંઈ ન થાયે કામ નકામું.... વંદન. ૬
પાંચમું માગુ પુરુષોત્તમજી,
રૂદિયે રહેજો તમારી મૂર્તિ.... વંદન. ૭
હરતાં ફરતાં તમને સમરુ,
ગાંડી ઘેલી વાલા કગરુ.... વંદન. ૮

આવી સુધારો મારા કાજ,

જગમાં ના જાય મારી લાજ.... વંદન. ૯

## ભજન - ૨ (પ્રાર્થના)

ધર્મકુંવર હરિકૃષ્ણજી તમે ભક્તપતિ ભગવાન - એ વર માગું
દયાનિધિ તમે દાસને નિત આપો છો એ દાન -॥-
નિર્વિકલ્પ ઉત્તમ અતિ એવું નિશ્ચય થાય તમારુ -॥-
અલબેલા તમ આગળે હું અરજ કરુ એ સારું -॥-
માહાત્મ્ય જ્ઞાન સહિત હરિ એવી એકાંતિક જે ભક્તિ, -॥-
પ્રિત રહો તમ ચરણમાં, બીજે રહો સદા વિરક્તિ, -॥-
હું માં તમારુ ભક્ત પણું, હરિ એમાં કોઈ પ્રકાર, -॥-
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર, -॥-
તમારા કોઈ ભક્તનો મારે, દ્રોહ ક્યારે નવ થાય, -॥-
સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય, -॥-
દાસ તમારા દાસનો મને, રાખો નાથ હજુર, -॥-
પ્રેમાનંદની વિનંતી સાંભળજો, શ્યામ જરૂર -॥-
અમે તમારા તમે અમારા, પુરુષોત્તમ ભગવાન, -॥-
સૌ સંતોની વિનંતી સાંભળજો શ્યામ જરૂર, -॥-
ધર્મકુંવર શ્રી પુરુષોત્તમ તમે, અક્ષરાતીત ભગવાન -॥-



## ભજન - ૩

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી,
એવું વરદાન દિજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે.
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન,
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ.
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે,
દેશ કાળ ને ક્રિયાએ કરી, કે'દી તમને ન ભુલિયે હરિ.
કામ ક્રોધ લોભને કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ,
તમને ભજતાં આડું જે પડે, માગીયે એ અમને ન નડે.
એટલું માગીએ છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે,
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજો હરિ તેહ.
કેદિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન,
કેદિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો.
કેદિ દેશો મા સંસારી, સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ,
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈરષા કાંઈ.
દેશો મા દેહ દુઃખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ,
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય,



7

એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે.
પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર,
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમઝશો સદા અદોષ,
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત.
દિધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા

## ભજન - ૪

મોહનનું (૨) મંગળ મુખ જોયું
મન મોહ્યું, મારુ મન મોહ્યું.
અલબેલો એ મતવાલો છે, ભક્તોનો એ ભયહારો છે.
એની સાથે (૨) મેં જીવન જોડયું.... મન .... ૧.
એનું નામ જગતમાં સાચું છે, એ વિના સઘળું કાચું છે,
એને મળવા (૨) માટે ઘર છોડયું.... મન .... ૨.
પ્રભુ સુણજો મારી આજીજી, દર્શન દઈને કરજો રાજી,
હવે આવો (૨) આ હૈયું રોયું.... મન .... ૨.



## ભજન - ૫

નટવરની (૨) મેં મૂર્તિ નિરખી
લેહ લાગી, મને લેહ લાગી.
માથે તોરાવાળી ટોપી છે, એને જોઈ રહી સૌ ગોપી છે.
કલગીએ (૨) તો ભ્રમણા ભાંગી.... લેહ લાગી.... ૧.
જરકશીયું શેલું પહેર્યું છે, મન મૂર્તિમાં પરોવ્યું છે,
જીવનને (૨) મેં જોયા જાગી.... લેહ લાગી.... ૨.
હાથે ઘડિયાળ પહોંચી શોભે છે, ભક્તોના મનડા લોભે છે,
દરશનનો (૨) વર લીધો માંગી.... લેહ લાગી.... ૩.
પ્રભુ મોજડી પાતક હારી છે, આ દાસના મનમાં પ્યારી છે,
તારા માટે (૨) જગ જંજાળ ત્યાગી.... લેહ લાગી.... ૪.

## ભજન - ૬

વાલો આવ્યા છે મારે ઘેર રે, પ્રગટ પુરુષોત્તમ (૨)
દયા કરી છે ઘણી મહેર રે, પ્રગટ પુરુષોત્તમ (૨)
ધન્ય મણિબા તમારા સ્વામી,
અંતરયામી અક્ષરધામી,

ભક્તોને કરાવે લહેર રે.... પ્રગટ પુરુષોત્તમ (૨)
મનના મનોરથ પૂરા કરે છે,
દુઃખી જનોના દુઃખ હરે છે,
સંભાળ રાખે છે સારી પેર રે.... પ્રગટ પુરુષોત્તમ (૨)
સમૈયા માહી સુખ ઘણું છે,
મૂર્તિની શોભા રૂપ ઘણું છે,
છૂટે છે તેજ તણી શેર રે.... પ્રગટ પુરુષોત્તમ (૨)
પ્રેમીજનોના વાલોજી સાથી,
ભવનો ફેરો ટળે પ્રગટ ઓળખ્યાથી,
નક્કી નિશ્ચય કર્યો એક રે.... પ્રગટ પુરુષોત્તમ (૨)
અંત સમયમાં આવજો વહેલા,
બેલી નથી બીજો મારે છબિલા,
મૂર્તિમાં ધ્યાન રહે એજ રે.... પ્રગટ પુરુષોત્તમ (૨)
રહેજો અંતરપાસ જોઉના છેટા,
કહે અરજનદાસ ભાવેથી ભેટો,
દયાળુ દર્શન દેજો રે.... પ્રગટ પુરુષોત્તમ (૨)



## ભજન - ૭

### રાગ : ચોપાઈ

મોક્ષ માર્ગનાં શાસ્ત્ર છે જેહ,
તેમાં વચનામૃત મુખ્ય તેહ,
સાર સર્વેનું એમાં લખ્યું છે,
સર્વથી શ્રેષ્ઠ એને ગણ્યું છે. (૧)
તેનો લખ્યો છે આ રૂડો સાર,
એક ચિત્તે સુણો નિરધાર,
દેહ જાણો છે આપણું ઘર,
આપણે આત્મા સુંદર. (૨)
પ્રભુ માલમિલકત છે એમાં,
સદા વૃત્તિ રાખવી તેમાં,
એવી દૃઢ સમજણ જ્યારે થાય,
જ્યાં જ્યાં જઈએ ત્યાં ધામ મનાય. (૩)
એવી સમજણ જ્યાં સુધી નથી,
સુખ સારું મન મરે મથી,

પણ સુખ તેને નવ થાય,
માટે ધારો પ્રભુ મન માંય. (૪)
મળ્યા પ્રગટ પ્રભુજી જ્યારે,
કાંઈ અધુરુ ન રહ્યું ત્યારે,
તેને ધારી હૃદય મોઝાર,
સદા જોઈ રહેવું નિરધાર. (૫)
કરી અભ્યાસ શીખોને એહ,
સદા આનંદ આપશે તેહ,
ખેતીવાળાને ખેતી આનંદ,
વહેપારીને વહેપારે આનંદ. (૬)
પોતે પોતાના ધંધામાં રમે,
સુખે દહાડો રાત નિરગમે,
એમ ભક્ત ભગવાનને ધારે,
રાત દિવસ મનમાં સંભારે. (૭)
અકળાય નહીં કોઈવાર,
સાચો ભક્ત તે તો નિરધાર,
બીજી વાત કરી મહારાજ,
સાંભળો સૌ સંત સમાજ. (૮)



મુક્ત સાથે હેત નવ કરવું,
સદાએ એના સંગથી ડરવું,
જીવ જગત સાથે હેત રૂડું,
એ તો આ લોકમાં કરે ભૂંડું. (૯)
પણ મુક્ત તો આવે છે સાથ,
અક્ષર ધામે આપણી સંગાથ,
એ તો અંતર વૃત્તિ તોડાવે,
ત્રણ ભાગ વૃત્તિના પડાવે. (૧૦)
ભગવાન આતમાને મુક્ત,
ત્રણ ભાગ થયા જાણો જુક્ત,
ત્રીજા નંબરનો મુક્ત થાય,
ઉત્તમ મુક્ત તે નવ ગણાય. (૧૧)
માટે મુક્ત સાથે હેત તોડી,
રાખો વૃત્તિ ભગવાનમાં જોડી,
આ તો વાત કામની છે એને,
મળ્યા પ્રગટ પ્રભુ જેને જેને. (૧૨)

ઉત્તમ મુક્ત જેને જેને થાવું,
તેને સમજીને વર્તવું આવું,
દેહ ઘર આતમા રહેનાર,
માલ મિલકત માંહી મોરાર. (૧૩)
અખંડ અંતરમાં રહેવાય,
ત્યાંજ અક્ષરધામ મનાય,
તેજ સદા સુખીઓ છે જાણો,
તે જ વહાલો પ્રભુને પ્રમાણો. (૧૪)
તે જ જગતને મંગળકારી,
દર્શને ઉધરે નરનારી,
કરવાનું કર્યું સર્વ તેણે,
રાખ્યા રામજી હૃદામાં જેણે (૧૫)
એમ વાતો કરીતી અપાર,
તેનો આતો છે ટૂંકમાં સાર,
ધારી વિચારી મનમાં ઉતારો,
મૂર્તિ હૃદામાં અખંડ ધારો (૧૬)



## ભજન - ૮

હું તોશું કહું રે (૨) આતો પ્રગટ પ્રભુજી પોતે
દુઃખ હરવામાં બાકીના રાખ્યું, ભરીયું સુખનું ગાડુ,
એક પલકમાં દૂર પળાયુ, કામક્રોધનું ધાડુ - હું તો.
ભયભંજન ભગવાન અમારે, શીર એક સાચા સ્વામી,
બીજા કોઈનો ભાર નહીં કે, કાઢી શકે કાંઈ ખામી - હું તો.
જંગલ મંગલ સચરાચરમાં, વ્યાપક છે અલબેલો,
સહાય કરે છે સદાય સઘળે, છોગાળો રંગરેલો - હું તો.
આ જગમાં કોઈ દુઃખનો ભાગીદાર સુણ્યો નવ કાને,
ભીંત ફાડીને પ્રગટ થાય છે, ભાગ્ય હોય તે માને - હું તો.
ધરતાં એનું ધ્યાન અહર્નીશ, મનવાંછીત ફળ પાવે,
પરલોકે પણ સુખીયો થઈને, જન્મ ધરી નહિ આવે - હું તો.
થોડે પુન્યે થાય નહિ, આ વાતતણો વરતારો,
કોટિ જન્મના સુકૃતફળને, દેખે હરિવર મારો - હું તો.
દર્શન થાતાં કોઈ વાતની, કદિએ નવ રહે ખામી,
ના માનો તો જુઓ તપાસી, ઘાભાઈ દાસના સ્વામી - હું તો.

## ભજન - ૯

ભલે આવ્યા પ્રગટ ભગવાન આજે મારે આંગણિયે,
મને આપ્યુ અલૌકિક જ્ઞાન મુખથી શું ભણીયે....
ગાતા ને વાતા ગુરુ ઘેર આવ્યા, મોંઘે મોતીડે વધાવ્યા રે (૨)
ત્રિકમને તેડીને મેંતો, પાટ ઉપર પધરાવ્યા.... આજ

ચંદન ચર્ચ્યું ચતુરવરને, પહેરાવ્યા પુષ્પના હાર રે (૨)
આરતી ઉતારી અતિ ઉમંગે, નિરખ્યા મેં ધર્મકુમાર.... આજ

સોનેરી શરબંધ શીર પર શોભે, મખમલ જામો લાલ રે (૨)
કુંદનના કંડા બેઉ કરમાં, વેઢ-વીંટીને રૂમાલ.... આજ

ધોયેલી ધોતી પહેરી છે ધોળી, કસબી કોર રસાળ રે (૨)
મોહન પાવમાં મોજડી મોંઘી, શોભા અપરંપાર.... આજ

નયણે નીરખી નારાયણને, અંતરમાં ઉતારું રે (૨)
વૃત્તિ થાવા તવ આકારે, માગી રહ્યું મન મારું.... આજ

નરસૈયાના સ્વામી શામળા, તમે ભક્ત વત્સલ ભગવાન રે (૨)
દીનદાસ પર દયા કરીને, દીજીએ એટલું દાન.... આજ



## ભજન - ૧૦

લાખો - કરોડો વાતોમાંથી સાર વાત એ છે....
ભગવાન હૃદયમાં ધારો, હરિ સુખ દુઃખમાં સંભારો,
તો સફળ થશે જન્મારો.... સમજો....
આ દેહ નરકનું ગાડુ, એને તો જોઈએ ભાડું,
સરખા ખીચડી કે લાડુ, સમજો સાર વાત એ છે.
નારાયણ જે સમજાવે જે કાળે જેમ બતાવે,
તે કરવું ભાવે-ભાવે, સમજો સાર વાત એ છે.
અધ્યાય ગીતાનો છેલ્લો, છાસઠમાં શ્લોક લખેલો,
વાંચીને સર્વે ઠેલો, સમજો સાર વાત એ છે.
રહેશે નહિ વાતો છાની, સાચવવી છેક જુવાની,
એક મૂર્તિ મોજ-મજાની, સમજો સાર વાત એ છે.
નારાયણ સૌ ઠેકાણે, હાજર છે એવું જાણે,
ગુણ તેના દેવ વખાણે, સમજો સાર વાત એ છે.
અંતરમાં રહેશે લોચો, તે મરતાં પડશે પોચો,
સમજુને માટે ટોચો, સમજો સાર વાત એ છે.
દાભાઈ અવગુણનો દરિયો, છે દોષ જળેથી ભરિયો,
અક્ષરધામે પરવરિયો, સમજો સાર વાત એ છે.

## ભજન - ૧૧

જય જય સ્વામી, અંતર જામી ગરૂડા ગામી પુરણકામી,
અનંત નામી, અક્ષરધામી, પુરુષોત્તમને
નમન હમારા (૨), વારંવારા, દુઃખ હરનારા,
સુખ કરનારા, અમે તમારા, તમે અમારા
સદા કાળ, સંગાથે રહેજો, ભુલચુકમાં ઠપકો દે જો, (૨)
કહેવાનું તે સર્વે કહેજો, પાત્ર બનાવી દર્શન દેજો (૨)
સોનેરી શીર પાઘ ધરીને, તોરા લટકે, ઝગમગ ઝળકે,
બંને પાસા, ખા'તા ઝોલા, હીલમ ડોલા
શ્વેત કપોળે, ચંદન ખોરે, લાલ ચાંદલે, કાળી ભ્રમ્મર,
લાગે સુંદર, ભ્રકુટી પાસે ગુંજ મનોહર
નેણાં ઢાળી, પાંપણની બે હાર રૂપાળી,
મૂર્તિ લાગે, કામણગારી, નાસિકાની શોભા સારી
લાલ ટીબકડી, દીસે રૂડી, જમણે ગાલે નિરખુ વહાલે,
કાને કડીઓ, નંગે જડીઓ



લીલમ લળકે, ઝગમગ ઝળકે, લવિંગડાં બુટ્ટીનાં ભાળી,
જનમ મરણની શંકા ટાળી (૨)
મૂછ નીરખી હૈડે હરખી, હોઠ અનુપમ,
વદન કમળની શોભા ઉત્તમ
દંત રૂપાળા ખીતલિયાળા
દાડમ બીજ થકી જ રૂપાળા, ચીબુક શોભે,
ઝાક ઝમાળા, મખમલ જામો, રંગે રાતો,
ઝીંક ભરેલો, ટીબકડીને તાર મઢેલો
કંઠે મોતી માળ રૂપાળી, ઉતરીઓની શોભા સારી
શોભે રૂડા હાર હજારી
મૂર્તિ પ્યારી, કામણગારી, નીરખી નજરે, ઉર ઉતારી
ખભે નાખીને સુંદર શેલુ
રાતું બુટ્ટાદાર રસીલું બાહુ ભાળ્યા,
હાથી સુંઢ સમાન રૂપાળા,
કાંડે કુંદન કડાં વિરાજે

મૂરતી નીરખી, રતિપતિ લાજે, લાલ હથેળી,
રક્ત નખમણી, વેઢ વીંટી છે દસે આંગળીએ (૨)
રૂમાલ રૂડા હાથ ગ્રહીને, કર લટકે મન પ્રાણ હરિને,
કેડે શેલુ શ્વેત કસેલું
છેડા બે લટકે બેઉ પાસે જોઉ ઉલ્લાસે,
મન નવનાસે મોંઘા મુલો, મખમલ લેંઘો (૨)
તારા ટપકી, ઝીંક ભરેલો, લાલ મોજડી,
નંગ જડેલી દીસે રૂડી, હીંડોળે આવીને ઊભા
હસ્ત કમળ બે ઉંચા કીધા, શિક્ષાપત્રી માંગી લીધી,
ઢોલ વાગિયા શંખ ફૂકિયા
ઘંટ રણકીયા, કરી આરતિ, ઝાઝું હરખી, મૂર્તિ નીરખી
મોહ થયો, આનંદ થયો, ભવરોગ ગયો
ગયો તે ગયો.



## ભજન - ૧૨

શોભો છો શ્યામ તમે સારા રે.... શોભો છો શ્યામ તમે સારા,
દીનબંધુ દીનનાથ, દયાળુ પુરુષોત્તમ પ્યારા.... (૨)
પૂર્વેનું પુણ્ય પ્રગટ થયું રે.... પૂર્વેનું પુણ્ય પ્રગટ થયું,
આપને ઓળખ્યા થી જે પાપ હતું તે દૂર થયું.... (૨)
બાકરોલમાં સંઘ ભરાયો ભારી રે.... બાકરોલમાં સંઘ ભરાયો ભારી,
જ્ઞાન, વૈરાગ્યને ભક્તિ તે તો પ્રગટ કરી સારી.... (૨)
સમાધિ ધ્યાન ભજન થાય રે.... સમાધિ ધ્યાન ભજન થાય,
જે જન આવે શરણે તમારે તેના દુઃખ જાયે.... (૨)
દર્શને સૌ જનો ચાલો રે.... દર્શને સૌ જનો ચાલો,
સેવક બાપુલાલ કહે છે આનંદ મને આપો.... (૨)

## ભજન - ૧૩

અક્ષરધામના રાજાધિરાજ,
આવ્યા અવની પર સજી સાજ,
અવતારના અવતારી નાથ,
લાવ્યા કોટિ મુક્ત વળી સાથ.
ધ્યાની મુનિ જપે જેનાં જાપ,
શરણાગતના સમાવે તાપ
સચ્ચિદાનંદ પુરણ બ્રહ્મ,
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૧
મોહનવર કરી ઘણી મહેર,
ભક્ત કોડ પૂર્યા ધરણીધર,
અવિનાશીને સુખના રાશી,
કોટિ મુક્ત સેવે છે ઉપાસી.
ગૌર વાને શોભે છે સુંદર,
અતિ વહાલા લાગે છે નટવર,
અકળ મુરતી ન પડે ગમ,
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૨



દૃષ્ટિ અનિમેષ વર્ણીવેશ,
ભક્ત રક્ષા કરે છે હંમેશ,
નાશા નમણી ચંચળ લોચન,
છાતી ઉપડતી સુંદર સ્તન,
સુંદર ભાલ દીસે ચંદો લાલ,
લાલ ટીબકડી વળી ગાલ,
દેવ મનુષ્યમાં સર્વોત્તમ,
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૩
સહુના નિયંતા પુરણકામ,
સર્વ લોક રટે જેનું નામ,
કલ્યાણ કરવા ભીડી છે હામ,
ખેંચ્યા મુક્ત મુમુક્ષુ તમામ,
દ્વિભુજ દિવ્ય સદા છો સાકાર,
પ્રેમીજનના પ્રાણ આધાર,
અજ્ઞાનરૂપી ટાળો છો તમ,
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૪
અણુ અણુ પ્રત્યે રહ્યા વસી,
મંદ હાસ્યે રહ્યા વળી હસી.

સહુના પ્રેરક સહુના આધાર
આવ્યા ઉતારવા ભૂમિભાર,
મુરતી તેજોમય ઘનશ્યામ,
જાણે ઉગિયા કોટિક ભાણ.
નેતી નેતી કહે છે નિગમ,
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૫
શારદ શેષ મહામુનિ મહેશ,
જેના ગુણ રટે અહોનિશ,
અંતર્યામી કરૂણાસાગર,
બહુનામી અધમ ઓધાર,
છોગાળા સુંદરવર છેલ,
વસો ઉરે આવી અલબેલ,
કાને કુંડળ નંગ નૌતમ,
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૬
મંગળ મુરતી પ્રગટ સ્વરૂપ,
સદા સંભારુ રાખીને ચિત્ત,
ધ્યાને ધારુ મુરતી કિશોર,
છુટે શાન્તિ તણીઘણી ફોર.



સકળ શાસ્ત્ર કરે છે પ્રમાણ,
મર્મ અર્થની કરાવે જાણ,
અંબાલાલના પ્રાણજીવન
વંદુ એવા સ્વામી પુરુષોત્તમ. ૭

## ભજન - ૧૪

આજ મારે આનંદની હેલી રે,
આજે મારે દિવાળી આવી રે. ટેક
પ્રભુ આવ્યા સંત લાવ્યા
અમીના વાયરા વાયા.... આજ મારે....
અક્ષરધામના ધામી મારે આવિયા,
ભલે આવ્યા મન ભાવ્યા,
ત્રિવિધિના તાપ ટાળ્યા.... આજ મારે....
પ્રભુ આવ્યા હરિજનને આંગણે.
અષ્ટ સિદ્ધિ નવ નિધિ,
પ્રભુ આવ્યા કરી પ્રીતિ.... આજ મારે....
સર્વે સખીઓ સોના ફુલે છાબ ભરો.
છાબ ભરો દુઃખ હરો,
પ્રેમથી વંદન કરો.... આજ મારે....

પ્રેમીજનો લઈ લો ને રૂડો લ્હાવો
અવસર નહિ આવે આવો,
મોંઘે મોતીડે વધાવો.... આજ મારે....
પ્રભુ આવ્યા મંદિર મારે, રુમઝુમ કરતા
તેજના અંબાર ભર્યા,
અલૌકિક નાદ કર્યા.... આજ મારે....
રોમે રોમે આનંદની શે'રો છુટી
ચોરાશીની બેડી તુટી,
પ્રભુ મુરતી હ્દે ખુંતી.... આજ મારે....
આજ મેં તો અમીનો ઘુંટડો પીધો
મુને મારગ જડયો સીધો,
જનમ સુફળ કીધો.... આજ મારે....
સર્વે હરિજન કહે શીશ નામી,
કોઈ વાતે નવ રહી ખામી,
પુરણ પુરુષોત્તમ પામી.... આજ મારે....



## ભજન - ૧૫

કર જોડી કરુ વાલા વિનંતી,
તમે દીનજનોના દાતાર, છો પ્રાણ આધાર,
કરુ વાલા વિનંતી....

પાંચ ઈન્દ્રિ વિષયમાં ભળતી રે,
તેથી મુરતીમાં વૃત્તિ ના ઠરતી, કરો નિવૃત્તિ,
કરુ વાલા વિનંતી....
.... કર જોડી કરુ વાલા....

કામ ક્રોધ લોભ મોહ ચોર રે,
મન ચરતુ હરાયું છે ઢોર, શત્રુનું ઘણું જોર,
કરુ વાલા વિનંતી....
.... કર જોડી કરુ વાલા....

કથા કિરતન રૂડા મઝાના રે,
પ્રભુ મૂર્તિ છે માલ ખજાનો, આ લાભ ભજયાનો,
કરુ વાલા વિનંતી....
.... કર જોડી કરુ વાલા....

આવા ધન માલ જાય ચોર લુંટી રે,
શાંતિ આનંદ જાય બધો ખુટી, હૈયેથી વછુટી,
કરુ વાલા વિનંતી....
.... કર જોડી કરુ વાલા....

અંતર શત્રુથી રક્ષાઓ કરજો રે,
મારા સરવે તે અવગુણ હરજો, વિનંતી કાને ધરજો,
કરુ વાલા વિનંતી....
.... કર જોડી કરુ વાલા....

દીનદાસ અરજન કરે વિનંતી,
સુણો પુરુષોત્તમ અક્ષરપતિ, ચરણોમાં રહેવા મતિ
કરુ વાલા વિનંતી....
.... કર જોડી કરુ વાલા....



## ભજન - ૧૬

નથી બીજા કોઈ આવા રે તમારા જેવા,
પુરુષોત્તમ એક તમે રે, છો જોયા જેવા....
તોરાવાળી ટોપી પહેરી, ઉપર કલગી ધારી,
કાને કુંડળ લટકાળા રે, છો જોયા જેવા.... નથી બીજા....
ભાલ છે વિશાળ સારું, લાલ હું ચાંદલો ધારું,
મુખડુ રૂપાળુ તારૂં રે, છો જોયા જેવા.... નથી બીજા....
કંઠમાં સોનાની માળા, ફુલહાર પહેર્યા સારા,
અંગે છો ગુલાબી ગોરા રે, છો જોયા જેવા.... નથી બીજા....
પીતાંબર શોભે સારા, જરકશી જામા તારા,
બાજુબંધ બાંધનારા રે, છો જોયા જેવા.... નથી બીજા....
હાથની આંગળી સારી, દશ વેઢ રહ્યા ધારી,
મોતી પહોંચા પહેરનારા રે, છો જોયા જેવા.... નથી બીજા....
પાયમાં ઝાંઝર પહેરી, મોજડી સોનાની સારી,
ચમકતી ચાલ તારી રે, છો જોયા જેવા.... નથી બીજા....
દાસ અરજન કહે છે ચરણોમાં શીશ દે છે,
આશરાનું બળ લે છે રે, છો જોયા જેવા.... નથી બીજા....

## ભજન - ૧૭ (પ્રભાતિયું)

વચનામૃત વાલાના રે, સુણવા ગોપ ગોપી આવે.
જ્ઞાન અલૌકિક ગિરીધર વરનું સૌને મન ભાવે....
શિક્ષાપત્રી મુક્તની વાંચી, અર્થો સમજાવે,
અર્ધાંગનાનો અર્થ કરીને, મર્મો બતલાવે.... વચનામૃત....
છોગલિયું તારુ છેલા રે, મારા અંતરમાં અટકે,
પૈઠણ ઉપર છોગલિયું છે, મનમાં તે ખટકે.... વચનામૃત....
યમ નિયમાદિ સાધન વિના સમાધી આવે,
છોગલિયું તેને જાણવું ભાઈ, મનડાં લલચાવે.... વચનામૃત....
મન વાણીને કર્મથી સંતો હરિ સન્મુખ જોવું,
મોટામાં મોટું સુખ છે, એ તો શા માટે ખોવું.... વચનામૃત....
મોળું પડે છે જગ સુખ જાણો, હરિનું સુખ આવે,
આવ્યા વિના કેમ મોળુ થયું તે કારણ બતલાવે.... વચનામૃત....
પાપ અનંત પ્રકારના તેમાં મોટું તે શું છે ?
હરિ વિના બીજે ઠેકાણે હેત કરે તે છે.... વચનામૃત....
વચનામૃત છેલ્લા પ્રકરણનું સત્તરનું સમજો,
મૃગનું બાળક ભર્તને ભારે વિઘ્ન કરે ડરજો.... વચનામૃત....



## ભજન - ૧૮

હે મહારાજા મહેર કરીને આપો મુરતી તમારી રે,
બીજું તમારુ ગમતું દેજો, પ્રસન્ન થઈ ગિરધારી રે.... હે મહારાજા....
તમ વિના મને ગમતું નથી,
જુઠું જગને જાણું રે.... હે મહારાજા....
ધ્યાન ભજન કરીને તમારું,
અખંડ સુખડાં માણું રે.... હે મહારાજા....
શા માટે પ્રભુ વાર લગાડો,
મુરતી આપી દો ને રે.... હે મહારાજા....
પાત્ર બનાવી હે મહારાજા,
અખંડ હૃદયે રહોને રે.... હે મહારાજા....
વહેલી મોડી કૃપા કરવી પડશે,
મોહન મનમાં જાણો રે.... હે મહારાજા....
સંત હરિજન થયા અધીરા,
વાલમ ઉરમાં આણો રે.... હે મહારાજા....
તમે મળ્યાને સાધન સહુ પુરા,
જય પુરુષોત્તમ સમરીયે રે.... હે મહારાજા....

કલ્યાણ મારું થઈ રહ્યું છે,
મુરતીની ઈચ્છા કરીએ રે.... હે મહારાજા....
ધીરજતા નથી રહેતી શામળિયા,
સંત થયા છે અધીરા રે.... હે મહારાજા....
પ્રસન્ન થાવો ને હે પરમેશ્વર,
બેચરદાસના પ્યારા રે.... હે મહારાજા....

## ભજન - ૧૯

મારા વાલાની મનહર મુરતી સુંદર શોભી રહી.... ટેક.
બેઠા છે હીંચકે સંતોની સાથમાં,
ધોળો રેશમીયો રૂમાલ હાથમાં,
ભક્તોને ભીડે છે બાથમાં, સુંદર શોભી રહી.... મારા વાલાની....
ટોપી ચળકતી પહેરી છે ફાંકડી,
ભવના દરદની મટાડે આંકડી,
નેત્રકમળની પાંખડી, સુંદર શોભી રહી.... મારા વાલાની....
ચંદો છે ભાલમાં મનડા ને લોભતો,
ત્રિવિધ તાપની અગ્નિ બુઝાવતો,



અક્ષરના પંથે ચઢાવતો, સુંદર શોભી રહી.... મારા વાલાની....
નાશા છે નમણી ધારો ને ધ્યાનમાં,
કેવું છે સુખડું દેખો ભગવાનમાં,
સમજું તો સમજે છે શાનમાં, સુંદર શોભી રહી.... મારા વાલાની....
પ્યારું મુખારવિંદ ભક્તોનો આત્મા,
એનાથી ઓળખાય પ્રેમે પરમાત્મા,
મૂરતીમાં ચોંટે જીવાત્મા, સુંદર શોભી રહી.... મારા વાલાની....
મોતીની માળા છે કંઠે સોહામણી,
જામો ઝબુકતો દેખો શોભા ઘણી,
ભક્તોની સાચી ચિંતામણી, સુંદર શોભી રહી.... મારા વાલાની....
સોનાના શણગાર પહેર્યા અપાર છે,
પીળું પીતાંબર સૌનો આધાર છે,
મોજડીમાં મન એક તાર છે, સુંદર શોભી રહી.... મારા વાલાની....
મુરતી અંતરમાં રહેજો સદાયજી,
કદીના નાથજી ભુલી શકાયજી,
ઘાભઈ તો લાગે છે પાયજી, સુંદર શોભી રહી.... મારા વાલાની....

## ભજન - ૨૦

બાકરોલમાં મંદિર બાંધ્યું તમે,
એ વાત જગતમાં જાહેર છે.
ડાહ્યાભાઈ મહારાજ નામ તમારું છે,
એ વાત જગતમાં જાહેર છે.
તમે હરિબા ના લાલા છો, તમે શંકરભાઈના પ્યારા છો,

તમે ભક્તોના બહુ વ્હાલા છો,
એ વાત જગતમાં જાહેર છે....
બાકરોલમાં મંદિર.... ૧
તમે ભક્તોને ભેળા કરતા હતા, તમે સમૈયા બહુ કરતા હતા,

તમે ભક્તોના દિલમાં રમનારા,
એ વાત જગતમાં જાહેર છે....
બાકરોલમાં મંદિર.... ૨
તમે મનુષ્યરૂપે અવતરીયા, ભક્તોના સઘળા કાર્યો કર્યા,
દુઃખીયાના દુઃખડાં હરનારા,
એ વાત જગતમાં જાહેર છે....
બાકરોલમાં મંદિર....૩
તમે ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ, એ ચાર એકાંતીકિ રીત શીખવી,



આત્યાંતિક કલ્યાણની મુક્તિ દીધી,
એ વાત જગતમાં જાહેર છે....
બાકરોલમાં મંદિર....૪
તમે આજ સત્સંગમાં વિચરો છો, પ્રગટ મુરતી દ્વારે પ્રત્યક્ષ છો,

અક્ષરધામનું મધ્ય આ મંદિર છે,
એ વાત જગતમાં જાહેર છે....
બાકરોલમાં મંદિર....૫
આ ભક્તોને આવી દર્શન દો, મન કેરા સઘળા કોડ પુરો,

અંતરજામી છો પ્રગટ પુરુષોત્તમ
એ વાત જગતમાં જાહેર છે....
બાકરોલમાં મંદિર....૬

## ભજન - ૨૧

સંતો પ્રીત કરીને મારા પ્રભુજી પધાર્યા,
દયા લાવીને મારા દોષ નિવાર્યા
સંતો પ્રીત કરીને મારા....

કુમ કુમ પુષ્પ વડે વધાવી લીધા,
ઉંચે આસને પછી બેસાડયા સીધા,
પાવલીયા પખાળીને પ્રેમથી પીધા.
સંતો પ્રીત કરીને મારા....

કંકુ લપેટયું ચરણાર્વિંદે અપાર,
હાર ને તોરા હરખે પહેરાવ્યા સાર,
ચાંદલિયો કરી ચિત્ત કર્યું એક તાર
સંતો પ્રીત કરીને મારા....

ધૂપદીપથી રૂડી આરતી ઉતારી,
ધારી ધારીને મેં તો મુરતી ધારી,
સુખની સેર્યો છૂટી ન્યારામાં ન્યારી
સંતો પ્રીત કરીને મારા....

સનમુખ બેસી મેં તો સામુ રે જોયું,
કોટિ જનમનું દુકરીત જોતામાં ખોયું,



પૂરવના બીજબળ વડે મનડું મોહ્યું
સંતો પ્રીત કરીને મારા....

હાથે ઝાલીને મે તો હરિને હલાવ્યા,
પ્રેમી સેવકે પાક ઘણા બનાવ્યા,
કરગરી કહેતાં વાલો આસને આવ્યા,
સંતો પ્રીત કરીને મારા....

ભાતભાતની મેં તો પીરસી રસોઈ,
મોહનજીની મૂરતી જમતાં જોઈ,
જોત જોતામાં હાથ નાખ્યા છે ધોઈ
સંતો પ્રીત કરીને મારા....

એલચીનો મુખવાસ આપ્યો હાથે જ મારે,
કૃપા કરી છે આજ આવી આ વારે
બહાના કાઢયા રે વિના વાત કરી ભારે
સંતો પ્રીત કરીને મારા....

વાતો ચિતોમાં વખત વિતવા લાગ્યો,
ખોયલા દિવસનો ખાંગો હવે જ ભાંગ્યો,
મુનિના મહારાજનો ડંકોરે વાગ્યો
સંતો પ્રીત કરીને મારા....

## ભજન - ૨૨

હું તો કહું છું સંતો તમારે કારણે.
મારે તમારે ઘણી પ્રીત રે, હું તો કહું સંતો તમારે કારણે.... ટેક.

માનવું ન માનવું તમારી મરજી,
આ તો અમારે ઘણી આવી છે અરજી,
તેથી કહેવાનું મન થાય રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧

એકીકરણની ચોપડીઓ આપી,
જાણું જે કેવી રીતે દુઃખ નાખુ કાપી,
કહેતામાં મન મુંઝાય રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૨

સમજીને મુકો તો સારું ઘણું છે,
મારે તો ઘણું ખરું મૂન્ય પણું છે,
નહિ તો ઉપાય ઘણા હાથ રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૩

સામાસામી જે વહેવાર કરવો,
જોઈ વિચારીને પગ જ ભરવો,
આવે નહિ અભાવ રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૪



અભાવથી પછી ઈર્ષા જ થાય છે,
ઈર્ષાથી ભાઈ પછી અવગુણ લેવાય છે,
અવગુણ આવે દ્રોહ થાય રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૫

એતો અપરાધનું ભોગવાય પાપભાઈ,
સમજીને રાખજો સર્વે બાઈ ભાઈ,
પ્રભુથી ક્ષમા ના થાય રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૬

પ્રથમ, ચાર, બાસઠ, ઈકોતેર,
બોત્તેર ને જાણો પંચોતેર,
લોયાનું સોળ સત્તર રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૭

મદયનું પહેલું સત્યાવીસ, અઠયાવીસ,
ચાલીશ, સાઠ, ત્રેસઠે ફાવીશ,
વાંચી જો જો જરૂર રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૮

વરતાલ અગિયાર, ચૌદ ને પંદર,
વાતો લખી છે લાલ એની જ અંદર,
છેલ્લાનું બાર, બાવીશ, પાંત્રીશ રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૯

એ આદિ બીજાં ઘણાં ખરાં છે
અનુસંધાને બીજા નર્યા છે,
વાંચ્યાથી કરો તારણ રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧૦

મુક્તની શિક્ષાપત્રી અગિયારમાં,
વાંચી ને જો જો ભાઈ તમો તે પ્યારમાં,
દોષ કોઈનો ના લેવાય રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧૧

તરંગમાં પણ ઘણું કહ્યું છે,
અઠ્યાવીસમાં દુઃખ થયું છે,
આણંદના ધગટની વાત રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧૨

વહેવારે વઢવાળ થાય ભાઈ જો,
લેવડ દેવડમાં દુઃખ આવે તો,
સગાંની પેઠે ભુલી જાવ રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧૩

મા દીકરી જમાઈ ને આપો જેમ,
ભાણા-ભાણી ને આપો છો તેમ,
રાખો ને એવી રીતે મન રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧૪

તને મને ધને સુખ રહ્યું છે,
કહેવું નો'તું પણ ખરૂં કહ્યું છે,
નહિ તો છેલ્લા નારાયણ રે, હું તો કહું છું સંતો તમારે કારણે....૧૫



## ભજન - ૨૩

જો જો સખી આજ લાભ છે બમણો,
પ્રગટ મળ્યા તને હાલ ને હમણાં.... જો જો....
ઘણેક દૂરથી પ્રભુજી આવ્યા,
અક્ષરધામથી પૃથ્વી પધાર્યા.... જો જો....
બાળપણાની આ છે રે વાતો,
શાંત સ્વભાવે હસમુખા આતો.... જો જો....
નાના હતા ત્યારે ઢોરાંને ચારતા,
ઢોરાં રે ચારતા ને મઢુલી બનાવતા.... જો જો....
રણછોડ માસ્તર એમને ભણાવતા,
એમને ભણાવતા ને કિર્તન બોલાવતા.... જો જો....
ભજન કિરતનમાં બહુ રસ હતો,
કૃષ્ણની ભક્તિમાં ગુણભાવ હતો.... જો જો....
ગુજરાતી છ ચોપડીઓ તે ભણી,
છઠ્ઠી અંગ્રેજી તો બાકી જ રહી.... જો જો....

ગરીબ સ્થિતિએ ભણતર છોડ્યું,
નોકરી કરવા મન જ દોડ્યું.... જો જો....
અચાભાઈની મીલમાં નોકરી રહ્યા,
ગુરુ બબુભાઈ તેમને મળ્યા.... જો જો....
ભાદરણમાં પ્રભુનો મેળાપ કીધો,
નારાયણમુનિનો સંગ સ્નેહ જ કીધો.... જો જો....
વચનામૃત સાર મીલમાં લઈ જતા,
સંચે ભરવતાને મનન કરતા.... જો જો....
વર્તમાન પાળી વરસ તેર ભક્તિ કિધી
ભક્તિ કરતાં તેમાં થઈ બહુ વિધિ.... જો જો....
નારાયણ મુનિના ભીડામાં રહ્યા,
ભીડામાં રહ્યા ત્યારે પ્રભુ રાજી થયા.... જો જો....
બે હજાર દસ પોષ વદી ચોથ
પ્રગટ પ્રભુ વર્યા થઈ મારે ઓથ.... જો જો....
દેહ છોડતાં વાલે સંત સભામાં જોઈ,
ડાહ્યાભાઈ સામે વૃત્તિ પરોવી.... જો જો....



બે ત્રણ મિનિટ એકતાર જોયું,
પછી પ્રભુજીએ એ પાસું જ ફેરવ્યું .... જો જો....
પુરુષોત્તમ વર્યા થઈ સર્વે સિધ્ધિ,
આનંદ ઉલટયોને ગઈ બધી વિધી.... જો જો....
ભાદરણ છોડી વાલો અમદાવાદ આવ્યા,
પંદર દિવસ થતાં કુંજમાં જણાયા.... જો જો....
પ્રેમી જનોના ત્યારે શોક જ ગયા,
પ્રગટ પ્રભુ જ્યારે છત્રાયા થયા.... જો જો....
અક્ષરભુવન બાંધી સમૈયા ભરીયા,
વૈશાખ ભાદરવોને પોષ જ કરીયા.... જો જો....
સોળે શણગાર ધરી દર્શન આપે,
સંત જનોના દુઃખડા રે કાપે.... જો જો....
એવા પ્રભુજીના દર્શન માટે
સંતો સર્વે આવો કુંજની વાટે.... જો જો....

## ભજન - ૨૪

આ પાટે બેઠા પુરુષોત્તમને સામે બેઠા તે સંતો રે,
આસનવાળી બેઠા પુરુષોત્તમ, ધ્યાન ધરે તે સંતો રે.
આ મખમલ મોજડી, ઝાંઝર જોડી, રણઝણે તે સંતો રે,
સોનેરી સુરવાલ જરકશી જામો ઝળાંઝળાં થાય સંતો રે,
આ વેઢ વિંટીને કાંડે ઘડિયાળ, કાંટા ફરે તે સંતો રે,
હાર ગુલાબી ગજરાતોરા મહેંક મહેંકે સંતો રે.
આ પરાવાણીતો પુરુષોત્તમની રસપાન કરે તે સંતો રે,
અમીયલ દૃષ્ટિ મહારાજનીને, એકતાર જુએ સંતો રે,
આ ભાલે ચંદો મોટો શોભે, લાલમલાલ સંતો રે,
ટોપી, તોરા, કલગી, પીંછી, સંતોના શિર મુકુટ એતો.
અક્ષર ભુવનમાં અદ્વૈત સધાયુ, આત્મા પરમાત્મા એક રે,
સોહમ સોહમ નાદ ગુંજેને, એક રસ ચૈતન્ય ધોધ રે.



## ભજન - ૨૫

આવાને આવા ગિરધારી, મુજ આગે રહેજો મુગટધારી
ભાદરણથી વહાલો શાહપુર આવ્યા, અક્ષરભુવનમાં સમૈયા ભરીયા
ભજન કરાવ્યું રાતને દહાડી આવાને આવા....
ચૌદ વરસ પ્રભુ સાથે વસીયા, સદરોને ધોતી સાદા વેશે,
મૂરતી કરાવી ઈદંગ એવી આવાને આવા....
આ સમૈયે તો શણગાર સજતા, જરકશી ટોપીમાં જરદોસી દોરી
તોરા કલગીને પીંછી આવાને આવા....
પાયે મોજડીઓને ઝાંઝર ઝળકે, સોનેરી સુરવાલ જરકશી જામો,
મૂરતી ઝળાંઝળાં થાયે, આવાને આવા....
અભણ જનોને જ્ઞાન જ આપ્યું, મોટી મોટી પદવી અપાવી....
નોકરી ધંધાની બલિહારી આવાને આવા....
રંક જનોને રાય બનાવ્યા, બેઘરને ઘરવાળા કરીયા,
ગાડી વાડી મોટી હવેલી, આવાને આવા....
અંતકાળે સામે રહેજો, માયા મમતા દૂરજ કરજો
દૃષ્ટિ અનિમેષ તમ સામે રહેજો આવાને આવા....
અંતઃકરણની ઈચ્છા મારી, વાણી નથી કંઈ વૈક્રિવિલાશી
કરજો ઈચ્છા પૂરી મારી આવાને આવા....

## ભજન (આરતી) - ૨૬

દયા કરીને દર્શન દો છો નમન કરુ મહારાજ વાલા (૨)
જરકશીયા તમે આજ બનીને,
સુધાર્યાં સરવે કાજ વાલા (૨)
મુખડું જોઈને મોહની લાગી,
શી કહું શોભા આજ વાલા (૨)
મૂર્તિ આવી મનમાં હું ધારુ,
મટાડવા ને દાઝ વાલા (૨)
આવાને આવા ઉરે ઉતારું,
મહેર કરો શિર તાજ વાલા (૨)
વિનયથી વાલા વિનંતી કરુ છું,
વહેલા આવો મુનિરાજ વાલા (૨)



# શ્રી પુરુષોત્તમ મહારાજની આજ્ઞા કંકોત્રી

## (અસલ પરથી)

સંવત ૧૯૯૫ના કારતક સુદી પાંચને શુક્રવાર તા. ૨૮-૧૦-૩૮ને રોજ પુરુષોત્તમના ભાઈબંધ ભાદરણ ભેગા થશે. પાંચ દિવસ રહેશે. આખા ગામને આવવાની રજા છે.

બીજુ જાહેર ખબર જે, જેના કબજામાં રહીએ તે જ ઘડીએ જેમ કહે તેમ કરવું, તો જ તેના તાબામાં રહેવા દે નહિ તો કાઢી મૂકે માટે ભાદરણ જેને આવવું હોય તેને મુખ્ય વાત તો એ જે, પુરુષોત્તમના મુકામમાં રહેવું હોય તો બાઈ-ભાઈ ને ભેગું અડવું, બોલવું, બેસવું, સૂવું નહિ. આ એક વાત તો મુખ્ય છે. ને બીજું જે ઘડીએ જેમ કહે તેમ કરવું પડશે. આવો ઠરાવ હોય તો ભાદરણ આવવું નક્કર આવશો નહિ.

લી. પુરુષોત્તમ મહારાજ

સર્વે હરિભક્તોની સગવડતા પૂરી કરતા, ને બાઈ-ભાઈની સભા જુદી રાખતા, તેમજ ભક્તો શિક્ષાપત્રી પાળે છે કે નહિ તેની દરકાર રાખતા.

(શ્રી નારાયણ મુનિ લીલામૃતમાંથી)

॥ જય શ્રી પુરુષોત્તમ ॥

# સમૈયાની યાદી

## ભાદરણ - મંદિર

૧. મહા સુદ ૪-૫ (વસંત પંચમી) : મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે

૨. ભાદરવા સુદ ૧૪-૧૫ : શ્રી પુરુષોત્તમ મહારાજની સંવત્સરી નિમિત્તે

## બાકરોલ - મંદિર

૩. કારતક સુદ ૧૪-૧૫ (દેવ દિવાળી) : પ્રભુશ્રીની ઈચ્છાનુસાર

૪. વૈશાખ સુદ ૫-૬ : મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે

## ચચેર - મંદિર (છોટા ઉદેપુર)

૫. ચૈત્ર સુદ ૯-૧૦ (રામનવમી) : પ્રભુશ્રીના ઈચ્છાનુસાર

(તા.ક. : આજુ-બાજુના ગામમાં અઠવાડિયા સુધી ભજનનો કાર્યક્રમ થાય છે.

## અઠવાડિક સત્સંગ સભા

શાહપુર મંદિર : રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક

બાકરોલ મંદિર : શનિવારે રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક